।। ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામીને નમઃ ।।

।। અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીને નમઃ ।।

।। ૐ હ્રીં નમો નાણસ્સ ।।



જૈન વિજ્ઞાન

# જૈન વિજ્ઞાન

ભાગ-૧

# પ્રકાશકની કલમે...

જિનેશ્વર પ્રરૂપિત ધર્મ એટલે **જૈન**. આપણા સહુના મહાન પુણ્યોદયે જ સમ્યક્ ધર્મ અને જિનશાસનની પ્રાપ્તિ થઇ છે. **જૈનમ્ જયતિ શાસનમ્** છેલ્લાં બે દસકાથી જૈન ધર્મ વિશે સુક્ષ્મ માહિતીઓનું પ્રસારણ દૈનિક ધોરણે કરતું રહે છે. વિવિધ લેખકો, સંશોધકો અને ઇતિહાસકારો વગેરેના સમન્વયથી તેમજ આપ વાચકોના ઉત્સાહ અને જોડાણથી **જૈનમ્ જયતિ શાસનમ્** દીર્ઘ સમયથી કાર્યરત રહી સફળતા પામી છે. આજે આ ગ્રુપમાં **૫૧૫૯૨** થી વધુ વાચકો જોડાયા છે.

**જૈન વિજ્ઞાન**ના દરેક લેખો નિયમિત **જૈનમ્ જયતિ શાસનમ્** વોટસએપ ગ્રુપમાં પ્રસિદ્ધ થાય છે. ઘણાં વાચકોની વિનંતી હતી કે, અગાઉ પ્રસિદ્ધ થયેલા જૈન વિજ્ઞાનના દરેક લેખોને **ઇ-બુક** તરીકે પ્રસિદ્ધ કરવાનું સૂચન જણાવ્યું જેથી યથોચિત સમયે તેમને ઉપયોગી થઇ શકે. જિજ્ઞાસારૂપ દરેક વિષયો શોધવા તેમજ પુનઃવાચન માટે શરળતા રહે. દરેક જૈન શબ્દો અને તત્ત્વોને ખૂબજ શરળ શૈલીમાં સમજાવવાની કોશિષ જૈન વિજ્ઞાનમાં કરવામાં આવેલ છે.

**શ્રી જીજ્ઞેશ ચંદ્રકાન્ત લોડાયા** જેઓ મારા કલ્યાણ મિત્ર છે અને જૈન શાસ્ત્રોના અભ્યાસી છે. જેમ બંધ કુવામાં પડેલું પાણી દૂર્ગંધ મારે, અનેક જીવોની ઉત્પત્તિ સાથે ઉપદ્રવ વધે તેમજ નદીનું વહેતું પાણી ચોકખું અને નિર્મલ હોય તેમજ કઇક તરસ્યાને તરસ બુઝાવે. તે જ પ્રમાણે જે જ્ઞાન આપણને શ્રુતરૂપે પ્રાપ્ત થયું છે તે સામાન્યજનો પાસે પહોંચે, સરળતાથી સમજાય અને દરેક જીવોને કલ્યાણકારી બને એવી અમારી ભાવના છે.

વર્તમાનમાં જૈનમ્ જયતિ શાસનમ્ વોટસએપ ગ્રુપ મારફતે દૈનિક નવકારશી થી ચૌવિહારના સમય, પચ્ચકખાણ, સ્તુતિ-સ્તવન, ૧૨૦ કલ્યાણકોની માહિતી, કથા મારફતે વિવિધ દ્રષ્ટાંતો, આગમ વિષયના લેખો, વિવિધ તીર્થોની ધ્વજા તિથિ, વિવિધ પર્વો અનુરૂપ પ્રાસંગિક લેખો, જૈન દર્શનની સુક્ષ્મ માહિતી દરેક જૈન વાચકોને રજૂ કરીએ છીએ. જેઓને પણ **જૈનમ્ જયતિ શાસનમ્ વોટ્સએપ ગ્રુપ**માં જોડાવા માંગતા હોય તેઓ **WhatsApp - 8898336677** ઉપર જરૂરથી મેસેજ દ્વારા સંપર્ક કરે તેથી અમે તેમને **Join Group Link** મોકલાવશું. જિનાજ્ઞા વિરાધના થઇ હોય તો ત્રિવિધે ત્રિવિધે કરી મન-વચન-કાયાથી મિચ્છામિ દુક્કડમ્ !

**લિ. સંસ્થાપક - ચેતન લહેરચંદ નાગડા (નલીયા-ડોંબિવલી)**

## પ્રસ્તાવના

**જૈન વિજ્ઞાન** ! જિનેશ્વર પરમાત્માએ ફરમાવેલ ધર્મ એટલે **જૈન**, **વિજ્ઞાન** એટલે વિશેષ જ્ઞાન. **જૈનમ્ જયતિ શાસનમ્** છેલ્લાં બે દસકાથી જૈન ધર્મ વિશે સુક્ષ્મ માહિતીઓનું પ્રસારણ સતત અને દૈનિક ધોરણે કરતું આવે છે. આપણે સહુ જન્મથી જૈન છીએ પરંતું કર્મથી ? તો આપણે કદાચ પ્રત્યુત્તરમાં ના કહીશું. આપણે હજી જૈન ધર્મને પુરી રીતે સમજી નથી શક્યા. રાબેતા મુજબની દૈનિક ક્રિયાઓ જિનેશ્વર દેવની પૂજા, સ્નાત્રપૂજા, ચૈત્યવંદન, ગુરૂવંદન, વ્યાખ્યાન, સામાઇક, પ્રતિક્રમણ પુરતું જ મર્યાદિત રહ્યા છીએ. ક્યારેક આપને પ્રશ્ન થયો હશે કે આ પ્રક્રિયા શું કામ હશે ? તેમાં ઉચ્ચારાતા દરેક શબ્દો એક મંત્ર હોય છે. આપણે જૈન શાસ્ત્રોમાં આવતા દરેક શબ્દોને સમજવાની કોશિશ કરીએ અને આપણને મળેલો ભવ સાર્થક કરીએ !

**જૈનમ્ જયતિ શાસનમ્** ગ્રુપ દ્વારા **જૈન વિજ્ઞાન** માધ્યમથી આપણે દરેક જીવ, તત્ત્વો, શબ્દો, ક્રિયા અને હિંસાને સુક્ષ્મ રીતે તેમજ સરળતાથી સમજીએ. હું જૈન ધર્મનો પ્રચાર નથી કરતો, કેમકે આપ સહુ તેની સારી રીતે જાણો છો. પરંતું, જૈન તત્ત્વોને સરળતાથી સમજાવવા માંગું છું. આપને ખાત્રી આપું છું કે, ક્યારેય નહીં જાણેલી વાતો આપને જૈન વિજ્ઞાન મારફતે અચૂક જાણવા મળશે. હું આપને દરેક જ્ઞાન, જૈન શાસ્ત્રોના આધાર અને આલંબનથી જ પ્રસ્તુત કરીશ. મને આનંદ છે કે, આપનો પણ એટલો જ ઉત્સાહ અને આતુરતાના કારણે લેખ લખવાનો પણ મને વિશેષ આનંદ હોય છે. દરેક લેખ અગાઉ જૈનમ્ જયતિ શાસનમ્માં પ્રસ્તુત થઇ ચુક્યા છે. પરંતું, વાચકોની માંગણીને કારણે ફરી આ લેખને **ઇ-બુક** તરીકે આપ સમક્ષ રજુ કરતાં અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ.

જિનેશ્વર દેવે ફરમાવેલા દિવ્ય જ્ઞાનને સામાન્ય જીવને તેમની જ સરળ ભાષામાં સમજાઇ શકે તેમજ શંકા ન ઉપજે તેવી વાણીનો અતિશય હોય છે. તીર્થંકર પરમાત્માને દરેક જીવની ઉપર કરૂણાનો ભાવ હોય છે, વીતરાગતા હોય છે, તીર્થંકરનામ કર્મના ઉપાર્જનના કારણે તેમને લોક કલ્યાણના ભાવ હોય છે.

એકેન્દ્રિય જીવ થી પંચેન્દ્રિય તિર્યંચ, નારકી, દેવ અને મનુષ્ય જીવને વિશેષ કેવળજ્ઞાનથી સમજાવે છે. પ્રાયઃ કેવળજ્ઞાન પ્રગટ થતાં કેવળજ્ઞાની મહાત્મા મૌન જ રહે છે. એક માત્ર તીર્થંકર નામકર્મના ઉદયવાળા **તીર્થંકર પરમાત્મા** જ **જગદ્ગુરૂ** બની

**'સવિ જીવ કરૂ શાસનરસી'**ની તીવ્ર ભાવના સાથે તીર્થંકરનામકર્મ નિર્જરા કરે છે.

**હે જીવ ! દરેક જીવને સુખ પ્રિય છે તેથી તેમને દુઃખ ન આપ.** દરેક જીવને જાણો અને તેની હિંસાથી બચો. ૧૪ રાજલોકમાં એવી એકેય જગ્યા નથી જ્યાં જીવ હાજર ન હોય ! નિગોદથી જીવ વ્યવહાર રાશીમાં આવતા તેને અનુક્રમે એકેન્દ્રિય થી પંચેન્દ્રિય જીવ બની સંસારમાં ક્ષણિક સુખની પ્રાપ્તિ હેતુથી સતત સંસારનું પરિભ્રમણ કરતો રહે છે, પરંતું તેને ક્યારેય કાયમી સુખની પ્રાપ્તિ થતી નથી. તો પછી કાયમી સુખ ક્યારે ? ૧૪ રાજલોકમાં એકમાત્ર તીર્થંકર પરમાત્મા છે જેમણે શાશ્વત સુખ એવા મોક્ષ પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો છે.

કેવળજ્ઞાન દ્વારા જીવ કેટલા પ્રકારના છે ? નરકભૂમિ, તિરછાલોક અને ઉર્ધ્વલોક કેવા પ્રકારના છે ? પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, નરક, તિર્યંચ, દેવ અને મનુષ્ય વગેરે ૮૪ લાખ જીવાયોની વિસ્તારથી સમજાવે છે. મન-વચન-કાયાથી થતી હિંસાને સમજાવી દરેક જીવ ઉપર કલ્યાણ કરે છે.

વર્તમાનમાં વૈજ્ઞાનિકો દ્વારા જે શંસોધન થયા છે કે થાય છે તે તો માત્ર એક અંશ રૂપ જ છે. એક પદાર્થની શોધ અને સાબિતી કરવામાં વૈજ્ઞાનિકનું આયુષ્ય પૂર્ણ થઇ જાય છે. જ્યારે અરિહંત પરમાત્મા કેવળજ્ઞાન પ્રગટ થતાં જ સમગ્ર જીવ, તત્ત્વ અને પૌદ્ગલિક પદાર્થોને અક્ષરસ સમજી લે છે તેમજ તેમને પ્રત્યક્ષ દેખાય છે. તેઓ જન્મતાની સાથે શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન અને અવધિજ્ઞાન તો હોય છે ! પરંતું સંપૂર્ણજ્ઞાન એવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મૌન હોય છે અર્થાત્ દેશના (પ્રવચન) આપતા નથી.

હું વિશેષ આભાર **જૈનમ્ જયતિ શાસનમ્** વોટસએપ ગ્રુપના **સંસ્થાપક શ્રી ચેતન લહેરચંદ નાગડા (નલીયા-ડોંબિવલી)**નો હૃદયપૂર્વક આભાર માનું છું કે તેમણે ઉદારમને **જૈન વિજ્ઞાન** લેખ પ્રસ્તુત કરવાની અનુમતિ આપી.

જૈન વિજ્ઞાન વિષયે લેખ લખતાં મારા દ્વારા જિનેશ્વર દેવની વાણીની વિરાધના, કાના-માત્રા વગેરે કોઇપણ જાતની શબ્દ ત્રુટિ રહી ગઇ હોય, જિનાજ્ઞાની વિરાધના થઇ હોય તો, હું આપ સમક્ષ **મન-વચન-કાયાથી મિચ્છામિ દુક્કડમ્** કહું છું.

**લિ. જીજ્ઞેશ ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (વારાપધર-ડોંબિવલી)**

## જૈન વિજ્ઞાન - ૧

### જમ્યાબાદ થાળી ધોઇને પીવાનું કારણ :

આપણે ઘણી જગ્યાએ ભોજનશાળામાં સુવિચારમાં વાંચતા હોઇએ છે કે, 'ભોજન કર્યા પછી, થાળી ધોઇને પીવાથી આયંબિલ તપનું લાભ મળે'

વાસ્તવમાં, ભોજનની થાળીમાં રહી ગયેલા ભોજનના કણોથી અસંખ્ય સુક્ષ્મ જીવોની ઉત્પત્તિ માત્ર ૪૮ મિનિટમાં થાય છે, તદુપરાંત ભોજનના કણોને પ્રાપ્ત કરવા બીજા અસંખ્ય સૂક્ષ્મ જીવો પણ આવે છે. એઠાં ભોજનના કણો ગટર કે કચરાપેટીમાં જવાથી, અગણિત જીવોની સતત હિંસા થાળીમાં રહી ગયેલા ભોજનને મેળવવા... તેમજ એક જીવ, બીજા જીવ ઉપર પરાવલંબી હોવાથી, એક જીવ બીજા જીવ ઉપર પ્રહાર કે ઘાત કરીને તેમની હિંસા કરતાં રહે છે. આ બધા જ જીવોના જન્મ અને મરણના દોષ માત્ર ભોજન એઠું કે થાળી પૂર્ણ સાફ ન થવાથી થાય છે. આવા અસંખ્ય જીવોની હિંસાનું પ્રાયશ્ચિત કરવા ઓછામાં ઓછું આયંબિલ તપ કરવું પડે છે. તે પણ દિવસમાં જેટલી વાર ભોજન કરીએ તેટલી વાર!

**જૈન વિજ્ઞાન - ૨**

## સ્વસ્તિકનો મહિમાનું સંક્ષિપ્ત વર્ણન:

જિનેશ્વર દેવની પૂજા કર્યા બાદ અષ્ટપ્રકારી પૂજાના એક અંગમાં સ્વસ્તિકનું વિધાન આવે છે. પાટલા ઉપર સ્વસ્તિક, ત્રણ ઢગલી અને ચંદ્ર આકારે થતું વિશેષ કાર્ય જેનો અર્થ :

સ્વસ્તિક હંમેશા સફેદ અક્ષત (અખંડ ચોખા)થી થાય છે. સ્વસ્તિકની દરેક પાંખડી ચાર અલગ અલગ દિશામાં જાય છે. જેનો ઉદ્દેશ છે જીવની ચાર ગતિનું નિવારણ. નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ આ ચારે ગતિમાં દરેક જીવોનું ભ્રમણ એ સંસારી જીવોને હોય છે.

સ્વસ્તિક ઉપર ત્રણ ઢગલી એ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું સુચક છે. જેને જૈન દર્શનમાં રત્નત્રય કહેવાય. તેના ઉપર ચંદ્ર આકારે જણાતું ચિન્હ સિદ્ધશીલાનું પ્રતિક છે તેના ઉપર ગોળ ઢગલી એ સિદ્ધભગવંતનું પ્રતિક છે.

આ સ્વસ્તિક, માત્ર પૂજાનું વિધાન પૂરતું જ નહીં! પરંતું એ વાસ્તવમાં સિદ્ધ યંત્ર છે. એમાં હૃદયના ભાવે તારક તીર્થંકરને સ્તુતિ થાય છે. હે કરુણાના સાગર! સંસારની ચાર ગતિનું નિવારણ કરી રત્નત્રયી એવા સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિ આપ જેનાથી હું શાશ્વત એવું સુખ અને સિદ્ધત્વ પામું.

## જૈન વિજ્ઞાન-૩

### અક્ષત (ચોખા)ની વિશેષતા:

જૈન દર્શનમાં અક્ષતનો મહત્તમ ઉપયોગ હોય છે. અક્ષત વગરનું સ્વસ્તિક, જિનેશ્વર દેવને વધામણાં, યંત્રો, અષ્ટપ્રકારી પૂજા, આયંબિલ, ગંહૂલી, અનુષ્ઠાનોની કલ્પના અશક્ય છે. તો પછી બીજા ધાન્યો નહીં પણ અક્ષત જ શું કામ ?

એક માત્ર અક્ષત(ચોખા) અચિત્ત છે. ચોખામાંથી ક્યારેય અંકુર ફૂટે જ નહીં. સફેદ વર્ણ છે, સમ્યકતાનું પ્રતિક છે. વિવિધ અનાજના એકેક કણમાં એક જીવ હોય છે. અહીં જિનેશ્વર દેવને અક્ષતના વધામણા કરીને હૃદયના એવા શુભ ભાવથી વિનંતી કરીએ છીએ, હે નાથ ! અનંત જન્મોથી સંસારનું સતત પરિભ્રમણ કરુ છું, જન્મ-મરણથી હું થાક્યો છું. હવે તારું શાસન મળ્યા પછી મારો જન્મ-મરણ પરંપરા ક્યારે અટકશે ? જેમ અક્ષતમાંથી જીવ સંભવ નથી, હવે તેમાંથી ઉત્પત્તિ નથી તેમ મને પણ અજન્મા બનાવજે. મને પણ અજન્મા સ્વરુપ સિદ્ધત્વની પ્રાપ્તિ અપાવજે !

### જૈન વિજ્ઞાન-૪

## તારક તીર્થંકરને ત્રણ પ્રદક્ષિણા શું કામ ?

આપણે જિનાલયે જઇએ, નિસિહી! નિસિહી!! નિસિહી!!! કહી જિનાલય પ્રવેશ કરીએ. જિનેશ્વર દેવને પૂજા કરતાં પહેલાં કે પછી ત્રણ પ્રદક્ષિણા જિનેશ્વર દેવને કરીએ છીએ તેના પાછળનું મુખ્ય કારણઃ

જિનેશ્વર દેવને ત્રણ જ્ઞાન જન્મથી જ હોય છે. તે શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન અને અવધિજ્ઞાન. દિક્ષા લેતી વખતે પંચમુષ્ટિ લોચ કરી, સર્વવિરતિ વ્રત લેતાં જ તેમને ચોથું જ્ઞાન સ્વયંમેવ પ્રગટ થાય છે. તે છે મનઃપર્યવજ્ઞાન ! પાંચમું જ્ઞાન મેળવવા ચાર ઘાતિ કર્મોનો ક્ષય કરવો પડે છે. ચાર ઘાતિ કર્મોનો ક્ષય થતાં જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. સૌધ્રમેન્દ્રના આદેશથી સમવસરણની રચના દેવો દ્વારા થાય છે. અરિહંત પરમાત્મા સમવસરણમાં દેશના (વ્યાખ્યાન, પ્રવચન) દેવા ઉપરના ગઢમાં પધારે છે.

જે સ્થાને તેમને બિરાજમાન થવાનું છે તે પહેલાં **'ણમો તિત્થસ્સ'** કહી ત્રણ પ્રદક્ષિણા આપે છે. એટલે તીર્થને નમસ્કાર હોજો. તીર્થને પ્રાધાન્ય આપે છે. હવે પછીથી તેઓ તીર્થંકર કહેવાય છે.

આજ પ્રક્રિયાનું આલંબન લઇ, જિનેશ્વર દેવને ત્રણ પ્રદક્ષિણા આપી એવી સ્તુતિઓ ભાવથી ગાઇએ છે, હે દેવાધિદેવ! સંસારની મહાઅટવીમાં (વિશાળ જંગલ) અનંત ભવોથી ભટકી રહ્યો છું. મને કોઇ જ દિશા દેખાતી નથી. તીર્થ સ્વરુપા, તીર્થંકર પરમાત્મા ! હવે તો મને આપનું શાસન પ્રાપ્ત થયું છે. હવે મને આ સંસારના મહા દુઃખોથી મુકત કરાવ! જ્યાં આપ પરમપદ પામ્યા છો ત્યાં મને પણ સ્થાન અપાવ.

## જૈન વિજ્ઞાન-૫

# જિનેશ્વરને પક્ષાલમાં દૂધનું મિશ્રણ શું કામ ?

પ્રભુના જન્મ થતાં જ સૌધર્મ દેવલોકના ઇન્દ્ર સૌધર્મેન્દ્ર દેવ સહપરિવાર સાથે સમસ્ત દેવલોકના દેવો ભગવાનને જન્મ અભિષેક કરવા માટે પૃથ્વી ઉપર પધારે છે. બાળ પ્રભુને સ્તુતિ કરી આદરપૂર્વક મેરુશિખરે જન્મ અભિષેક કરવા લઇ જાય છે.

પ્રભુના સ્નાનના વિધાનમાં વિવિધ સુગંધી જડીબુટ્ટીઓ, માટી, તીર્થક્ષેત્રના પાણી, પવિત્ર નદીના પાણી, ત્રિવેણી સંગમના પાણી, સરોવર, કુંડના પાણી, વિવિધ સમુદ્રના પાણી, તીર્થક્ષેત્રના કુંડના પાણી, સૂવર્ણ, ચાંદી, રત્નના ચૂર્ણ (પાવડર) વગેરે વિવિધ પ્રકારના કળશો તૈયાર થાય છે. તેની સાથે વિવિધ સમુદ્રના પાણીમાંના એક ક્ષીરસમુદ્રનું પાણી સેવક દેવતાઓ સૌધર્મેન્દ્ર દેવના આદેશથી લઇને આવે છે. ક્ષીર એટલે દૂધ, દૂધનો વર્ણ સફેદ હોય. ક્ષીરસમુદ્રનું પાણી એ સફેદ રંગનું પાણી હોય છે !

આજ પ્રક્રિયાનું આલંબન લઇ, આપણે ભગવાનનું અભિષેક કરીએ છીએ ત્યારે આપણી પાસે ઉપલબ્ધ પાણીમાં ગાયના દૂધની થોડીક માત્રા ભેળવી, દૂધ પાણીમાં સફેદ રંગ આપવાનું કાર્ય કરે છે તેમજ ગાયનું દૂધ પવિત્ર હોય છે.

ભગવાનના પક્ષાલ કરતી વખતે એવી શુભ ભાવના ભાવીએ છીએ હે દીનાનાથ ! હું આપનું દિવ્ય સ્નાત્ર અભિષેક મેરુશિખરે ઇન્દ્ર બની કરી રહ્યો છું. મારામાં ઇન્દ્ર બનવાની યોગ્યતા તો નથી પરંતું ૬૪ ઇન્દ્રોને પ્રગટ થયેલા શુભ ભાવોની જેમ હું આપનું અભિષેક કરવા પ્રેરાયો છું તેમજ તત્પર છું.

**નોંધ :** પક્ષાલ માટેનું પાણી માટે દૂધની માત્રા થોડીક જ હોવી જોઇએ, દૂધની વધુ માત્રાથી પ્રભુની પ્રતિમા ઉપર સુક્ષ્મ જીવોની ઉત્પત્તિ થાય છે તેમજ કીડીઓ પ્રભુ પ્રતિમા ઉપર આવે છે તેથી દોષનું કારણ બને છે. તેનું વિશેષ ધ્યાન રાખવું જરુરી છે.

### જૈન વિજ્ઞાન-૬

## સ્નાત્ર પૂજામાં દર્પણનું વિધાન શું કામ ?

પ્રભુના જન્મ થતાં જ સૌધર્મેન્દ્ર દેવ સહ પરિવાર બાળ પ્રભુને સ્નાત્ર અભિષેક કરવાને પૃથ્વી લોક (તિર્છાલોક) માં પધારે છે. અત્યંત હર્ષભીના અને ભાવવિભોર થઇ બાળ પ્રભુ સમક્ષ સ્તુતિ કરે છે. પ્રભુને મેરુશિખરે જન્મ અભિષેક કરવા માટે વિનંતી કરી દેવેન્દ્ર માતાને અવસ્વાપિની વિદ્યાથી સુખરુપ નિદ્રાધીન કરે છે. બાળ પ્રભુને મેરુશિખરે જન્મ અભિષેક કરવા લઇ જવાથી માતા પાસે બાળ પ્રભુ ન હોય તો સેવિકાજનોથી વ્યાકુળ, ચિંતાગ્રસ્ત કે શોકગ્રસ્ત પ્રસંગ બની શકે. તેના પ્રતિક રુપે દેવલબ્ધિથી બાળપ્રભુના પ્રતિક સ્વરુપને ત્યાં સ્થાન અપાય છે.

આ વિધાનનું આલંબન લઇને સ્નાત્ર મહોત્સવમાં દર્પણનું વિધાન આવે છે. જેમાં દર્પણ (આરીસો)માં પ્રભુનું સ્વરુપના જ દર્શન થાય છે.

## જૈન વિજ્ઞાન-૭

# જિનેશ્વર દેવને નવ અંગે પૂજા માટે ચંદનનો ઉપયોગ શું કામ ?

જિનેશ્વરની પ્રતિમાજીના ૯ અંગે કુલ ૧૩ તિલક થાય છે. તેમાં ૧) પગના અંગુઠા-૨, ૨) પગના ઘૂંટણ-૨, ૩) હાથ-૨ ૪) ખભા-૨, ૫) નાભિ-૧, ૬) હૃદય-૧, ૭) કંઠ-૧, ૮) કપાળ-૧, ૯) શિખા-૧નો સમાવેશ થાય છે.

સુખડ-ચંદનએ ઉચ્ચ ગુણવત્તા ધરાવતું, શીતળતા (ઠંડક) પ્રદાન કરતું, સુગંધી તેમજ નિર્દોષ દ્રવ્ય છે. તેમાં જીવોના ઉપદ્રવ પણ થતાં નથી.

જિનેશ્વર દેવને ચંદન પૂજા કરતાં શીતળતા સાથે સુગંધ પ્રભુજીને અર્પણ કરીએ છીએ. જિનેશ્વર દેવને કરેલી ચંદન પૂજા ફળ સ્વરૂપે આત્માના રાગ-દ્વેષને શાંત કરે છે. આત્માને શીતળતા અપાવે છે. અશાતા વેદનીય કર્મને ક્ષીણ કરે છે. પરિણામે શરીરને શાતા પહોંચે છે. આવો દિવ્ય પ્રભાવ પ્રભુજીને ચંદન પૂજા કરતાં થાય છે.

**નોંધઃ** પ્રભુ ભકિતના ભાવ સાથે ચંદન પૂજા કરવી. ફળની અપેક્ષાએ પૂજા કરવી ઉચિત નથી. ચંદન (સુખડ) જેટલું જુનું તેટલું જ સુગંધી અને ઉત્તમ.

## જૈન વિજ્ઞાન-૮

# જિનાલયે પૂજા કરવા જઈએ ત્યારે ઊગાડા પગે જવા પાછળનું કારણ ?

જિનાલયે તારક તીર્થંકરની પૂજા કરવા જઈએ ત્યારે આપણા કેવા શુભ ભાવ હોય છે ! સાક્ષાત પ્રભુની સાથે મિલનના શુભ ભાવ હોય છે. પ્રભુને સ્પર્શનાનો એક તીવ્ર આનંદ હોય છે. પ્રભુજીને હ્રદયથી ભેટવાનો અનેરો આનંદ હોય છે. એક આત્મિક આનંદની અવર્ણનીય ખુશી હોય છે. પ્રભુની પૂજા કરવાથી ઉદયમાં આવેલા અશાતા વેદનીય કર્મનો ક્ષય થતાં શારીરિક, આત્મિક અને માનસિક શાતા પણ મળે છે.

જિન પૂજા કરતાં વિશેષ ધ્યાન જયણાનું રાખવાનું હોય છે. કોઇપણ જીવની હિંસા અશુભ કર્મને ઘટાડવાને બદલે વધારી શકે છે, આ નિયમ શાશ્વત છે.

પગના તળિયાની ચામડી નરમ હોય છે. અજાણતાં કોઇ જીવ પગની નીચે આવી જાય તો પણ તે નરમ ચામડીથી બચી જાય છે. જ્યારે પગરખાં પહેરીને ચાલવાથી તો સુક્ષ્મ જીવોનું મરણ નિશ્ચિત જ છે.

## જૈન વિજ્ઞાન-૯

# સામાઇક માત્ર ૪૮ મિનિટનું શા માટે હોય છે ?

સામાઇક માત્ર બે ઘડી⌛નું હોય છે. પહેલાના સમયમાં ઘડીનો વપરાશ થતો. સુક્ષ્મ રેતી ભરેલા કાંચનું સમયની જાણકારી બતાવતું નિર્દોષ ઉપકરણ⌛જેમાં ઘડીના ઉપરના ભાગેથી રેતીના કણો નીચેની ઘડી તરફ જાય. તે માટે કુલ સમય ૨૪ મિનિટનો સમય લાગતો. ફરી તે ઘડીને ઉલટી કરતાં આ જ પ્રક્રિયા પુનઃ થતાં બીજી ૨૪ મિનિટ લાગતી. આમ બે ઘડીની પ્રક્રિયા પૂર્ણ થતાં કુલ ૪૮ મિનિટનો સમય થાય !

આ તો પ્રાચિન ભૌતિક વિજ્ઞાન હતું. સમયે સમયે તેમાં ફેરફાર થતાં ગયા અને ૬૦ મિનિટની ઘડી થઇ. આધ્યાત્મિક જગતમાં કોઇ પણ જીવની એકાગ્રતા માત્ર ૪૮ મિનિટ સુધી જ રહે, પછી તેનું ધ્યાન ભંગ થાય જ. આ સિદ્ધાંત કેવળજ્ઞાની ભગવંતથી લઇ દરેક છદ્મસ્થ જીવોને પણ લાગુ પડે છે, તેમજ દરેક જીવની એકાગ્રતા માત્ર ૪૮ મિનિટ સુધી જ ટકે, પછી તેમનું ધ્યાન અને મન ચલિત થાય જ.

## જૈન વિજ્ઞાન-૧૦

## નવકારવાળીના મણકાં ૧૦૮ શા માટે હોય છે ?

નવકારના કુલ પદ ૯, સ્થાનકવાસી સમાચારી પ્રમાણે નવકારના પદ-૫ હોય છે. પ્રથમ પાંચ પદ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર થાય છે. બાકીના ચાર પદો ઉપરોકત પાંચ પદોના પ્રભાવ, સ્તુતિ અને મહિમા હોય છે.

પ્રથમ પદ શ્રી અરિહંતના ૧૨ ગુણ હોય છે. બીજુ પદ શ્રી સિદ્ધના ૮ ગુણ હોય છે. ત્રીજુ પદ શ્રી આચાર્યના ૩૬ ગુણ હોય છે. ચોથું પદ શ્રી ઉપાધ્યાયના ૨૫ ગુણ હોય છે અને પાંચમું પદ શ્રી સાધુના ૨૭ ગુણ હોય છે. દરેક ગુણો અજોડ હોય છે. પાંચ પદોના ગુણોનો સરવાળો (૧૨+૮+૩૬+૨૫+૨૭=૧૦૮ ગુણ) થાય છે.

નવકારવાળી ફેરવતાં દરેક ગુણે કુલ ૧૨ નવકાર ગણાય છે અથવા એકેક ગુણે ગણતાં ૧૦૮ નવકાર પણ ગણાય, નવકારવાળીના એકેક મણકે એકેક ગુણોની સ્તુતિના ભાવનો સમાવેશ હોય છે.

## જૈન વિજ્ઞાન-૧૧

## જૈન દર્શનમાં પચ્ચકખાણ શા માટે લેવાના હોય છે ?

જૈન દર્શનમાં પચ્ચકખાણ શબ્દથી સહુ પરિચિત હોય છે. જેઓ જાણે છે અને સમજે છે તેઓ તેનો સ્વીકાર કર્યો છે. પ્રાકૃત ભાષામાં પચ્ચકખાણ, સંસ્કૃત ભાષામાં પ્રત્યાખ્યાન, વ્યવહારિક ભાષામાં પાપના યોગની પ્રતિજ્ઞા અથવા સાવદ્ય યોગોનો ત્યાગ. સામાન્ય ભાષામાં આપણે પ્રતિજ્ઞા કે નિયમ કહીએ છીએ.

જીવ જન્મે છે ત્યારે પૂર્ણ રીતે સ્વતંત્ર હોય છે. તેને જીવન જીવવાની સાથે દરેક ક્રિયા કરવાની આઝાદી હોય છે. દરેક શુભ કે અશુભ કાર્ય સ્વતંત્ર પણે કરી શકે છે. શું કરવું અને શું ન કરવું એ તેનું ભાન તેને વિશેષ હોય છે. એટલે તે જીવ દરેક દિશા, ભોજન, ક્ષેત્ર કે પ્રદેશે આવવાની કે જવાની ક્રિયા, સારી કે ખરાબ ભાષા સાંભળવા, સારી કે ખરાબ દ્રષ્ટિ, સારું કે ખરાબ બોલવાની ભાષા, ભૌતિક સુખો મેળવવા હિંસક કાર્યોને સ્વતંત્ર પણે પાંચ ઇન્દ્રિયથી સ્વીકાર કર્યો છે. એટલે તે ૧૮ મુખ્ય પાપ સ્થાનકથી સતત ઘેરાયેલા રહે છે.

હવે આ કુદરતી આઝાદી તેના માટે નુકસાનકારક સાબિત થાય છે એટલે કે તેનું સંસાર પરિભ્રમણ વધે છે તેમજ મહાદુઃખો વધારે છે. તેનાથી બચવા તેણે દેવ-ગુરુની સાક્ષીએ પોતાની જીવન જરુરીયાત મર્યાદા, કે પ્રત્યેક વિષયોની મર્યાદા, અંશિક સંકલ્પો કે નિયમો ધ્યાનમાં રાખી પચ્ચકખાણ લેવાનું હોય છે.

પચ્ચકખાણ લેવાથી જીવ હિંસાથી બચે છે અને આત્માની પ્રગતિ થાય છે અનુક્રમે હળુકર્મી બની મોક્ષ લક્ષ્યની પ્રાપ્તિ તેને સરળતાથી કરાવે છે.

### જૈન વિજ્ઞાન-૧૨

## જીવ મરે છે ત્યારે સાથે શું લઇ જાય છે ?

જીવ સમગ્ર જીવન દરમ્યાન સમ્યક્ પ્રકારે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું ઉપાર્જન કરે છે. તેમાંથી માત્ર સમ્યક્ (સત્ય, સાચું) જ્ઞાન અને સમ્યક્ દર્શન જીવના કાર્મણ શરીર (કર્મનું આત્મા સાથે એકમેક થવું) સાથે આવે છે.

ચારિત્ર (દીક્ષા) અને તપ વર્તમાન શરીર સાથે સમાપ્ત થઇ જાય છે. વર્તમાન ભવમાં તપ, કર્મનિર્જરા (કર્મ ક્ષય) કરવામાં સહાયક બને છે. ચારિત્ર, સર્વવિરતિના કારણે આત્માની ઉન્નતિ કરાવે છે સાથે સંયમ સાધના સાથે જીવને હળુકર્મી બનાવી મોક્ષ લક્ષ્યને પાર પાડી શકે છે. તે બીજા ભવમાં સાથે નથી આવતું. કર્મ અનુસાર જીવની ચાર ગતિ થાય છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. પાંચમી ગતિ માત્ર કેવળજ્ઞાની ભગવંતોને હોય છે, તે મોક્ષ ગતિ. ત્યાં ચારિત્ર અને તપનું કોઇ પ્રયોજન હોતું નથી.

જીવ વર્તમાન ભવમાં મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શનથી વર્તમાન જીવન તો બરબાદ કરે છે સાથે કાર્મણ જીવ બની બીજા ભવે પણ સાથે આવે છે અને તેનું પતન અને મહા દુઃખો આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. નરક, તિર્યંચ અને દેવ ચારિત્ર લઇ શકતા નથી. તેઓ માત્ર પોતાની જીવન અવસ્થા પૂર્ણ કરી ફરી સંસાર પરિભ્રમણ કરતા રહે છે.

## જૈન વિજ્ઞાન-૧૩

# ડુંગળી, બટાકા, લસણ, આદુ, ગાજર, બીટ, રતાળુ જેવા વિવિધ શાકભાજી અભક્ષ્ય શા માટે ?

ડુંગળી, બટાકા, લસણ, આદુ જેવા વિવિધ કંદમૂળ શાકભાજીઓ શાકાહારી તેમજ માંસાહારી મનુષ્યોમાં લોકપ્રિય હોય છે. વનસ્પતિ જીવોના બે પ્રકાર હોય છે. પ્રત્યેકકાય અને અનંતકાય. જમીનમાં નીચે ઉગતા કંદમૂળ, દરેક ઉગતી વનસ્પતિના પ્રથમ બે પાંદડા, ફણગાવેલા કઠોળ, પાંચ વર્ણની ફુગ આવી અગણિત વનસ્પતિઓ અનંતકાય વનસ્પતિ કહેવાય.

અનંતકાય એટલે જેમાં આત્માઓની સંખ્યા અનંત હોય અને તેઓ બધા મળીને તેમનું શરીર માત્ર એક હોય છે. જેમાં ચાકુથી કાપતાં જ એક સાથે અનંત જીવો ક્ષણવારમાં મૃત્યુ પામે છે. માટે અનંતકાય વનસ્પતિઓ અભક્ષ્ય કહેવાય.

અનંતકાય વનસ્પતિમાં સોઇના અણી જેટલાં ભાગમાં, પ્રત્યેક આત્માને જો બોર જેટલું આકાર (શરીર) આપવામાં આવે તો આખુંય જંબુદ્વિપ ક્ષેત્ર (એક લાખ યોજન ક્ષેત્રફળ ધરાવતું વિસ્તાર) ઠસોઠસ ભરાઇ જાય.

આવી ઘણી જ વનસ્પતિ છે. જેમાંથી થોડીક વનસ્પતિની માહિતી આપણને હોય છે. બાકી શાસ્ત્રમાં તેના ઓળખનું વિધાન છે. જેના મૂળ જમીનમાં હોય, જેની ગાંઠો ગુપ્ત હોય, પાંદડાંમાં નસો ગુપ્ત હોય, મુળાના પાંચ અંગ (મૂળ, પાંદડાં, ફૂલ, મોગરી અને બીજ), ફુગ જેવા જીવ વિજ્ઞાનને બારીકાઇથી સમજવું જરુરી છે.

આવી જાતના અનંતકાય વનસ્પતિનો આયુર્વેદ શાસ્ત્રમાં વધુ પ્રમાણમાં ઉપયોગ થાય છે.

### જૈન વિજ્ઞાન-૧૪

## જિનાલયે દર્શન કરતાં જરુરી સાવધાની

જિનાલયે તારક તીર્થંકરની પૂજા કરવા, ભકિત કરવા કે દર્શનાર્થે જઇએ છીએ. ખૂબજ અહોભાવથી, હૃદયના શુભ ભાવથી પ્રભુ ભકિતએ સમર્પિત થઇએ છીએ.

જિનેશ્વર દેવને દર્શન કરવા દેવ સમક્ષ ઉપસ્થિત થઇએ ત્યારે આપણે આગળ હોઇએ તે વખતે આપણી પાછળ બેઠેલા ભકતોને પણ પ્રભુ દર્શનમાં અંતરાય ઊભો થાય છે. અજાણતાં દર્શનાંતરાય કર્મ બંધાય છે. તેથી દર્શન કરતાં વિશેષ ધ્યાન રાખવાનું હોય છે. આપણી સાથે બીજા અન્યોને દર્શન થઇ શકે તેનું પણ વિવેક રાખવાનું હોય છે.

દર્શનાંતરાય કેવી રીતે ઉદયમાં પોતાનો ભાગ ભજવે છે? દર્શનાંતરાય જ્યારે ઉદયમાં આવે ત્યારે જિનાલયે કે તીર્થ ક્ષેત્રે કોઇને કોઇ કારણે દર્શન કરવાની ઇચ્છા થતી નથી, કોઇપણ જાતના કારણ આગળ આવી દર્શન કરતાં આપણને રોકે, કોઇક વાર તીર્થયાત્રા કરવા જવાના ભાવ આવે અને કોઇ કારણથી તીર્થયાત્રાથી વંચિત રહી જાય આવા અનેક કારણો ઉપસ્થિત થાય છે.

## જૈન વિજ્ઞાન-૧૫

# નિસિહી ! નિસિહી ! ! નિસિહી ! ! ! કહી જિનાલય પ્રવેશ શા માટે ?

જિનાલયે જવાનો સુંદર ભાવ આવે છે. તારક તીર્થંકરની દિવ્ય પ્રતિમાના દર્શન કરવા મન તરસે છે. પરંતું મન એટલા પૂરતું જ સ્થિર રહેતું જ નથી. મન સદાય ચંચળ રહે છે. એક ક્ષણમાં જ કોઇપણ ક્ષેત્રમાં જઇને આવે છે. ક્ષણિકભરમાં રાગ અને દ્વેષ પણ પ્રગટ થઇ જાય છે. મનુષ્ય એક ક્ષણમાં શુભ વિચારમાં મરે તો શુભ મનુષ્ય ગતિ અથવા દેવગતિ પામે, પરંતું અશુભ ભાવ આવે તો એકેન્દ્રિયથી તિર્યંચગતિ અથવા નરકગતિ પણ પામી શકે ! આવું અદ્રશ્ય ઇન્દ્રિય મન આપી શકે.

જિનાલયે જવાના સુંદર ભાવ સાથે સંસાર ત્યાગના ભાવ અને જિનાજ્ઞા શિરોમાન્ય કરવાની હોય છે. હે ! સંસાર સમુદ્રના તારણહાર દેવ ! હું સંસાર ત્યાગ કરી આપના દર્શનાર્થે ઉપસ્થિત થયો છે. પ્રભુને ત્રણ વાર વચન આપતા નિસિહી ! નિસિહી ! ! નિસિહી ! ! ! કહી જિનાલય પ્રવેશ કરીએ છીએ, સાથે એવી ભાવના ભાવીએ છીએ... હે પ્રભુ ! હું સંસાર ત્યાગના શુભ ભાવ સાથે ઉપસ્થિત થયો છું તેવું જ પરિણામ મને આપ.

**નોંધઃ** અજાણતાં ઘણાં જ શ્રાવકો-શ્રાવિકાઓ જિનાલયમાં એકબીજાને ઘણાં જ દિવસે મળ્યા હોય તેમ સંસારી વાર્તાલાપથી એકબીજાના સમાચાર જાણતાં હોય છે જે ઉચિત નથી. મહાદોષ નિર્માણ કરે છે તેમજ બીજાને અંતરાયરુપ બને છે.

### જૈન વિજ્ઞાન-૧૬

## દેવો સામાઇક કેમ કરી શકતા નથી ?

દેવલોકમાં જન્મનારા દેવો માત્ર સુખ ભોગવી શકે છે. મહાપુણ્ય, મહાતપથી, વિવિધ શુભ કર્મોના ઉપાર્જનથી દેવગતિ પ્રાપ્ત થાય. ત્યાં સુંદર દેહ, સુખરુપ મોટું આયુષ્ય, સુંદર સંગીત સાથે મનોરંજન, આનંદ અને ભોગવિલાસમાં જીવન પસાર કરે છે.

તેમાં પણ સમ્યક્ પ્રાપ્ત દેવતાઓ જ્યારે પણ સમવસરણની રચના થાય છે, ત્યારે તીર્થંકર પરમાત્માની વાણી સાંભળવા ઉપસ્થિત થાય છે. પ્રભુની દિવ્યવાણી હૃદયના શુભ ભાવથી સાંભળે છે તેમજ પ્રભુ ભકિત તન અને મનથી કરવા સદાય ઉત્સુક હોય છે પરંતું તેઓ સામાઇક નથી કરી શકતા.

દેવનું મન, મનુષ્ય સમાન હોય છે. તેમને પણ આપણી જેમજ સાંસારિક વિચારો સતત આવતા જ રહે છે. મનુષ્ય સામાઇક કરે ત્યારે એક જગ્યાએ સ્થિર રહી શકે છે. જ્યારે દેવ સામાઇક કરવા જાય અને જેવા તેમને વિચાર આવે તેવું પરિણામ તેમની સમક્ષ ઉપસ્થિત થાય એટલે કે કોઇક દેવને મળવાની ઇચ્છા થાય એટલે તેની સમક્ષ ઉપસ્થિત થઇ જાય. કોઇક ક્ષેત્રે જવાની ઇચ્છા થાય અને ક્ષણવારમાં ત્યાં ઉપસ્થિત થાય. આ પ્રમાણે ભોજન, મનોરંજન, ભોગવિલાસ, ફરવાની, આનંદ, રમતગમત વગેરે તેનાથી થાય, આમ તેને રાગ અને દ્વેષ થાય તો તે જ સ્વરુપે પરિણામ આવે. સમ્યક્ દેવ હોવા છતાં પણ તેઓના સામાઇક થઇ શકતા નથી.

## જૈન વિજ્ઞાન-૧૭

# જિનેશ્વર દેવને ચામર નૃત્ય શા માટે ?

જિનેશ્વર દેવ વીતરાગી દેવ છે. તેમને કોઇ જીવ પ્રત્યે રાગ નથી, કોઇ જીવ પ્રત્યે દ્વેષભાવ નથી. તેમના માટે ગરીબ અને શાહુકાર પણ સમાન છે. તેમના માટે તિર્યંચ, મનુષ્ય અને દેવ પણ સમાન છે. કોઇ ઉચ્ચ નથી કોઇ નીચ નથી. સહુ પ્રત્યે સમભાવ અને કરુણા છે. આવા શુભ ભાવ ધરાવતા તારક તીર્થંકરની મહિમા અપરંપાર છે.

દેવો પ્રભુના આ દિવ્યગુણોને સારી રીતે જાણે છે. તેમની દિવ્યશકિતને સારી રીતે જાણે છે. તેમના દિવ્યજ્ઞાનને સારી રીતે જાણે છે. મનુષ્યો અને તિર્યંચો તેમની વિશેષ પ્રતિભાથી અજ્ઞાત છે. આથી પ્રભુના જન્મ થતાં જ ૬૪ ઇન્દ્રો સહ પરિવાર તેમજ તેમના દેવલોક વાસીઓ સાથે સહર્ષ પધારે છે. સહર્ષ ખુશીથી ચામર નૃત્ય કરે છે તેમજ પ્રભુને સેવાના અહોભાવ સાથે સતત ચામર ઢાળે છે. આજ પ્રક્રિયા કેવળજ્ઞાન પ્રગટ થતાં પ્રભુના નિર્વાણ પર્યંત આવી સતત સેવા અને આનંદ તેમને હોય છે. આજ ચામર વિધાનનું અષ્ટ મહાપ્રતિહાર્યમાં સમાવેશ હોય છે.

આજ પરંપરાનું આલંબન લઇ, જિનાલયમાં, મહોત્સવ અને વિવિધ અનુષ્ઠાનોમાં જિનેશ્વર દેવની સેવા અને ભકિતના અહોભાવથી ચામર નૃત્ય અને ચામર ઢાળીએ છીએ.

### જૈન વિજ્ઞાન-૧૮

## જિનાલય પ્રવેશ કરતાં પહેલાં તિલકનું વિધાન:

જિનાલયે શુભભાવથી તારક તીર્થંકરની દર્શન અને પૂજા કરવા જઇએ છીએ. જિનાલય પરિસરના પ્રવેશદ્વારે નિસિહી! નિસિહી!! નિસિહી!!! કહી જિનાલય તિલકઘરમાં પ્રવેશીએ છીએ. સહુ પ્રથમ જિનેશ્વર દેવના દર્શન કરતાં પહેલાં તિલકનું વિધાન છે. કેસર મિશ્રિત ચંદન (સુખડ)નું તિલક થાય છે. શ્રાવકો જ્યોત આકારનું (ઊભું) તિલક અને શ્રાવિકાઓ ગોળ તિલક કપાળે આજ્ઞાચક્ર સ્થાને કરવાનું હોય છે.

હૃદયના શુભ ભાવથી, હે પ્રભુ ! આપની આજ્ઞા મને શિરોમાન્ય છે ! એટલે કે, જિનાજ્ઞાનું હું મન-વચન-કાયાથી પાલન કરીશ. આ ક્રિયા પછી જ બીજી નિસિહી ! નિસિહી ! ! નિસિહી ! ! ! કહી જિનાલયે પ્રવેશ થાય છે.

તિલક લગાડતાં જ આપણે વચને બંધાતા જ  પ્રભુની સેવાએ સમર્પિત ગુરુ ગ્રહની સ્વયંમેવ કૃપા વરસે છે. જ્ઞાન મજબૂત થાય છે. શ્રદ્ધા અતૂટ વધે છે, કપાળે ચંદન તિલકથી મનને શાતા અને શીતળતા પ્રાપ્ત થાય છે.

**નોંધ:** જેમનો ગુરુ ગ્રહ નબળો હોય તેમણે મજબૂત કરવાના ભાવથી જિનાલયે જવું ઉચિત નથી.

## જૈન વિજ્ઞાન-૧૯

## જિનાલયમાં ધૂપનો ઉપયોગ :

ધૂપ, જિનાલયમાં સુગંધ સાથે પ્રફુલ્લિત વાતાવરણ નિર્માણ કરે છે. એક દિવ્ય ઊર્જા પ્રદાન કરે છે. ધૂપ ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પદાર્થોનું બને છે. જેથી તેની સુગંધ પણ અદભૂત હોય છે.

જિનાલયમાં થતી દરેક ધાર્મિક ક્રિયામાં દરેક દ્રવ્યને ધૂપ કરવું જરુરી છે. તારક તીર્થંકરને અષ્ટપ્રકારી પૂજામાં પણ ધૂપ પૂજાનો સમાવેશ હોય છે. ધૂપ પૂજા કરતાં એવા શુભ ભાવો સાથે પ્રભુ સમક્ષ સ્તુતિ થાય છે, હે નાથ! ધૂપનો સુગંધી ધૂમાડો જેમ ઉર્ધ્વગતિએ (ઉપર તરફ) જાય છે, તે પ્રમાણે પ્રભુ મને પણ ઉર્ધ્વગતિ અપાવજે! જેમ ધૂપનો ધૂમાડો વજનમાં હલકો હોય છે, તેમ મને પણ હળુકર્મી બનાવજે! ધૂપ જેમ સુગંધી બની મન પ્રફુલ્લિત કરે તેમ મારા થકી સર્વે જીવોને શાતા મળે!

**નોંધ:** ધૂપ અગરબત્તિ હંમેશા ઉંચા દ્રવ્યોથી બનેલી હોય તેનું ધ્યાન રાખવું. વાંસના કાંડીથી બનેલ અગરબત્તિનો ઉપયોગ ન થાય. વરસાદના સમયમાં ધૂપ અગરબત્તિ ઉપર ફુગ લાગે છે. તેવી અગરબત્તિ જિનાલયમાં ન આપવી કે પ્રભાવના ન કરવી. ફુગ અનંતકાય જીવ છે. તેથી અનંત જીવોની હિંસા સાથે મહાદોષ નિર્માણ થાય. ધૂપ અગરબત્તિની પ્રભાવના કરો ત્યારે પણ વિશેષ ધ્યાન રાખવું.

## જૈન વિજ્ઞાન-૨૦

### દીપક પૂજા - દીવો :

જિનાલયમાં દીપકનો ઉપયોગ ખૂબજ મહત્વનો છે. દીપક નિર્મળ આત્માનું પ્રતિક છે. દીપકથી જિનાલયનું વાતાવરણ ઉર્જામય બને છે. દીપક તપનું પ્રતિક પણ કહેવાય છે.

દીપક પૂજાને અષ્ટપ્રકારી પૂજામાં તેનું સ્થાન હોય છે. દીપક પૂજા કરતી વખતે ભગવાનને હૃદયના શુભ ભાવ સાથે સ્તુતિ થાય છે. હે વીતરાગી દેવ ! જેમ આપ સર્વે કર્મોને તપ દ્વારા ક્ષય કર્યા, આપે કાયકલેશથી શરીરને તપાવી નિર્મળ બન્યા. આપનો દિવ્ય આત્મા પ્રકાશિત થયો. જેમ અગ્નિ દરેક વસ્તુને ભસ્મીભૂત કરે છે તેમ આપે ચારે ઘાતિકર્મોનો ક્ષય કરી નિર્મલ પ્રકાશિત થયા. દીપક પૂજા કરતાં મારા કર્મરજને ક્ષય કરવામાં સહાયક બનશો. પ્રેરણારુપ બનશો, મારા આત્માને તપ્ત અગ્નિની જેમ પ્રકાશમય બનાવશો. મારો આત્મા દીપકની જેમ નિર્મળ બને !

**નોંધ:** દીપક હંમેશા ગાયના શુદ્ધ ઘીનું કરવું. ગાયનું ઘી પવિત્ર હોય છે. ગાયના શુદ્ધ ઘીના દીપકથી વાતાવરણમાં રહેલા સુક્ષ્મ જીવો દૂર થાય છે.

## જૈન વિજ્ઞાન-૨૧

## બહુ બીજ કોને કહેવાય ? અભક્ષ્ય શા માટે ?

બહુ બીજનો સામાન્ય અર્થ એ થયો કે, બીજની ઘણી સંખ્યા ! જે ફળમાં ઘણી જ સંખ્યા ધરાવે એટલે બહુ બીજ કહેવાતું હશે !

ના ! જૈન દર્શનમાં આ પ્રમાણે બહુ બીજની ગણતરી નથી. પ્રત્યેક બીજને રહેવાના પ્રત્યેક સ્થાન ન હોય તેવા બીજને પ્રત્યેક બહુબીજ કહેવાય ! દા. ત. કેરી તેમાં બીજ ગોટલી હોય છે. ગોટલી માટે એક આકાર સ્થાન આપતી જગ્યા હોય છે. હવે તેનાથી વિપરીત અંજીર, અંજીર બહુબીજ ફળ કહેવાય. તેને અડધેથી કાપતા આપ જોશો કે એક જ સ્થાનમાં અસંખ્ય બીજ હોય છે. તેથી બહુ બીજ ધરાવતું ફળ કહેવાય.

મકાઇ, બાજરી, જુવાર, ઘઉં, મગ, ચોળી, વટાણા વગેરે ઘણાજ ધાન્ય, શાકભાજી, ફળને પ્રત્યેક સ્થાન હોય છે, તેથી બહુબીજ ન કહેવાય. વડના ટેટા, પીપળાના ટેટા, અંજીર વગરે ફળોને બહુબીજ કહેવાય.

જિનાજ્ઞા પ્રમાણે જૈન દર્શનમાં બહુબીજ ખાવાથી મહા પાપ અને મહા દોષ નિર્માણ થાય તેમજ આવા બહુબીજ ધરાવતાં ફળોમાં અસંખ્ય બે ઇન્દ્રિય ધરાવતા સુક્ષ્મ જીવો ખદબદતા હોય છે જે નરી આંખે દેખાતા નથી. તારક તીર્થંકર પરમાત્મા એ આવા જીવોની હિંસાથી બચવાનું કહ્યું છે.

## જૈન વિજ્ઞાન-૨૨

## તુચ્છ ફળ કોને કહેવાય અને અભક્ષ્ય શા માટે ?

તુચ્છ ફળ એટલે હલકા ફળો. જૈન દર્શનમાં તુચ્છ ફળ એટલે જેમાં ખાવાનું ઓછું અને ફેંકવાનું વધારે આવે તેવા ફળોને તુચ્છફળ કહેવાય. દા. ત. બોર, જાંબુ તેમાં ઠળીયાનો ભાગ વધારે હોય, મીઠાસ કે ખટાશ માત્ર તેના છાલમાં જ હોય. બાકી બધો ભાગ ફેંકવામાં જ જાય. ઘણાં ફળ એવા હોય જેમાં માવાની પ્રાપ્તિ કરવા જતાં ફોતરા અને ઠળીયા વગેરે ફેંકવાના વધારે હોય છે.

આ પ્રમાણેના અનેક જાતના ફળો કે શાકભાજી હોય છે. આ ગણતરી પ્રમાણે તેનો તુચ્છફળમાં સમાવેશ થાય છે.

જૈન દર્શનમાં જિનાજ્ઞા છે આવા ફળોનો ત્યાગ કરવો. આવા ફળોથી પેટ ન ભરાય અને પેટ ભરવા વધુને વધુ ફળો ખાતા રહી, જીવોની સતત હિંસા થતી રહે છે તેમજ મોંથી ખાઇ, ફેંકાયેલા એઠાં ઠળીયા તેમાં રહેલી લાળને પામવા અસંખ્યો સુક્ષ્મ જીવો આવે છે તેમજ તેના જન્મ અને મરણના નિમિત્તનો દોષ તુચ્છફળ ખાનારને લાગે છે.

## જૈન વિજ્ઞાન-૨૩

## સચિત્ત પાણીનો જિનાલયમાં થતો ઉપયોગ:

જૈન દર્શનમાં પાણી પોતે અપ્કાય જીવ છે, એટલે પાણી પોતે સ્વયં જીવ છે. એકેન્દ્રિય જીવ તરીકે તેને સ્પર્શ ઇન્દ્રિય હોય છે. પાણી વગર આપણું જીવન શક્ય નથી. સચિત્ત પાણી એટલે જીવ સહિત પાણી.

જિનાલયમાં પક્ષાલ પૂજા કે વિવિધ અનુષ્ઠાનોમાં પાણીનો ઉપયોગ થાય છે તે સચિત્ત પાણી હોય છે. સચિત્ત પાણીને ગળણીથી ગાળી પછી તેનો ઉપયોગ થાય છે. ગળણીથી પાણી ગાળીને કપડાંને સીધા સુકવીએ તે અનુચિત (ઉચિત નથી) છે. કારણ પાણીમાં બે ઇન્દ્રિય થી લઇ અસંખ્ય સુક્ષ્મ જીવો પાણીના આધારે જીવતા હોય છે. પાણીને ગાળી ગરણાંને સુકવતાં તેમનું પણ મરણ થાય છે. તેથી પાણીને ગાળી પાણીના ગરણાંને ફરી પાણીમાં જયણાં પૂર્વક જીવોને તેમાં પાછા મૂકવાના હોય છે, પછી ગરણાંને સૂકવવાના હોય છે.

જયણા પૂર્વક કરેલી પૂજા સાર્થક થાય છે. શક્ય હોય તો પાણીનો ઉપયોગ ઘીની જેમજ થવો જોઇએ. પક્ષાલના કળશ સામૂહિક રીતે થાય તો વધુ સારું જેથી પાણીનો વધુ ઉપયોગ થતાં બચે અને તેટલું પાણી જીવની હિંસા અટકે. જૈન દર્શનમાં દ્રવ્ય (સામગ્રી) પૂજા કરતાં ભાવ (મન અને હૃદયના શુભ ભાવ) પૂજાને વધુ પ્રાધાન્ય હોય છે. પરંતું વાસ્તવમાં દ્રવ્ય વગર ભાવ આવવા શરળ નથી. શક્ય હોય ત્યાં સુધી પાણી જીવોની થતી હિંસાને સતત ટાળવું જોઇએ.

## જૈન વિજ્ઞાન-૨૪

### અચિત્ત પાણી :

અચિત્ત પાણી એટલે જીવ રહિત પાણી. પાણી વગર જીવન શક્ય નથી. અચિત્ત પાણી ગુરુભગવંતો ઉપયોગમાં લેતા હોય છે. અચિત્ત પાણીમાં અમુક કાળ (શિયાળો, ઉનાળો અને ચોમાસુ પ્રમાણે) સુધી બે ઇન્દ્રિય થી સુક્ષ્મ જીવો ઉત્પન્ન થતાં નથી.

સચિત્ત પાણીને ઉકાળવાથી અચિત્ત થાય છે. સચિત્ત પાણીમાં દ્રવ્યના મિશ્રણથી પણ અચિત્ત થાય છે. પરંતુ અમૂક કલાકો સુધી અચિત્ત પાણી ઉકાળેલું હોય તો જ રહે. અચિત્ત પાણી ભોજનમાં લેવાથી પચવામાં હલકું હોય છે. વિષાણું રહિત હોવાથી રોગની ઉત્પત્તિ થતી નથી.

જૈન દર્શન અહિંસા પ્રધાન છે. હિંસાથી પાપ કર્મો વધે છે. હિંસાથી સંસાર પરિભ્રમણ વધે છે. સંસારમાં જીવોને મહા દુઃખો ભોગવી કર્મ ક્ષય કરતાં રહેવું પડે છે.

સચિત્ત પાણીના એક ટીપામાં માત્ર ૪૮ મિનિટમાં જ બે ઇન્દ્રિય થી લઇ અસંખ્ય જીવો સતત ઉત્પન્ન થાય છે. જ્યારે અચિત્ત પાણીમાં જીવ શક્ય નથી.

## જૈન વિજ્ઞાન-૨૫

### સુખડ ઘસતી વખતે જયણા:

જિનાલયે પ્રભુ પૂજાના શુભ ભાવ સાથે જઇએ છીએ. ઘણાં જ શ્રાવકો-શ્રાવિકાઓ સ્વદ્રવ્યથી જ પૂજા કરવી તેવા ભાવ ધરાવતા હોય છે. જિનાલયે અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી સાથે સુખડ (ચંદન)નો ટૂકડો સાથે લઇ જાય છે. સુખડ ઘસાઇ પથ્થર ઉપર કરી પછી તે જ ચંદનથી પ્રભુ પૂજા કરવાનો આગ્રહ રાખતા હોય છે.

સુખડ ઘસતા અજાણતાં ઘણાં જ દોષો નિર્માણ થાય છે. દોષોથી બચવા અને જયણા (જીવોની અહિંસા) રુપે સુખડને પ્રમાર્જવું જોઇએ. સુખડ ઘસતાં પૂર્વે તેના પર કોઇ સુક્ષ્મ જીવો તો નથી ને ? સચિત્ત પાણી ગરણાથી ગાળવું જોઇએ. સચિત્ત પાણીમાં માત્ર ૪૮ મિનિટમાં બે ઇન્દ્રિયથી લઇ સુક્ષ્મ જીવો ઉત્પન્ન થઇ જાય છે. સુખડ ઘસાઇ પથ્થર જયણા પૂર્વક પૂંજણી કે નરમ કપડાંથી પ્રમાર્જવું જોઇએ. જેથી કોઇ જીવ તેમાં હોય તો બચી શકે. સુખડ, પાણી અને મુખકોશને ધૂપ કરવા જોઇએ સાથે પ્રભુજીની આજ્ઞા લઇ કાર્ય શરુ કરવું જોઇએ. ગાળેલું પાણી, મુખકોશ બાંધી સુખડ ઘસવાની પ્રક્રિયા શરુ થાય. આપણાં વાળ અને શરીરનો પસીનો ચંદન ઘસાઇમાં મિશ્ર ન થાય તેનું વિશેષ ધ્યાન રાખવું જોઇએ. ચંદન વાટકીમાં ભરી, સુખડ અને પથ્થરને ગાળેલા પાણીથી ધોઇ, કપડાંથી સાફ કરી, પથ્થર, સુખડ અને કપડું સરળતાથી સૂકાઇ શકે તેનું ધ્યાન રાખવું.

જો કે જિનાલયમાં શ્રી સંઘ દ્વારા ચંદનની સુંદર વ્યવસ્થા હોય છે. તે પણ લો તો ચાલી શકે ! સ્વદ્રવ્યનો અર્થ, પૂજા પોતાના આત્મા માટે કરતા હોય છે, તો પૂજા નિમિત્તે થતો ખર્ચમાં સહભાગ અથવા રોકડ દ્રવ્ય પેઢી કે ભંડારમાં ભરી શકાય જેથી સ્વદ્રવ્યથી પૂજાનો લાભ મળે. એનો અર્થ એમ ન સમજવો કે રકમ કે દ્રવ્ય ભંડારમાં ન ભરીએ તો પૂજાનો લાભ ન મળે ! જૈન દર્શનમાં દ્રવ્ય પૂજા અને ભાવ પૂજા સમાન છે.

## જૈન વિજ્ઞાન-૨૬

### દ્રવ્ય પૂજા:

જૈન દર્શનમાં બે પ્રકારથી પૂજા થાય છે. દ્રવ્ય પૂજા અને ભાવ પૂજા. દ્રવ્ય એટલે સામગ્રી કે પદાર્થ. વિવિધ પૂજા કે વિવિધ અનુષ્ઠાનોમાં વપરાતી સામગ્રીથી થતી પૂજા અને તેમાં ભૌતિક શરીરનો પૂજા માટે થતો ઉપયોગ એ દ્રવ્ય પૂજા કહેવાય.

દ્રવ્ય પૂજામાં પાણી, દૂધ, અક્ષત(ચોખા), ફળ, ફૂલ, સુગંધિત પાન, કપૂર, ઘી, અગરબત્તિ, સુખડ, કેસર, અત્તર, ઘંટ, દર્પણ, ચામર, અંગલૂછણાં વગેરે અનેક દ્રવ્યો અને ઉપકરણોથી જિનેશ્વર દેવને થતી પૂજા તે દ્રવ્ય પૂજા કહેવાય.

દ્રવ્ય પૂજા વ્યકિત દ્વારા શારીરિક રીતે દ્રવ્યોથી થઇ શકે અને દ્રવ્યો જિનાલયમાં દાનમાં આપી પણ થઇ શકે છે. જિનેશ્વર દેવને દાનની જરુરત જ હોતી નથી. આ બધી વ્યવસ્થા આપણા દ્વારા ગોઠવાય છે અને શ્રી સંઘના સંચાલન માટેની આયોજન બદ્ધ વ્યવસ્થા છે. જિનેશ્વર દેવ સંસારી અવસ્થામાં પોતાની પાસેનું અઢળક ધનને ત્યાગી, દરરોજ ૧,૦૮,૦૦,૦૦૦ સુવર્ણમહોરો જરુરીયાતમંદોને સતત એક વરસ સુધી દાનમાં આપતાં રહ્યાં. સૌધર્મેન્દ્ર દેવના આદેશથી સેવક દેવતાઓ ગુપ્ત અને નધણિયાતું ધન પ્રભુને વરસીદાન માટે અર્પણ કરી તેઓ પણ પ્રભુની દ્રવ્ય પૂજા કરી લેતાં. પરિણામ સ્વરુપે તેમનું અસંખ્ય પૂણ્યનું ઉપાર્જન થતું. અતૂલ્ય આનંદ તેમને મળતો અને ધનની મૂર્છા તેમની ઘટતી.

## જૈન વિજ્ઞાન-૨૭

### ભાવ પૂજા :

ભાવ પૂજા એટલે હૃદયના શુભ ભાવથી થયેલી પૂજા. ભાવ મુખ્યત્વે મન સાથે સંબંધ છે. જૈન દર્શનમાં યોગના ત્રણ પ્રકાર છે, મન-વચન-કાયા. મન અદ્રશ્ય ઇન્દ્રિય કહેવાય તેને શરીરના કોઇ અંગ સાથે જોડાણ નથી. માત્ર હૃદય સાથે જોડીએ છીએ. હકીકતમાં મગજ સાથે ઉદ્‌ભવ સંભવ બને છે.

જીવ, વાણીથી કે શરીરથી કોઇ જાતની હિંસા ન કરે પણ મન (ભાવ)થી હિંસા કરે તો, કર્મસત્તા તેના દ્વારા ભાવરુપી હિંસા થયેલ છે તેની નોંધ લઇ લે છે. તેથી જ્ઞાનીપુરુષ જો આવા હિંસાના ભાવ આવે કે તરત જ પ્રાયશ્ચિત કરી લે છે. હિંસા કર્મ નિકાચિત (કર્મ આત્મા સાથે દૂધ અને પાણીની જેમ એકમેક થઇ જાય) થઇ જાય તો અચૂક ઉદયમાં આવે જ અને ભોગવવા પડે !

ભાવ પૂજા, શુભ ભાવથી થાય છે. તેમાં દ્રવ્યની આવશ્યકતા નથી. અહિંસારુપી પૂજા છે. હૃદયના શુભ ભાવથી નિર્માણ થાય છે. જેમ દ્રવ્યોથી પૂજા શક્ય બને છે તેમ કાલ્પનિક દ્રવ્યથી પૂજા એ ભાવ પૂજા ગણાય. દા.ત. શ્રી સંઘમાં વિવિધ અનુષ્ઠાનોમાં, વિવિધ પૂજાના કે ધ્વજારોહણના, પર્યુષણ મહાપર્વે થતાં દ્રવ્યરુપી ચડાવા થાય છે. ત્યારે રુપિયાથી અસક્ષમ વ્યકિત દ્રવ્યથી લાભ નથી લઇ શકતો પરંતું હૃદયના શુભ ભાવથી ઇચ્છામાત્રથી લાભ લઇ લે છે, કારણ તેને લાભ લેવાના શુભ ભાવ હોય છે પરંતું સક્ષમતા ન હોવાથી માત્ર અફસોસ અને દુઃખ થાય છે, હે નાથ ! પ્રભુ મારી પાસે રકમ નથી, નહીંતર પ્રભુ આપની સેવા-ભકિતનો લાભ ન ચૂકુ ! આવા પ્રકારના લાભો ભાવથી તેની કર્મસત્તામાં ગણાઇ જાય છે.

દ્રવ્યપૂજામાં ભાવ ન હોય તો પૂજા નિષ્ફળ જાય છે. અંશિક શુભ પરિણામ મળે છે. તે માત્ર એક શારીરિક ક્રિયા બની રહે છે.

## જૈન વિજ્ઞાન-૨૮

## નરક કોને કહેવાય ?

જીવ જન્મ્યો ત્યારથી જ તેને વ્યકિતગત આઝાદી મળી. જીવે સ્વતંત્ર રીતે આવવું, જવું, ભોજન, મનોરંજન, બોલવું, સાંભળવું વગેરે ક્રિયાઓ મન-વચન-કાયાથી કરી શકવાની સ્વતંત્રતા મળી.

જીવે ભૌતિક સુખ મેળવવા માટે તન-મન-ધનથી હિંસાજનક ક્રિયાઓ કરતા રહી શારીરિક અને માનસિક સુખો મેળવતો રહ્યો. આ પૃથ્વી એકેન્દ્રિય થી પંચેન્દ્રિય જીવોથી પરિપૂર્ણ છે. જેથી હિંસાવગર કોઇ કાર્ય સંપન્ન થતાં જ નથી.

વધુને વધુ ધન પ્રાપ્તિ : પોતાની, પરિવારના સભ્યોને નિભાવ માટે, મિત્રોની, સમાજની કે દાન-ધર્મ માટે, માન-મોભો માટે મહેનત કરતો રહ્યો. જાણતાં કે અજાણતાં સતત જીવ હિંસા કરતો રહ્યો. દરેક શુભ અને અશુભ કર્મોની નોંધ કર્મ સત્તાએ લીધી. જીવે આત્મા સાથે કર્મ બાંધ્યા.

વર્તમાન જગતમાં એક વ્યકિત બીજી વ્યકિતને મારી નાખે તો આજીવન કેદ કે ફાંસીની સજા મળે. બે વ્યકિતની હિંસા કરે તો પણ સજા એ જ મળે અને એક લાખ વ્યકિતની હિંસા કરે તો પણ એજ સજા મળે. અહીં વ્યકિતને માત્ર એક જ વાર મરવાનું છે, વારેવારે નહીં ! આ વર્તમાન જગતની ન્યાયિક નિર્ણયો છે. હિંસા કરવી કે ન કરવી એ તેની આઝાદી છે.

કર્મ સત્તામાં તેવું નથી. દરેક અશુભ કર્મોને અગણિત રીતે ચક્રવૃદ્ધિ વ્યાજની જેમ જ ભોગવવાના હોય છે. જીવે અનિચ્છા (ઇચ્છા ન હોય તો પણ)એ પણ અચૂકપણે ભોગવવાના જ હોય છે. તે ભોગવવાનું ક્ષેત્ર નરક હોય છે. નરકને બુદ્ધિશાળી અને મિથ્યાજ્ઞાની મનુષ્યો માનવા તૈયાર હોતા નથી. વૈજ્ઞાનિકો માત્ર નરી આંખે દેખાતી વસ્તુને જ માને છે તેથી તેમને વિશ્વાસ નથી બેસતો.

આ નરક પૃથ્વી તારક તીર્થંકરે પોતાની દિવ્ય વાણીથી કેવળજ્ઞાનથી જોઇ અક્ષરસ જેમ છે તેવી જ રીતે આપણને સમવસરણમાં જણાવી. પ્રભુની દિવ્યવાણી આગમ સ્વરુપે ઉપલબ્ધ છે.

## જૈન વિજ્ઞાન-૨૯

## નરક ક્ષેત્ર (ભૂમિ) કેવી હોય ?

૧૪ રાજલોક એ ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ છે. અધો (નીચે) લોક, તિર્છા (આડી - પૃથ્વી) લોક અને ઉર્ધ્વ (ઉપર) લોક. અધો લોકમાં સાત પૃથ્વીઓ છે. દરેક પૃથ્વીના પોતાના ગુણ પ્રમાણે નામ હોય છે. જેવા ગુણો તેવા તેનો પ્રભાવ હોય છે. ૧) રત્નપ્રભા ૨) શર્કરાપ્રભા ૩) વાલુકાપ્રભા ૪) પંકપ્રભા ૫) ધૂમ ૬) તમસપ્રભા ૭) તમસ્તમપ્રભા.

નારકી (નૈરયિક)ઓને રહેવાનું સ્થાન એ નરક કહેવાય. ત્યાં સૂર્યનો પ્રકાશ ન હોય. ચંદ્રની શીતળતા અને આંખને ઠારનાર પ્રકાશ ન હોય. ત્યાં માત્ર ને માત્ર ઘોર અંધકાર હોય. ત્યાં કોઇ પદાર્થ સ્પષ્ટ અને નરી આંખે દેખાય નહીં માત્ર આભાસ થાય.

જમીન તિક્ષ્ણ અણીદાર અને ખૂણાઓ વાળા કાંકરાઓથી પરિપૂર્ણ હાય. દરેક ક્ષેત્ર લોહી, પિત્ત, પરુ, મૂત્ર, સંડાસ જેવા દુર્ગંધમય પદાર્થોથી ભરેલ હોય. પહેલી, બીજી, ત્રીજી અને ચોથી અડધી નરકમાં સતત ગરમ હવા હોય. જમીન કાળા રંગના અગ્નિથી તપેલી હોય. હવા કે પવન સતત અગ્નિથી તપેલી હોય. ચોથી બીજી અડધી, પાંચમી, છઠ્ઠી અને સાતમી તીવ્રત્તમ ઠંડી (ગરમીથી વિપરીત પરિસ્થિતિ સમજવી) હોય. સતત સડેલી કોવાયેલા માંસથી પણ અત્યંત દુર્ગંધમય સતત વાસ હોય. ત્યાં પાણી જેવું દ્રવ્ય ન હોય પરંતું લોહી ઠેકઠેકાણે અગ્નિથી તપેલો લાવારસ સમાન પ્રવાહી હોય.

ત્યાં સૂવા માટે, આરામ માટે, ભોજન માટે કોઇ નિવાસ સ્થાન ન હોય. ત્યાં પ્રતિક્ષણ વેદના અને તીવ્રતર વેદના ભોગવવા માટેનું સામૂહિક સ્થાન હોય. ત્યાં કોઇપણ ભૌતિક સુખ કે મનોરંજન માટેના સ્થાનો નથી. માત્ર શારીરિક અને માનસિક વેદના, પીડા અને દુઃખો ભોગવવાનું ક્ષેત્ર છે.

## જૈન વિજ્ઞાન-૩૦

### નરકના જીવનો જન્મ :

નરકના જીવોનો કુંભીમાં જન્મ થાય છે. કુંભી એટલે પાણીનો કૂંજો. જેમાં મોંઢાનું ભાગ નાનું હોય, વચ્ચેનો ભાગ મોટો અને નીચેના ભાગ ફરી નાનો થતો જાય. મનુષ્ય જીવ, તિર્યંચ જીવો મરે અને જીવને નરક આયુષ્યનો બંધ હોય તો માત્ર ૧, ૨ કે ૩ સમયમાં જીવ કુંભીમાં જન્મ લઇ લે છે.

નારકી નામ કર્મ ઉદયથી માત્ર અંતમુહૂર્ત (૪૮ મિનિટમાં માત્ર ૧ સમય ઓછો)માં પૂર્ણ શરીર બની જાય છે. નરકના જીવોના કોઇ માતા કે પિતા હોતા નથી. સ્વયં પોતાના હિંસાજનક કર્મોથી પોતાના શરીરનું નિર્માણ કરી લે છે.

કુંભીમાં નારકીનો જન્મ થયાના સમાચાર મળતાં જ પરમાધામી દેવો અતિ આનંદીત થઇ તીક્ષ્ણ ભાલા લઇને કુંભી પાસે દોડી આવે છે. કુંભીનો મોં સાંકડુ હોવાથી જીવ નીકળી શકતો નથી. તેને ભાલાથી ભોંકી, શરીરના ટૂકડા કરી નારકીના જીવને અસહ્ય પીડા, વેદના અને કારુમું દુઃખ આપી બહાર કાઢે છે.

નારકીનું શરીર પારા જેવું હોવાથી ફરી કાપેલા ટૂકડાઓ એક બની તેનું ફરી શરીર બની જાય છે. નારકી જીવ નરકના ભયંકર દ્રશ્યો અને ભયંકર પરમાધામી દેવને જોઇ ભયભીત બની જાય છે. જન્મતાની સાથે સતત અંધારુ, તીવ્ર દુર્ગંધ, જમીન ઉપર રહેલા લોહી, પરુ, પિત્ત, મૂત્ર, સંડાસ જેવા દ્રવ્યોથી લેપાયેલી જમીનથી વધુ ભયભીત બને છે.

## જૈન વિજ્ઞાન-૩૧

### નરકના જીવનું આયુષ્ય :

નરકમાં જન્મેલા જીવનું ઓછામાં ઓછું આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષનું હોય છે. વધુમાં વધુ આયુષ્ય ૩૩ સાગરોપમનું હોય છે. સાગરોપમ એટલે સમયનું સાગર (સમુદ્રની જેમ વિશાળ) ઉપમા કાળ કહેવાય. સાગરોપમ એટલે ૧૦,૦૦,૦૦,૦૦૦ X ૧,૦૦,૦૦,૦૦૦ પલ્યોપમ. પલ્યોપમ એટલે પવાલો (પાણીનો ગ્લાસ) ઉપમા કાળ છે. નવજાત શિશુના વાળના બારીક ટુકડાને એક યોજન લાંબો, એક યોજન પહોળો અને એક યોજન ઊંડા ખાડામાં ઠસો ઠસ વાળના ટૂકડાઓ ભરવા. દર સો વરસે એક વાળનો ટૂકડો કાઢવો. વાળના ટૂકડાઓ જ્યારે સંપૂર્ણ ખાલી થાય એટલે માત્ર એક પલ્યોપમ સમય વીત્યો કહેવાય. એક યોજન એટલે અંદાજે ૧૨ કિલોમીટર. ૧૨ કિ. મી. લાંબુ X ૧૨ કિ. મી. પહોળું X ૧૨ કિ. મી. ઉંડુ આમ કુલ ૧૭૨૮ સ્કવેર કિલોમીટરનો ખાડો થાય. વિવિધ ગચ્છ અને સમાચારીપ્રમાણે સંખ્યામાં ફેરઆવશે.

હવે નરકના જીવને કર્મ પ્રમાણે આયુષ્ય અચૂક ભોગવવું જ પડે. ત્યાં આત્મહત્યા સંભવ નથી. હિંસાનું પ્રમાણ વધારે તેમ તેનું આયુષ્ય વધારે. એકેન્દ્રિય જીવથી પંચેન્દ્રિય જીવની હિંસાથી જીવ અતિભારે થાય છે તેમ તેમ પહેલી નરકથી સાતમી નરક સુધી પહોંચે છે.

પહેલી નરકમાં ૧૦,૦૦૦ વર્ષ થી ૧ સાગરોપમ, બીજી નરકમાં ૧ સાગરોપમ અ ૧ સમયથી ૩ સાગરોપમ, ત્રીજી નરકમાં ૩ સાગરોપમ અ ૧ સમયથી ૭ સાગરોપમ, ચોથી નરકમાં ૭ સાગરોપમ અ ૧ સમયથી ૧૦ સાગરોપમ, પાંચમી નરકમાં ૧૦ સાગરોપમ અ ૧ સમયથી ૧૭ સાગરોપમ, છઠ્ઠી નરકમાં ૧૭ સાગરોપમ અ ૧ સમયથી ૨૨ સાગરોપમ, સાતમી નરકમાં ૨૨ સાગરોપમ અ ૧ સમયથી ૩૩ સાગરોપમ આયુષ્ય જીવ પોતાના દ્વારા થયેલા કર્મોથી બાંધીને આવે છે.

## જૈન વિજ્ઞાન-૩૨

## નારકના જીવના શરીરની રચના:

નરકમાં જન્મેલા જીવનું ઉંચાઇ ૭ હાથથી ૨૦૦૦ હાથ સુધીનું હોય છે. પહેલી નરકે ૭ હાથથી શરૂ કરતાં સાતમી નરકે છેલ્લે ૫૦૦ ધનુષ્ય દેહ પ્રમાણ હોય છે. જેમ આયુષ્ય વધે તેમ દેહનું માપ વધે. નરકમાં સ્ત્રી કે પુરુષ રુપે જન્મ થતો નથી ત્યાં માત્ર નપુસંક પણે જન્મ થાય છે. શરીરમાં લોહી નથી હોતું માત્ર પારા જેવું કાળા રંગનું, દુર્ગંધ ધરાવતું પ્રવાહી લોહી સ્વરુપે હોય છે. શરીરમાં હાડકાં નથી હોતા. હુંડ (બેડોળ) બાંધો હોય છે. દેખાવમાં કદરુપા અને ભયાનક આકૃતિ ધરાવતું શરીર હોય છે.

શરીરમાંથી અતિદુર્ગંધ યુકત પસીનો સતત વહેતો હોય છે. વૈક્રિયલબ્ધિ નરકના જીવો ધરાવે છે. એટલે પોતાનું શરીર નાનું અને મોટું તેને ઇચ્છા પ્રમાણે કરી શકે છે. વૈક્રિયલબ્ધિ શરીર માત્ર થોડા સમય પુરતું રહે છે ફરી પોતાની જન્મજાત (ભવ ધારણીય) શરીરે પરત આવવું પડે છે. શરીરનો રંગ કાળો હોય છે. સ્વભાવે અતિ ક્રોધી હોય છે.

## જૈન વિજ્ઞાન-૩૩

### નારકી જીવોની શારીરિક વેદના:

નરકના જીવોને સતત શારીરિક બિમારી હોય છે. તેને સતત તાવ, માથાનો દુખાવો, શરીરમાં કળતર, શરીરમાં ખૂજલી, શરીરમા સતત દાહ-બળતરા સહ અંદાજે ૫,૪૪,૦૦૦ પ્રકારના વિવિધ રોગો તેને સતત હોય છે. સતત ભૂખ અને તરસ તેને હોય છે.

તિરછા લોકમાં પૃથ્વી ઉપર જેટલું ધાન્ય પાકે તેટલું ખાઇ જાય તો પણ તેને સંતોષ ન થાય તેટલી ભૂખ હોય છે. પૃથ્વી લોક ઉપર જેટલી નદી કે સમુદ્ર છે તેના પાણી પી જાય તો પણ તેને સંતોષ ન થાય તેવી સતત તરસ તેને હોય છે. શરીરથી ચાલી ન શકે તેટલી તેને વેદના હોય છે. ચાલવા જતાં વેદના સતત વધતી જાય છે. શરીરમાં સતત સુસ્તી હોય છે. પરાવલંબી જીવ હોય છે. આંખમાં સતત આંસુ હોય છે. ભયાનક ચિચિયારી અને વેદનામય શબ્દો હોય છે. સતત ક્રોધ અને ભયથી જીવન જીવે છે.

### જૈન વિજ્ઞાન-૩૪

## નારકીના જીવને પરમાધામિક દેવો દ્વારા થતી સજા:

પ્રથમ નરક થી ત્રીજી નરક સુધીના નારકીઓને અસુરજાતિના ૧૫ પ્રકારના પરમાધામિક દેવો દ્વારા પ્રતિ ક્ષણ આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને દુઃખ, વેદના અને પીડા આપતા રહે છે.

દરેક પરમાધામિક દેવોનું અલગ અલગ કાર્ય હોય છે. જેમાં નરકના જીવોએ કરેલા હિંસાજનક કર્મોની ક્રિયા યાદ કરાવે છે. નારકીના જીવને સતત મારે છે, શરીરને કાપી ટુકડા કરે છે, ઊંચે ઉછાળે છે, ઉંચેથી નીચે ફેંકે છે, તેલની કડાઇમાં તળે છે, ધખધખતી ભઠ્ઠીમાં શેકે છે, અગ્નિથી લાલચોળ તપાવેલા થાંભલામાં ભેટાવે છે. એક નારકીને બીજા નારકી સાથે યુદ્ધ કરાવે છે. તરસ લાગતાં અગ્નિથી તપાવેલું સીસું પીવડાવે છે, ભૂખ લાગે ત્યારે તેના જ શરીરના ટૂકડા કરાવી ખવડાવે છે, ચાલતી વખતે કાંકરા શરીરમાં ખૂંચવાથી સતત વેદના થાય છે ત્યાં દોડાવી દોડાવી ભાલા અને વિવિધ શસ્ત્રોથી માર મારે છે. ધખધખતી અગ્નિમાં ફેંકે છે. દુર્ગંધમય લોહી, પરુ, પિત્ત, મૂત્ર, સંડાસ વગેરે જેવા અસુચિમય પદાર્થો ખાઇ દિવસ વ્યતિત કરે છે. સતત ભયભીત બની વૈક્રિયલબ્ધિથી સુક્ષ્મ અને મોટું કરતાં તેને વધુને વધુ પીડા આપે છે. આવું વેદનાભર્યું જીવન, મોટું આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને સતત રહે છે.

## જૈન વિજ્ઞાન-૩૫

### નરકના જીવને સ્વકૃત વેદના:

ચોથી નરકથી સાતમી નરક સુધીના નારકો સ્વયં પરમાધામિક દેવો સમાન બની એક નારક બીજા નારકીને સતત પીડા આપતા રહે છે. નારકીઓ એકબીજા દ્વારા યુદ્ધમય વાતાવરણમાં સતત જીવતા હોય છે.

ચોથી નરક (પ્રથમ અડધો ભાગ) ધોમધખતી અગ્નિથી તપેલી હોય છે. ચોથી નરક (બીજો અડધો ભાગ) થી સાતમી નરક સુધી સખત ઠંડીવાળુ વાતાવરણ હોય છે. અહીં પરમાધામિક દેવો વેદના આપે છે તેના કરતાં અગણિત વેદનાઓ નારકીઓ એકબીજાને આપતા રહે છે. સતત ક્રોધમય અને ભયભીત વાતાવરણમાં જીવતાં રહે છે. જેટલા પ્રકારની વેદના અને બિમારી પ્રથમ નરકથી ત્રીજી નરકના છે તેના કરતાં અનંતગણા દુઃખો ત્યાં ભોગવતાં રહી અકામ નિર્જરા કરતાં રહે છે.

દીર્ઘ, લાંબુ, વિશાળ આયુષ્યથી દુઃખો સહન ન થતાં આત્મ હત્યા કરવાનો સતત પ્રયાસ કરે છે પણ મરી શકતા નથી. નરકના જીવોને અવધિજ્ઞાન હોવાથી તેમને સતત ભય દેખાતું રહે છે. તેઓ દરેક નારકીઓને જાણી વેર સાથે હિંસા વધતી રહે છે.

જો નરકના જીવને તિરછાલોકની પૃથ્વી ઉપર બળતી ભઠ્ઠીમાં નાંખી દેવામાં આવે તો તેને શાતારુપ અનુભવ થાય છે. હિમાલયના બરફમાં રાખી દેવામાં આવે તો તેને આવી ઠંડીમાં પણ સુખરુપ ઊંઘ આવી જાય છે. તેના કરતાં અનંત ઘણી ઠંડી અને ગરમી નરકમાં સતત હોય છે.

નરકની કંપારી છૂટે તેવી, ભયાનક વેદના જાણ્યા પછી કોણ બુદ્ધિશાળી, જીવ હિંસા કરવા પ્રેરાય !

### જૈન વિજ્ઞાન-૩૬

## યોગ કોને કહેવાય ?

મનુષ્ય જીવ, આત્મલબ્ધિથી પાંચ ઇન્દ્રિયના સમન્વયથી થતી ક્રિયા એટલે યોગ. યોગ હિંસાજનક અને અહિંસાજનક હોય છે. યોગના ત્રણ ભેદ (પ્રકાર) મન-વચન-કાયા છે. ત્રણ પ્રકારના યોગ અથવા તેમાંથી કોઇ એક પ્રકારના યોગથી જે ક્રિયા થઇ તેથી યોગ થયો કહેવાય.

હિંસાજનક પ્રવૃત્તિઓમાં યોગનો સમન્વય થાય છે. અહિંસાજનક પ્રવૃત્તિઓમાં યોગોની ત્રણ ગુપ્તિનો સમન્વય થાય છે. ત્રણ ગુપ્તિ મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ.

યોગના કારણે જ હિંસા અને અહિંસાની પ્રવૃત્તિઓ થાય છે. જન્મથી જ કર્મ સંબંધી જીવ સ્વતંત્રપણે ક્રિયા, યોગ સાથે કરતો રહી ભારેકર્મી અથવા હળુકર્મી બને છે. હળુકર્મી જીવ શુભ મનુષ્યગતિ અને દેવગતિ પામે છે. જ્યારે ભારેકર્મી જીવ હિંસાના પરિણામે તિર્યંચગતિ અથવા દેવગતિ પામે છે.

જીવ પોતાનાથી થયેલા શુભ અને અશુભ કર્મોથી પોતાની ગતિ, સુખ અને દુઃખ મેળવે છે. કર્મની સત્તા સ્વયં સંચાલિત છે. કર્મ પ્રમાણે જીવ ચારેય ગતિમાં સ્થાન મેળવે છે અને સુખ અને દુઃખમાં સમય પસાર કરે છે. આ બધી ક્રિયા યોગથી સંભવ થાય છે.

તેથી પ્રતિક્રમણમાં પડિલેહણના ૨૫ બોલમાં યોગ સંબંધે મનોદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું એટલે કે મન, વચન અને કાયા દ્વારા થયેલી હિંસાને ત્યાગુ છું. તેનાથી વિપરીત મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું એટલે કે મન, વચન અને કાયાથી આત્માને સંયમિત કરું છું એવા વચનો બોલી પ્રાયશ્ચિત થાય છે.

## જૈન વિજ્ઞાન-૩૭

### યોગ - મન:

મનુષ્ય જીવને મન પ્રાપ્ત થયું છે. મન એ અદ્રશ્ય ઇન્દ્રિય કહેવાય. તેનું કોઇ અંગ કે સ્થાન નિર્ધારીત નથી. આત્મા સાથે સંબંધ છે. સામાન્ય સમજ પ્રમાણે મગજ સાથે સમન્વય કરીએ છીએ, એમ કહીએ છીએ કે મગજથી ઉત્પન્ન થાય છે.

હિંસાજનક અને અહિંસાજનક પ્રવૃત્તિઓમાં મુખ્ય રાજા કોઇ હોય તો તે છે મન. શરીર જાગૃત અવસ્થામાં હોય તો મનથી સંચાલિત થાય અને નિદ્રાધીન અવસ્થામાં પણ મન જાગૃત હોય છે. મનને ગુપ્ત ઇન્દ્રિય કહેવાય છે.

માનવના મનમાં શું ચાલે છે, શું વિચારે છે તે માત્ર પોતે, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની ભગવંતો જ જાણી શકે છે. કર્મ સત્તા સ્વયં સંચાલિત હોવાથી તેના દરેક શુભ અને અશુભ કાર્યોની નોંધ લઇ લે છે. તેના પરિણામે તેને તેના ફળ ભોગવવાના હોય છે. ઉદાહરણ સ્વરુપે એક મનુષ્યે બીજી વ્યકિત સાથે વેરની ભાવનામાં તેને મારી નાખવાના મનથી વિચારતાં જ તેના દ્વારા હિંસાજનક પ્રવૃતિ થાય છે તેમ સમજાય છે. કેમકે તે હિંસાજનક પ્રવૃત્તિઓમાં સામેલ થઇ ગયો છે. સમગ્ર જીવન દરમ્યાન આયુષ્યનો બંધ ન થયો હોય તો મનથી વિચારતાં જો તે ક્ષણે જો મરણ થાય તો, પંચેન્દ્રિય જીવની હિંસા શારીરિક ન કરી હોવા છતાં પણ તેને નરકગતિ પ્રાપ્ત થાય છે.

પ્રતિક્રમણમાં પ્રાયશ્ચિત સ્વરુપે મનોદંડ પરિહરું (મનથી થયેલી હિંસાને ત્યાગુ છું) મનોગુપ્તિ આદરું (મનને સંયમિત કરું છું).

## જૈન વિજ્ઞાન-૩૮

### યોગ - વચન:

જૈન દર્શનમાં વચન એ યોગનો પ્રકાર છે. પંચેન્દ્રિય જીવના પાંચ ઇન્દ્રિયના એક પ્રકારમાં સમાવેશ થાય છે. જીભનો ઉપયોગ વાણી (વચન) અને સ્વાદ માટે બે રીતે ઉપયોગ થાય છે. કર્મની સત્તા શુભ અને અશુભ વચનોની જ નોંધ લે છે.

વચન (વાણી) મૃદુ, કઠોર, કર્કશ, સરળ, અસ્પષ્ટ, કડવી, કટાક્ષ, ઘાતક, ખુશામત, ઉશ્કેરણીજનક, વિવાદાસ્પદ, શાતાજનક, અશાતાજનક, હિત, કલ્યાણકારી અને ભયજનક વગેરે પ્રકારની હોય છે. આપણે કેવા વચનો બોલવા તેની સ્વતંત્રતા જીવને હોય છે.

વચનો ઘાતક (હિંસાજનક) હોય તો અશુભ કર્મો બંધાય. વચનો શાતાજનક અને કલ્યાણકારી હોય તો શુભ કર્મો બંધાય. ઉદાહરણ સ્વરુપે એક મનુષ્યે બીજી વ્યકિત સાથે વેરની ભાવનામાં તેને મારી નાખવાના વચનો બોલ્યા, તેના દ્વારા હિંસાજનક પ્રવૃતિ થાય છે તેમ સમજાય છે. કેમકે તે હિંસાજનક પ્રવૃત્તિઓમાં સામેલ થઇ ગયો છે. સમગ્ર જીવન દરમ્યાન આયુષ્યનો બંધ ન થયો હોય તો હિંસાજનક વચનો બોલતાં જો તે ક્ષણે જો મરણ થાય તો, પંચેન્દ્રિય જીવની હિંસા શારીરિક ન કરી હોવા છતાં પણ તેને નરકગતિ પ્રાપ્ત થાય છે.

પ્રતિક્રમણમાં પ્રાયશ્ચિત સ્વરુપે વચનદંડ પરિહરું (એટલે વચન દ્વારા થયેલી હિંસાને ત્યાગુ છું.) અને વચનગુપ્તિ આદરુ (એટલે વાણીને સંયમિત કરુ છું.) બોલાય છે.

## જૈન વિજ્ઞાન-૩૯

### યોગ - કાયા:

કાયા એટલે શરીર. શરીર એકેન્દ્રિય થી લઇ પંચેન્દ્રિય જીવોને હોય છે. મનુષ્ય પંચેન્દ્રિય જીવ અને મન હોવાથી વિશિષ્ટ જીવ કહેવાય છે.

જેમ મન અને વચનથી હિંસા થાય છે પણ તે અવ્યકત હોય છે. પરંતું કાયાથી થયેલી હિંસા વ્યકત અને નરી આંખે દ્રશ્યમાન હોય છે. મિથ્યાજ્ઞાની લોકો માત્ર શરીરથી થયેલી હિંસાને જ હિંસા માને છે. મન અને વચનની હિંસાને હિંસા તરીકે ગણતાં જ નથી. તેના માનવા કે ન માનવાથી કર્મસત્તાના નિયમમાં કોઇ ફેરફાર થતો નથી. નિયમ શાશ્વત છે. દરેક જીવને સમાનતાથી લાગુ પડે છે.

કાયાથી જીવ હિંસાજનક કે શાતાજનક કાર્યો કરે છે. જેથી શુભ અને અશુભ કર્મો બંધાય છે. તેના પરિણામે ચાર ગતિ (નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ) પ્રાપ્ત થાય છે. ચાર ગતિમાં ભવ ભ્રમણા કરવી તેને સંસાર પરિભ્રમણ કહેવાય છે.

કાયાથી જીવ ચાલવું, દોડવું, બેસવું, સેવા, મદદ, ભોજન, મનોરંજન, નાટક, નૃત્ય, શાતાજનક કાર્યો, પીડા, વેદના, તકલીફો, હિંસા, મરણ, શરીરના અંગો કાપવા વગેરે દરેક દ્રશ્યમાન ક્રિયા શરીરથી થાય છે.

કાયાથી ક્રિયા હિંસાજનક હોય તો અશુભ કર્મો બંધાય. ઉદાહરણ સ્વરુપે એક મનુષ્યે બીજી વ્યકિત સાથે વેરની ભાવનામાં તેને મારી નાખવા શસ્ત્રો કે વગર શસ્ત્રો સાથે શરીરનો ઉપયોગ થતાં હિંસાજનક પ્રવૃતિ થાય છે તેમ સમજાય છે. કેમકે તે હિંસાજનક પ્રવૃત્તિઓમાં સામેલ થઇ ગયો છે. સમગ્ર જીવન દરમ્યાન આયુષ્યનો બંધ ન થયો હોય તો હિંસાજનક કાર્યો કરતા જો તે ક્ષણે જો મરણ થાય તો, તેને નરકગતિ પ્રાપ્ત થાય છે.

પ્રતિક્રમણમાં પ્રાયશ્ચિત સ્વરુપે કાયદંડ પરિહરું (એટલે કાયા દ્વારા થયેલી હિંસાને ત્યાગુ છું.) અને કાયગુપ્તિ આદરુ (એટલે કાયાને સંયમિત કરુ છું.) બોલાય છે.

## જૈન વિજ્ઞાન-૪૦

### અઢાર પાપ સ્થાનક:

જૈન દર્શનમાં હિંસા અને અહિંસાજનક ક્રિયાથી અશુભ અને શુભ કર્મ બંધાય છે. વિશેષતા એ છે કે સુખ સહુને ગમે છે પરંતું જીવ હિંસા કરીને ઉદયમાં આવનારા દુઃખો કોઇને ગમતા નથી. પ્રભુ શ્રી મહાવીરસ્વામી સમવસરણમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે દરેક જીવને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય. જેમ તને સુખ પ્રિય છે તેમ દરેક જીવને પણ સુખ પ્રિય છે.

પ્રથમ આગમ આચારાંગ સૂત્રમાં પ્રથમ વિષય શસ્ત્રપરિજ્ઞાને પ્રથમ પ્રાથમિકતા આપી હિંસા સમજાવવાનો અથાગ પ્રયાસ કર્યો છે. જ્યાં સુધી જીવના પ્રકાર અને હિંસા ન સમજાય ત્યાં સુધી બધા જ વિષયોને સમજવા અર્થ વગરના છે. કોઇ વ્યકિત જીવ કેવા પ્રકારના છે અને જીવની હિંસા ક્યા શસ્ત્રોથી થાય છે, તે જો ન સમજાય તો જીવ પોતાના પતનના માર્ગે જશે.

હિંસા બે રીતે થાય છે, દ્રવ્યરુપે હિંસા અને ભાવરુપે હિંસા. દ્રવ્યરુપે હિંસા શરીરિક, પદાર્થો, સાધનો, ઉપકરણના સહયોગથી થાય છે. ભાવહિંસા મન અને વચનના સહયોગ અથવા કોઇ એકના ઉપયોગથી શક્ય બને છે.

અઢાર પાપ સ્થાનક તેમાં દ્રવ્ય હિંસા અને ભાવ હિંસાનો સંપૂર્ણ સમાવેશ થઇ જાય છે. પાપની ઉત્પત્તિના સ્થાનોમાં અઢાર મુખ્ય કારણોનો સમાવેશ થાય છે. પાપના પ્રાયશ્ચિત માટે સામાઇક અને પ્રતિક્રમણમાં પણ તેનો સમાવેશ છે.

અઢાર પાપસ્થાનક : ૧) પ્રાણાતિપાત, ૨) મૃષાવાદ, ૩) અદત્તાદાન, ૪) મૈથુન, ૫)પરિગ્રહ, ૬) ક્રોધ, ૭) માન, ૮) માયા, ૯) લોભ, ૧૦) રાગ, ૧૧) દ્વેષ, ૧૨) કલહ, ૧૩) અભ્યાખ્યાન, ૧૪) ચાડી, ૧૫) રતિઅરતિ, ૧૬) પરપરિવાદ, ૧૭) માયામૃષાવાદ અને ૧૮) મિથ્યાત્વશલ્ય.

## જૈન વિજ્ઞાન-૪૧

### પાપ સ્થાનક - પ્રાણાતિપાત:

જૈન દર્શન સુક્ષ્મ જીવ વિજ્ઞાન છે. દ્રવ્યથી થતી હિંસા તો હિંસા કહેવાય, પરંતું ભાવથી થયેલી હિંસા પણ, હિંસા જ કહેવાય! આટલું દિવ્યજ્ઞાન કેવળજ્ઞાની ભગવંતોને હોય છે. દરકે શુભ અને અશુભ કર્મો ઉદયમાં આવતા ભોગવવાના જ હોય છે.

પ્રાણાતિપાત, મુખ્ય ૧૮ પાપસ્થાનકમાં પ્રથમ ક્રમાંકે આવે છે. પ્રાણ અ અતિપાત એટલે જીવોને પ્રાણ રહિત કરવો. દરેક જીવને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે. જીવોને પ્રાણ રહિત કરવાથી અધોગતિ (તિર્યંચ, નરક) પામે છે. પાપ કર્મથી જીવ ભારેકર્મી બને છે. એટલું જ નહીં જીવ સાથે વેર બંધાતા વેરાનુંબંધ પણ થવાથી જીવ સાથે દુશ્મની ઉદયમાં આવતા આ જ પ્રક્રિયાનું પુનરાવર્તન પણ જીવને થાય છે. દરેક કર્મ ચક્રવૃદ્ધિ વ્યાજની જેમ, એક પાપ અનંતગણું થઇ ભોગવવાનું હોય છે.

એક, બે, ત્રણ, ચાર અને પાંચ ઇન્દ્રિયના જીવોની હિંસા સંસાર પરિભ્રમણ કરાવી, મહા દુઃખો, લાંબા આયુષ્ય સાથે અનિચ્છાએ ભોગવવા પડે છે. આપણામાં લોક વાયકા છે, ‘હસતાં કર્મ ન બાંધીએ રોતા ન છૂટે’. યુ ટ્યુબમાં **‘દોડ નિગોદથી નિર્વાણ સુધી...’** ના વિડિયોમાં શસ્ત્રપરિજ્ઞા વિષયના વિડિયોમાં એકેન્દ્રિય થી પંચેન્દ્રિય જીવની હિંસાના કારણો આગમ સ્વરુપે તારક તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાને જણાવ્યું છે તે જ અક્ષરસ ગાથા વિડિયોમાં જણાવેલ છે.

## જૈન વિજ્ઞાન-૪૨

### પાપ સ્થાનક - મૃષાવાદ:

જૈન દર્શનમાં મુખ્ય અઢાર પાપસ્થાનકમાં બીજા ક્રમાંકે મૃષાવાદ આવે. મૃષા અ વાદ - મૃષા એટલે ખોટું અને વાદ એટલે વાતો/બોલવું. મૃષાવાદ એ ભાવ હિંસાનો પ્રકાર છે. તેમાં શારીરિક હિંસા નથી પરંતું આત્માના ગુણની હિંસા છે.

ખોટું બોલવા માટે ઘણાં કારણો હોઇ શકે. દરેક પ્રકારની હિંસક અને અનીતિ ક્રિયામાં મૃષાવાદનો સંભવિત સમાવેશ થાય છે. મૃષાવાદનો સહારો લઇ વધુ ને વધુ હિંસાજનક પ્રવૃત્તિઓ કરતો રહે છે. કોઇકના વિશ્વાસઘાત કરવામાં મૃષાવાદ મહત્વનો ભાગ ભજવે છે. મૃષાવાદનો સહારો લઇ અસત્ય બોલનાર વ્યકિત ભલે પોતાના ખરાબ કર્મો છૂપાવે પરંતું સામેની વ્યકિત સમક્ષ સત્ય અચૂક આવી જાય છે.

દરેક હિંસક અને અનીતિથી ધન કમાવનાર સદાય ખોટું બોલતા રહી એકેન્દ્રિય જીવથી પંચેન્દ્રિય જીવની હિંસા સાથે ભારે કર્મી બની ચારગતિમાં ભવભ્રમણા કરી સંસાર પરિભ્રમણ કરતો રહે છે. જેવું પોતે કર્યું છે તે મૃષાવાદ કાર્ય તેની સમક્ષ દુઃખદ રીતે ભોગવવા માટે આવે છે.

હિંસા નથી કરી, અનીતિ નથી કરી, ચોરી નથી કરી, ખોટું નથી બોલતો વગરે દરેક ઘાતક સંસારી વિષયો, ભૌતિક સુખો માટે મૃષાવાદનો સહારો લઇ રચ્યો પચ્યો રહે છે. ભવપરંપરા વધારી, આયુષ્ય વધારી, મહાદુઃખોને અનિચ્છાએ ભોગવતો રહે છે.

## જૈન વિજ્ઞાન-૪૩

### પાપ સ્થાનક - અદત્તાદાન:

જૈન દર્શનમાં અદત્તાદાન એટલે ચોરી. ચોરીને મુખ્ય ૧૮ પાપસ્થાનકમાં ગણતરી થાય છે. કોઇની ઇચ્છા કે પરવાનગી મેળવ્યા વગર મેળવેલી વસ્તુ કે દ્રવ્ય ચોરી કહેવાય.

ચોરી માટે ઘણાં કારણો હોઇ શકે છે. કોઇની રજા વગર, કોઇની ઇચ્છા વગર (લૂંટ), કોઇના અજાણતાં મેળવેલી વસ્તુ, નધણિયાતી વસ્તુ, કરચોરી, ધાકધમકીથી મેળવેલી વસ્તુ, જબરદસ્તીથી છીનવેલી વસ્તુ વગરે ઘણાં કારણોનો સમાવેશ થાય છે.

જ્ઞાની ભગવંતો જણાવે છે કે, કોઇ વ્યકિતના અધિકારની દ્રવ્ય, વસ્તુ કે રુપિયા તેના સ્થાન કે તેના અધિકારના ક્ષેત્રમાં આવતા હોય તો તેનું દ્રવ્ય ગણાય. દેશ, રાજ્ય, નગર, ગ્રામમાં આવતા દ્રવ્ય તે સરકારનું ગણાય અને જે ક્ષેત્રમાં સરકારનો અધિકાર ન હોય તો તેનો અધિપતિ ઇન્દ્ર મહારાજ કહેવાય એટલે કે તેનો સંપૂર્ણ અધિકાર હોય. આવા કોઇ પણ દ્રવ્ય કે રકમ નધણિયાતું સમજીને મેળવી હોય તો તે ચોરી કહેવાય.

પાણી એ અદત્તાદાન (ચોરી) છે. ચોરી મહાપાપ છે. ચોરી સાથે પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ, માયા, લોભના દોષોનો પણ સંભવતા થઇ શકે છે. પુણીયા શ્રાવકના સામાઇક પ્રભુ શ્રી મહાવીરસ્વામીના શ્રી મુખે વખણાયા. એક દિવસ તેમને સામાઇકમાં મન જ ન લાગ્યું. ઘણી જ બેચેની થઇ, ઘણાં જ વિચાર આવ્યા પણ અરતિ થવાનું કારણ જ ન સમજાયું. ધર્મપત્ની સાથે વાત કરી કહ્યું આજે મારુ સામાઇકમાં મન જ ન લાગ્યું જેથી હું બેચેન છું. ત્યારે ધર્મપત્નીએ ડરતાં ડરતાં ખૂલાશો કર્યો કે, સીમમાં જતાં ન ધણિયાતું ગાયનું છાણ લઇ આવી છું. તરત જ પુણિયા શ્રાવકને ભૂલ સમજાઇ અને ધર્મપત્નીને ગાયનું છાણ જ્યાંથી લાવી ત્યાં પાછું મુકી આવવા જણાવ્યું. આટલું સમ્યક્ અને પ્રભાવશાળી તેમના સામાઇક હતાં.

## જૈન વિજ્ઞાન-૪૪

### પાપ સ્થાનક - મૈથુન:

મૈથુન એટલે કામવાસના. કામવાસના બે પ્રકારની છે શારીરિક અને માનસિક. સ્ત્રી, પુરૂષ અને નપુસંકના શારીરિક સમાગમ હિંસાનું કારણ બને છે. મૈથુનથી શરીરના ગુપ્ત અંગોમાં રહેલા અસંખ્ય બે ઇન્દ્રિય જીવોની હિંસા થાય છે. એકજ સહવાસમાં લાખોની સંખ્યામાં સંમૂર્છિમ જીવોની હિંસા થઇ જાય છે.

મૈથુનના પ્રકારમાં પરસ્ત્રી, કુમારીકા, બાલિકા, વૃદ્ધાનો સમાવેશ થઇ જાય છે. પુરુષ માટે સ્ત્રીવેદ, સ્ત્રી માટે પુરુષવેદ અને નપુસંક માટે પુરુષવેદનો ઉદય થતાં કામેચ્છા પ્રબળ બને છે. વાસના પ્રબળ થતાં મનુષ્ય વિવેક ગુમાવી સારા નરસાનું ભાન ભૂલે છે.

પરસ્ત્રીગમનથી પુરુષ સાતમી નરકમાં જાય છે. સ્ત્રી છઠ્ઠી નરકમાં જાય છે. ત્યાં નપુસંક બની અગ્નિથી ધગધગતા લાલચોળ દંડ ઉપર સતત આલિંગન કરાવવામાં આવે છે. દીર્ઘ આયુષ્ય નારકી બનીને ક્ષણિક આનંદ માટે મહાવેદનાને ભોગવવાની હોય છે.

મૈથુનથી બચવા ખાવાના તામસી દ્રવ્યો ડુંગળી, લસણ જેવા કંદમૂળો, તીખા આહાર, મિષ્ટાન, મહાવિગઇ વગરેનો ત્યાગ અને અંકુશ હોય છે. જ્ઞાની ભગવંતો મહાવિગઇના ત્યાગરુપ આયંબિલનું વિધાન બતાવ્યું છે. ઘણાં જ સૂચનો છે પરંતું આ લેખમાં સમાવેશ કરવો મુશ્કેલ છે. સ્ત્રીના અંગઉપાંગ જોવા નહીં. સ્ત્રી જે સ્થાનમાં બેસે તે સ્થાન ઉપર ૪૮ મિનિટ પહેલાં કોઇપણ પુરુષ બેસે નહીં. આ જ પ્રમાણે સ્ત્રી માટે પુરુષને ગણવું. મૈથુનથી બચવા બ્રહ્મચર્ય વ્રતના પચ્ચકખાણ કે પાલન કરવાનું વિધાન છે.

## જૈન વિજ્ઞાન-૪૫

### પાપ સ્થાનક - પરિગ્રહ :

મુખ્ય અઢાર પાપ સ્થાનકમાં પરિગ્રહનો સમાવેશ થાય છે. પરિગ્રહ એટલે પરિ અ ગ્રહ (પરિ એટલે બધી દિશાથી (ચારેય દિશા) અને ગ્રહ એટલે ગ્રહણ કરવું, પ્રાપ્ત કરવું.). પરિગ્રહ એટલે જરુરીયાતથી વધુનો સંગ્રહ કરવો.

દરેક મનુષ્ય ધન, ધાન્ય, સેવકો, નોકર, ચાકર, પાળેલા પશુઓ (ઘોડા, હાથી, બળદ, ગાય, બકરી, ગધેડા, ઊંટ વગેરે), રત્ન, સોનુ, ચાંદી, ઝવેરાત, રોકડ ધનસંગ્રહ બધી દિશાથી દિવસ અને રાત જોયા વગર સતત કરતો રહે છે.

દરેક કાર્ય હિંસાજનક હોય છે. ભૌતિક સુખ પ્રાપ્તિ માટે સતત રચ્યો પચ્યો રહે છે. પરિવાર, સ્નેહીજનોના જીવન નિભાવ માટે તેમજ મિત્રજનો, ગ્રામજનો, જ્ઞાતિજનો માટે સહયોગ, દાન અને પ્રશંસા વગેરે કાર્યો માટે ધનનો પરિગ્રહ કરે છે.

પરિગ્રહ માટે એકેન્દ્રિય થી પાંચ ઇન્દ્રિય જીવોના શોષણ અને હિંસા કરવામાં સંકોચ અનુભવતો નથી. વિવેક વગરનો તે મનુષ્ય પરિગ્રહ વધારતાં સતત અસંતોષ અને ધનને લુંટ, ચોરી અને સરકારી અધિકારીઓ દ્વારા જપ્ત થવાના ભયથી પણ સતત દુઃખી રહે છે. ધન સંગ્રહથી ભોગવિલાસમાં ભાન ભૂલી પાપ કર્મો વધારતો પોતાનું પતન નોંતરે છે. જીવ હિંસા કરતાં એકેન્દ્રિય થી પંચેન્દ્રિય જીવ સાથે વેર વધારતો સંસારનું પરિભ્રમણ વધારી મહા દુઃખદાયી ગતિઓમાં જીવન મરણ કરતો રહે છે.

## જૈન વિજ્ઞાન-૪૬

### પાપ સ્થાનક - ક્રોધ :

કષાયમાં ક્રોધ, માન, માયા અને લોભનો સમાવેશ છે. રાગ અને દ્વેષમાં ક્રોધનો દ્વેષમાં સમાવેશ હોય છે. ક્રોધ મનુષ્યનો સૌથી મોટો દુર્ગુણ કહેવાય. મનુષ્યમાં બધાજ સારા ગુણ હોય પરંતું એક ક્રોધ અવગુણ હોય તો બધા જ સારા ગુણોનો કોઇ અર્થ નથી.

ક્રોધ નરકનું સ્વરુપ કહેવાય. ક્રોધ અગ્નિનું સ્વરુપ કહેવાય. ક્રોધ દાવાનળ પણ કહેવાય જેના સંપર્કમાં જે કોઇ આવે તે પણ ભષ્મ થઇ જાય. ક્રોધના કારણે મનુષ્યને વિવેક અને સારાનરસાનું ભાન રહેતું નથી.

પ્રબળ ક્રોધ અવસ્થામાં જો મનુષ્યને આયુષ્ય બંધ ન થયો હોય તો તેને તિર્યંચગતિ કે નરકગતિ પણ થઇ શકે છે તે તેના ક્રોધના કારણ ઉપર નિર્ભર રહે છે. ક્રોધ લાંબો સમય નથી રહેતો પરંતું મનુષ્યનું પતન કરવામાં નિમિત્ત અચૂક બને છે.

ચંડકૌશિક એ કૌશિક તાપસ (સાધુ જે વનમાં રહી કંદમૂળ અને વનમાં ઉપલબ્ધ સચિત્ત ફળો ખાઇ ને જે તપસ્યા કરતાં હોય તેવા સાધુને તાપસ કહેવાય) હતા. એક દિવસ ગામના નટખટ છોકરાઓ તેના આશ્રમમાં આવ્યા. આશ્રમમાં ઉગેલા ફળ-ફૂલોને તોડતાં કૌશિક મુનિથી સહન ન થયું. ક્રોધિત થઇ તે દંડ હાથમાં લઇને છોકરાઓને મારવા દોડ્યા. દોડતાં દોડતાં આશ્રમનો થાંભલો તેને માથામાં વાગતાં જ મરણ થયું અને તે જ ક્ષણે નાગની યોનીમાં જન્મ થયો. દ્રષ્ટિવિષ પ્રચંડ નાગ બન્યો. ક્રોધથી તપેલી તેને આંખો મળી, તે જેના ઉપર દ્રષ્ટિ કરે તે ભષ્મ થઇ જાય. આ કારણે આજુબાજુના પરિસરો પણ ખાલી થઇ નિર્જન થયા.

ક્રોધ વખતે તેણે માત્ર બાળકોને દંડાથી ડર અને મારવાના ભાવ હતાં જેથી તિર્યંચગતિ પ્રાપ્ત થઇ પરંતું જો તેને, બાળકોને જીવ રહિત કરવાના ભાવ હોત તો અચૂક નરકગતિ થઇ હોત. ક્રોધની ઉત્પત્તિનું મુખ્ય કારણ પોતાની ઇચ્છા પ્રમાણે તેમ ન થવું હોય છે. ક્રોધને શાંત કરવા માટે ક્ષમા, નવકાર મંત્રનું સ્મરણ અથવા ક્ષેત્ર થોડા સમય પુરતું છોડી દેવું. ક્રોધ દૂધના ઊભરા જેવું હોય છે.

## જૈન વિજ્ઞાન-૪૭

### પાપ સ્થાનક - માન:

માન, સ્વમાન (સ્વાભિમાન), અભિમાન દરેકમાં વિશેષ ફરક છે. દરેક માનના પ્રકાર છે. માનના કારણે ક્રોધ સંભવે છે. માનમાં શાન, પ્રતિષ્ઠા ગર્ભિત છૂપાયેલા છે. એકંદરે અભિમાન વાચક સમાન કહી શકાય. આદર એ વિવેક સ્વરુપે કહી શકાય પરંતું માન સાથે સરખાવવું ઉચિત નથી.

દાન, માન - પ્રતિષ્ઠાના કારણે વેડફાઇ જાય છે. દાન આપનારનું માન ન સચવાય તો તેમને ક્રોધ શરળતાથી ઉદ્ભવે છે. તારક તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામી સાડા બાર વર્ષ વન, ઉપવન અને ગામોમાં વિચરણ કર્યું. અનાર્યો દ્વારા તેમની ઘોર ઉપેક્ષા થઇ. ગોશાળાના તોફાન થકી ભગવાનને ઘણું જ વેઠવું પડ્યું. અનંત ચક્રવર્તીઓ કરતો અનંત ઘણી શકિત પ્રભુ પાસે હતી. પરંતું ક્યારેય તેમને આ શકિતનું માન ન હતું, કે ન તેમણે ઉપયોગ કર્યો. ૬૪ ઇન્દ્રો તેમની સેવામાં તત્પર હતાં તેમનું પણ માન ન હતું. ભરી સભામાં ગોશાળાએ પ્રભુ મહાવીર સ્વામીનું અપમાન કર્યું. પ્રભુએ તો માન ઉપર વિજય મેળવ્યો હતો.

આવા માન-સન્માનને ત્યજી પ્રભુએ સુંદર અભ્યાસ આપ્યો. આપણને માન દરેક ક્ષણે જોઇએ છે એના કારણો ઘણા હોઇ શકે. જો માન ન મળે તો આપણું આપમાન થયું છે તેમ ગણી લઇએ છે એટલા તો આપણે સર્વોપરી માનીએ છીએ. માન વ્યકિતત્વ અને માનવતાનું પતન કરે છે.

આજકાલ દાન મેળવવા માટે પ્રલોભનો સ્વરુપે, સામાન્ય અને શ્રેષ્ઠિવર્યોની શ્રેણી જાળવવા સ્વરુપે સભામાં બેઠકોની વ્યવસ્થા એ જ પ્રમાણે ગોઠવાય છે. આગળની હરોળમાં બેસનારને આ પ્રમાણેનું માન અપાય છે. માનના કારણે અભિમાન તરત પ્રવેશે છે સાથે ક્રોધ વણ નોતર્યો મહેમાન બની આવે છે.

## જૈન વિજ્ઞાન-૪૮

### પાપ સ્થાનક - માયા:

માયાનું કષાયમાં સમાવેશ થાય છે. માયા સામાન્ય વિચારે જોઇએ તો આર્ય સંસ્કૃતિમાં કહેવાય કે મને ભગવાનની માયા લાગી છે. માયા અર્થ ઘટન અહીં ઉચિત નથી. માયા એટલે કપટ, છલ, દંભના અર્થે થાય છે.

માયા માટે રામાયણમાં રાક્ષસોને માયાવી સ્વરુપ લઇને ઋષિઓના આશ્રમે આંતક મચાવ્યાની વાત આવે છે. જૈન દર્શનમાં ૧૯માં તીર્થંકર પરમાત્મા શ્રી મલ્લીનાથ ભગવાનના પૂર્વ જન્મની વાત આવે છે. છ મિત્રો સામૂહિક દીક્ષા લઇ ઉત્કૃષ્ટ તપ આદર્યું. ધારેલ તપનું પૂર્ણાહુતિએ પારણું કરવાનું સામૂહિક નિર્ણય લેવાયો.

અહીં છ મિત્રોમાં પોતે વધુ એક ઉપવાસ આદરી મિત્રોમાં સર્વોચ્ચ તપ કરવાના અભિયાને માયાનું સ્વરુપ પ્રકાશ્યું. મિત્રોએ જ્યારે પુછ્યું કે આપે પારણું કર્યું ત્યારે પ્રત્યુત્તરમાં કહ્યું કે હા ! આ રીતે ઉગ્ર તપસ્યા કરી હોવા છતાંય માયા કર્મનો બંધ થયો.

અનંત ચોવીસીઓમાં પ્રથમવાર એવી આશ્ચર્યજનક ઘટના બની કે તીર્થંકર પરમાત્મા સ્વરુપે સ્ત્રી તીર્થંકર તરીકે શ્રી મલ્લીનાથ ભગવાન થયા. આ તેમણે પૂર્વે આદરેલ તપમાં માયાના ભાવ હતાં.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, સંજોગના પ્રભાવે માયા કર્મના ઉદયે તિર્યંચ, મનુષ્ય કે દેવ ગતિમાં ઘણખરું સંભવતઃ સ્ત્રી તરીકે જન્મ ધારણ કરવું પડે છે. નરકમાં નપુસંક પણે જન્મ થાય છે.

માયામાં છલ, કપટ, પ્રપંચ, દંભ, કાવાદાવા, રાજકારણ વગરે પ્રકારના કાર્યોનો સમાવેશ થઇ જાય છે.

## જૈન વિજ્ઞાન-૪૯

### પાપ સ્થાનક - લોભ:

જૈન દર્શનમાં લોભને અઢાર મુખ્ય પાપ સ્થાનકમાં સમાવેશ થયો છે. લોભ પાપનું મૂળ છે. લોભથી ધન સંગ્રહ અને દ્રવ્ય સંગ્રહ વધે છે. અંશતઃ પરિગ્રહનું સિંચન થાય છે. લોભ એટલે ધન કે દ્રવ્યમાં રહેલી આશકિત. લોભમાં સંપૂર્ણ કંજૂસાઇ સમાઇ શકે, કરકસર નહીં. લોભ કરવાના ઘણાં જ કારણો હોઇ શકે. લોભના કારણે વ્યકિત ભોગ ભોગવી શકતો નથી. દાન કરી શકતો નથી.

લોભના કારણે દ્રવ્ય ખર્ચાઇ જતાં જીવબળતરા થતાં ભાવ પરિણામ ખરાબ આવે. હંમેશા ધનની વૃદ્ધિ વધે તેમાં જ વધુ રસ રહે. ધન વૃદ્ધિમાં એક ઇન્દ્રિય થી પાંચ ઇન્દ્રિયના જીવોની હિંસાનો સમાવેશ થઇ જાય છે. મમ્મણ શેઠ લોભના કારણે સાતમી નરકે ગયા. મમ્મણ શેઠ અઢળક ધનના સ્વામિ હતા. શ્રેણિક રાજાનું ધન પણ ઝાંખુ લાગતું. મમ્મણ શેઠ એકઠાં થયેલા ધનમાંથી અમૂલ્ય રત્નોના બળદ બનાવ્યા. સંપૂર્ણપણે રત્નોનો એક બળદ બનાવ્યો અને બીજા બળદનું માત્ર એક શીંગડું જ અમૂલ્ય રત્નથી બનાવવાનું બાકી રહ્યું હતું.

લોભના કારણે નિયમિત ભોજનમાં માત્ર ચોળા અને તેલનો જ ઉપયોગ લેતાં. દાન દેવાની તો ક્યારેય વૃત્તિ જ ન હતી. ધનનો સંગ્રહ વધારવા ફાટેલા વસ્ત્રો પહેરતાં. ધન એકઠું કરવા જંગલમાં લાકડાં વીણવા જતા અને તેને વેંચીને પણ ધન એકઠું કરતાં. એક દિવસ શ્રેણિક રાજાની મહેલના ઝરુખેથી નજર મમ્મણ શેઠ ઉપર પડે છે. ધોધમાર વરસાદમાં એક વ્યકિત ફાટેલા વસ્ત્રોમાં લાકડાં ભેગા કરી રહ્યો છે. શ્રેણિક રાજાને અફસોસ થયો મારી પ્રજા આટલી ગરીબ અને કઠણાઇમાં જીવન જીવે છે !

શ્રેણિક રાજા તે વ્યકિતના ઘરે જાય છે તેને સહાયતાના ભાવ સાથે પૂછે છે આપને શું જોઇએ છે તે હું આપને આપું, તેથી આપનું દુઃખ ઓછું થઇ શકે. આશ્ચર્યની ઘટના ત્યારે થાય છે કે આટલા અમૂલ્ય રત્નના બળદ ! માત્ર એક શિંગડા માટેની જરૂરત માટે આવી કસરત !

## જૈન વિજ્ઞાન-૫૦

### પાપ સ્થાનક - રાગ:

રાગ એટલે આશકિત. એક વ્યકિતના બીજી વ્યકિત સાથે લાગણીના સંબંધો. રાગ એટલે સંગીતના રાગનું કથન અહીં નથી. રાગ સારી વ્યવહારિક ક્રિયા હોવા છતાં પણ પાપ સ્થાનકમાં તેની ગણતરી આવે છે. રાગના કારણે મનુષ્ય હિંસાજનક ક્રિયા કરી લે છે. પોતાના પરિવારજનો, સ્નેહીજનો, મિત્રો, સમાજ, ગુરુ કે દેશ સાથે રાગ થઇ શકે છે. રાગના કારણે મનુષ્યને મોહ ઉત્પન્ન થાય છે. રાગના કારણે ન કરવા યોગ્ય કાર્ય કરી લે છે.

પોતાના ગુરુ ચરમતીર્થાધીપતિ શ્રી મહાવીરસ્વામી પ્રત્યે શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીને અતૂટ રાગ હતો. ચાર જ્ઞાનના સ્વામિ હોવા છતાં પણ દરેક શંકાનું સમાધાન માટે શ્રી મહાવીરસ્વામી ભગવાનને જ પૂછતાં, એટલો ગાઢ સ્નેહ પ્રભુ પ્રત્યે હતો. શ્રી ગૌતમસ્વામીને અંતેવાસી શિષ્ય કહેવાય છે. અંતેવાસી એટલે સદાય પ્રભુની બાજુમાં રહ્યા હતાં. ક્યારેય ભગવાનથી અલગ થયા નહોતા. એમને સતત શંકા રહેતી કે મારા દરેક શિષ્યોને કેવળજ્ઞાન પ્રગટ થયું તો મને કેમ નથી ઉપજતું ? પ્રભુએ કહ્યું તને મારા પ્રત્યે અગાઢ રાગ છે. પ્રભુ પ્રત્યેનો અગાઢ રાગ તોડવો શ્રી ગૌતમસ્વામી માટે અશક્ય હતો.

પ્રભુ, પોતાના નિર્વાણનો સમય આવ્યો છે તે જાણી, શ્રી ગૌતમસ્વામીનો અગાઢ રાગ તોડવા માટે દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલાવે છે. સમવસરણમાં ૪૮ કલાક સતત દેશના આપી દેવ, મનુષ્ય અને તિર્યંચ જીવને બોધ આપ્યો. જે સંવાદ ઉત્તરાધ્યયન સૂત્ર (ઉપાંગ)માં અક્ષરસ લખાયેલ છે. દેવશર્મા પ્રતિબોધિ પરત પાવાપુરી તરફ પ્રયાણ કરે છે. રસ્તામાં સમાચાર મળે છે કે પ્રભુજી નિર્વાણ (હવે પછી જન્મ-મરણ ન થાય તેવા મરણને નિર્વાણ કહેવાય) પામ્યા. ઘેરો આઘાત લાગે છે, પ્રભુ ! આપે મને આપથી કેમ અળગા કર્યા ? ઘણાં જ મનોમંથન પછી ખ્યાલ આવે છે હું મિથ્યા રાગ કરું છું ! તરત જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. જિનેશ્વર દેવ દીક્ષા લીધા પછી છદ્મસ્થ અવસ્થામાં રાગ-દ્વેષનો ક્ષય કરી વીતરાગી બને છે.

## જૈન વિજ્ઞાન-૫૧

### પાપ સ્થાનક - દ્વેષ :

દ્વેષ એટલે વેર. વેરના કારણો ઘણાં હોઇ શકે. પૂર્વે આદરેલા કર્મોથી થયેલા જીવો સાથે આપસી વેરની ભાવના. વર્તમાન જીવનમાં નૂતન કર્મોથી પણ વેરની ભાવના નિર્માણ થાય છે.

વેરને શાંત કરવાનો એકમાત્ર ઇલાજ છે ક્ષમા. વેરના કારણે જીવને પીડા, વેદના, નુકસાન, અંગ છેદ (અપંગ), માનસિક અને શારીરિક તકલીફો, હિંસા કરવાના ભાવો પ્રતિક્ષણ આવે છે. જ્યાં સુધી સામે વાળા જીવને પૂરી રીતે તકલીફ કે પ્રાણ રહિત ન કરે ત્યાં સુધી ચેન નથી પડતું. આ પરંપરા જીવ-પ્રતિ જીવ સાથે ભવપરંપરાએ થતી જ રહે છે. શાસ્ત્રમાં ઉદાહરણ આપ જોઇ શકશો કમઠ અને શ્રી પાર્શ્વનાથ ભગવાન તેમજ દ્વારપાલ અને શ્રી મહાવીરસ્વામી.

વર્તમાન અવસર્પિણી કાળમાં પ્રથમ વાસુદેવ તરીકે નયસાર સાર્થવાહનો જીવ ત્રિપુષ્ઠ વાસુદેવ થયા. વાસુદેવ ત્રણ ખંડના રાજા હોય છે. ચક્રવર્તી છ ખંડના રાજા હોય છે. એક દિવસ વાસુદેવે દ્વારપાલને આદેશ આપ્યો કે નાટ્ય-મનોરંજન-ગીત, મને નિદ્રા (ઉંઘ) આવી જાય તો તરત જ બંધ કરાવી દેવું. જ્યારે ત્રિપુષ્ઠ વાસુદેવ સવારે ઉઠે છે ત્યારે જુએ છે મનોરંજન હજુ ચાલે છે. વાસુદેવનો ક્રોધ વધ્યો, આદેશનું ઉલ્લંઘન ! તરત સેવકોને બોલાવી સીસું ગરમ કરાવ્યું. વાસુદેવે ગરમ, ધખધખતું પીગળેલું સીસું દ્વારપાલના કાને રેડ્યું, પરિણામે દ્વારપાલનું મૃત્યુ થયું પણ મરતાં મરતાં દ્વારપાલનું વેર પ્રબળ હતું.

આજ કર્મનો ઉદય ૨૭માં ભવે શ્રી મહાવીરસ્વામીના સમયે આવે છે. દ્વારપાલનો જીવ ખેડૂત બન્યો છે. પોતાના બળદોનું ધ્યાન રાખવાનું જણાવી પોતે બહાર જાય છે. પરત આવતા બળદો ન મળતા વેરની ભાવનાથી કાનમાં શૂળ ભોંકે છે. શૂળને કોઇને નજરમાં ન આવે તે રીતે બન્ને બાજુથી શૂળનો બહારનો ભાગ કાપી નાખે છે જેથી કોઇ જોઇ ન શકે અને કાઢી પણ ન શકે. પ્રભુને કાનમાં કારમી વેદના હતી. પરંતું ખેડૂતને આ ખરાબ કાર્ય માટે ક્ષમા જ આપે છે.

## જૈન વિજ્ઞાન-૫૨

### પાપ સ્થાનક - કલહ:

કલહ એટલે કજીયો, ઝગડો, વિવાદ. કલહ મુખ્ય પાપ સ્થાનકમાં સમાવેશ થયો છે. કલહનું મુખ્ય કારણો પોતાની ઇચ્છિત વસ્તુની અપૂર્તિ, ક્રોધ આંતરિક હોય તો કલહ જીભે હોય, અભદ્રભાષાનો ઊપયોગ, વાણીમાં અસંયમ, કોઇની વસ્તુને અનીતિથી લઇ લેવી, ઇર્ષ્યા, લોભ, મૈથુન, માન, માયા વગેરે અનેક કારણોથી કલહ ઉત્પન્ન થાય છે.

ક્રોધથી વાણીમાં સંયમ રહેતો નથી. ઉગ્ર સ્વભાવી થાય છે. જ્યારે કલહથી માનવ વિવેક વગરનો જણાય છે. ઝગડાખોર મનુષ્યથી પરિચયમાં આવનાર લોકો, સ્નેહીજનો, મિત્રજનો, જ્ઞાતિજનો વગેરે દુર થાય છે.

કલહના કારણે આત્મહિત થતું નથી, શારીરિક અને ભાવ હિંસા ઉદ્‌ભવે છે. કલહ અને ક્રોધના સમન્વયથી એકેન્દ્રિય થી પંચેન્દ્રિય જીવોના હિંસાની સંભવના વધે છે. કલહના કારણે આપસી વેરભાવ વધે છે. વેરનો બદલો લેવા માટે જીવ પુનઃ પુનઃ પ્રયાસ કરતો રહે છે. કલહ વખતે સમતાપૂર્વક વાણી સહન કરવી. પ્રત્યુત્તરના કારણે કલહ દાવાનળ સ્વરુપ લે છે. મૌન સરળ ઇલાજ છે કલહ ઉપર વિજય મેળવવા માટે !

## જૈન વિજ્ઞાન-૫૩

### પાપ સ્થાનક - અભ્યાખ્યાન:

જૈન દર્શનમાં અભ્યાખ્યાન એટલે આળ, આરોપ, તહોમત થાય છે. અભિ + આખ્યાન = અભ્યાખ્યાન. અભિ એટલે સામે અને આખ્યાન એટલે કહેણ.

આપણને સરળતાથી આરોપ શબ્દ સમજાઇ શકે છે. દા. ત. કોઇ વ્યકિત એ ચોરી કરી છે કે નહીં તેની માત્ર શંકાથી આપણે તેને ચોર કહીએ છીએ. વસ્તુની ચોરી આપણે ભલે પ્રત્યક્ષ ન જોઇ હોય તો પણ સામે વાળો ચોર છે આવો ગંભીર આક્ષેપ કેમ સંભવ બને ?

નિર્દોષ વ્યકિત ઉપર માત્ર આપણી બુદ્ધિ ક્ષમતાથી કોઇપણ બાબતનો આરોપ શંકા માત્રથી ઘડી નાખીએ છીએ તેમજ તે વ્યકિતને તે પ્રમાણે જ શંકાની નજરે જોતા હોઇએ છે. આ પ્રકારનું પાપ તે અભ્યાખ્યાન કહેવાય. આવા આરોપોની નોંધ કર્મસત્તા લે છે.

નિર્દોષ વ્યકિત ઉપર આરોપના પરિણામ સ્વરૂપે અભ્યાખ્યાન કર્મ અનંતગણો થઇ આરોપ દેનાર સાથે કર્મ ઉદયમાં આવતાં તેને ભોગવવા જ પડે છે. આટલું માત્ર આરોપ ઘડનાર જ નહીં ! પરંતું આરોપના પ્રચાર, સહયોગ, સમીક્ષા કે અનુમોદના કરનારને પણ આટલું જ લાગુ પડે છે. અભ્યાખ્યાન માટે વિષય ઘણાં હોઇ શકે દા. ત. ચોરી તેમજ સંસારમાં રહેલી વિવિધ પ્રવૃત્તિઓ.

## જૈન વિજ્ઞાન-૫૪

### પાપ સ્થાનક - ચાડી:

ચાડી એટલે ચુગલી, કોઇની વિરુદ્ધ અન્યને જઇને ફરિયાદ કરવી તે. જૈન દર્શનમાં ચાડી, મુખ્ય ૧૮ પાપસ્થાનકમાં સમાવેશ થયો છે. ઘણીવાર એવું બને કોઇના ભેદ બીજાને કહી દઇએ તે પણ ચાડીનો પ્રકાર છે. ઇર્ષ્યાના કારણે સામે વાળાનું સારું ન જોઇ શકવાથી કોઇક ત્રૂટી કે ખામી તરીકેનું જાહેર કરવાનું કારણ પણ ચાડી તરીકે હોઇ શકે છે.

અંગ્રેજો ભારતમાં પ્રવેશ્યા અને કૂટનીતિ પ્રમાણે રાજાઓને મહામૂલ્ય ભેટ ધરતાં. રાજા પ્રસન્ન થઇ વેપાર કરવાની આઝાદી આપતાં અને આશરો પણ! ધીમે ધીમે રાજાના ભેદ જાણી, બીજા રાજા દ્વારા યુદ્ધ કરાવતાં અને પોતાનો પ્રભાવ વિસ્તારતાં. તેમની આ કૂટનીતિ ચાલમાં લોભ, માયા અને ચાડીનો મુખ્યત્વે સમાવેશ રહેતો.

સંસારમાં ઘરેલું કારણોમાં દેરાણી, જેઠાણી, નણંદ, સાસુ, દિયર, જેઠ, મિત્ર, સ્નેહીજનો વગેરે સાંસારિક સંબંધોમાં તિરાડો જો પડ્યા હોય તો તેમાં મુખ્ય કારણોમાં ચાડીનો સમાવેશ હોય છે.

ચાડીથી ક્યારેય કોઇનું હિત થતું નથી. આત્મ ગુણોનો ઘાત થાય છે. જ્યારે સામેની વ્યકિતને ચાડીનો આભાસ થાય છે ત્યારે પરસ્પર વેર વધે છે. હિંસા કરવાના ભાવ આવે છે.

## જૈન વિજ્ઞાન-૫૫

### પાપ સ્થાનક - રતિઅરતિ:

રતિઅરતિ એટલે રુચિ અને અરુચિ. રતિઅરતિ બન્ને વિષયો એક બીજાથી અલગ છે. કરવા યોગ્ય કાર્યમાં અરુચિ થવી અને ન કરવા યોગ્ય કાર્યમાં રુચિ થવી તે સંદર્ભે ઉલ્લેખ થાય છે.

તારક તીર્થંકરની વાણીમાં શ્રદ્ધા રાખી તેમણે કહેલા જિનાજ્ઞા માર્ગે ચાલવામાં રુચિ કરવી જોઇએ, પરંતું મનુષ્ય તેનાથી વિપરીત સાંસારિક, ભૌતિક સુખો મેળવવા સતત રુચિ કરે છે. સાંસારિક ભૌતિક સુખ એકેન્દ્રિય થી પંચેન્દ્રિય જીવોની હિંસા વગર શક્ય જ નથી.

તે જ પ્રમાણે અરુચિ કરવા યોગ્ય કાર્યમાં રુચિ કરે છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગચારિત્રમાં રુચિ કરવાનું છે. આત્માનું ત્રૈકાલિક ગુણ અવસ્થા રત્નત્રય (જ્ઞાન, દર્શન અને ચારિત્ર) છે. આત્માનું અસલી સ્વરુપ છે. હિંસાજનક કાર્યોના પરિણામે મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્રથી પ્રોત્સાહિત થઇ આત્મા ઉપર આઠ મુખ્ય આવરણો ચડાવતો રહે છે. જીવને સત્ય સમજાતું નથી, આત્માના મુખ્ય આઠ ગુણોથી વિપરિત કર્મોના આવરણ થકી, મોહનીય કર્મવશના કારણે મનુષ્ય સંસારમાંથી છૂટી શકતો નથી. રતિ યુકત કાર્યોમાં અરતિ અને અરતિ યુકત કાર્યોમાં રતિ કરી બેસે છે.  મનુષ્યને મોહમાં બાંધી નાખે છે.

## જૈન વિજ્ઞાન-૫૬

### પાપ સ્થાનક - પરપરિવાદ:

પરપરિવાદ એટલે નિંદા. બીજાની નિંદા કરવી, કુથલી કરવી, ગુણીજનો કે નિર્ગુણીજનોની નિંદા કરવી. લોકોની નિંદા કરવી તે આત્મ કલ્યાણકારી નથી. બીજાના અવગુણોની નિંદા કરવી તેમજ બીજાના રહેલા સદગુણો ઇર્ષ્યાના કારણે માત્ર તેના અવગુણો જ પ્રકાશવા તેમાં મુખ્યત્વે નિંદા કામ કરી જાય છે.

દરેક વ્યકિત પોતપોતાની રીતે સારું આપવાનું કે સારા બનવા માટે પ્રયત્નશીલ હોય છે. પ્રયાસો છતાં પણ ક્યાંક ક્ષતિ રહી શકે, એનો અર્થ એમ ન થાય કે તેણે પ્રયાસો નથી કર્યો. મનુષ્યમાં લોકોના દુર્ગુણ જોવાની આદત હોય છે. પોતાનાથી કોઇ ઉંચે ન ચડી જાય તે માટે પણ પ્રયત્નશીલ બને છે. બીજાની નિંદા કરવા જતાં પોતે જ નિંદાનો શિકાર બની જાય છે.

ભરી સભામાં જ્યારે ગોશાલાનું કર્તૃત્વ પ્રભુ મહાવીરે જાહેર કર્યું ત્યારે ગોશાલો ધૂંઆફૂંઆ થતાં પ્રભુ દ્વારા આચરવામાં આવતા ધર્મની નિંદા કરવા લાગ્યો. પોતે પણ ૨૫મો તીર્થંકર છે એમ લોકોને કહેવા લાગ્યો. સતત પ્રભુની નિંદા કરવા લાગ્યો. જૈન દર્શનમાં નિંદાને ૧૮ મુખ્ય પાપસ્થાનકમાં સમાવેશ થયો છે. નિંદાના કારણે વેર પ્રતિવેર, હિંસા પ્રતિહિંસાની સંભવના વધે છે.

# જૈન વિજ્ઞાન-૫૭

## પાપ સ્થાનક - માયા મૃષાવાદ:

જૈન દર્શનમાં માયામૃષાવાદ એટલે ખોટું બોલવું, અસત્ય બોલવું. વાસ્તવિક પરિસ્થિતિ ન જણાવવી, વસ્તુતઃ દર્શન ન જણાવવા, જે પરિણામ છે તેનાથી વિપરીત પરિણામ બતાવવું. જે ક્રિયા કે કાર્ય કર્યું છે તે નથી કર્યું તેમ જણાવવું, અસત્ય વાતને સત્ય કહેવી અને સત્ય વાતને અસત્ય કહેવી વગેરે ઘણાં જ કારણો માયા મૃષાવાદમાં ગણાય.

એવું કહેવાય કે કર્મની સત્તામાં દરેક ઇન્દ્રિય દ્વારા કાર્ય કરવાની સ્વતંત્રતા મળી જેથી તેનો સદુપયોગ થવો જોઇએ, પરંતું તેનો દુરુપયોગ થવાથી તે ઇન્દ્રિય દૂર્લભ થાય છે એટલે કે બીજા ભવમાં ઇન્દ્રિય પરિપૂર્ણ થવી મુશ્કેલ હોય છે અથવા ખોડખાંપણ આવે છે.

આંખ, કાન, નાક, જીભ અને સ્પર્શ (ચામડી) દ્વારા થતી વિવિધ ક્રિયા (શુભ અને અશુભ) જેવા કાર્ય તેવા પરિણામ! વાસ્તવમાં અસત્ય બોલવાથી વ્યકિત માત્ર પોતાને જ મૂર્ખ બનાવી શકાય છે. અસત્યને છૂપાવવા વધુને વધુ ખોટું બોલતાં રહેવું પડે છે, એટલું જ નહીં સતત સાવધાન રહેવું પડે છે ક્યાંક તેનું અસત્ય પકડાઇ ન જાય! સામે વાળી વ્યકિત તો તમારા ઉપર અતૂટ શ્રદ્ધા હોવાથી સહજપણે માની લે છે. જ્યારે વાસ્તવિક હકીકત સમજાય છે ત્યારે ખોટું બોલનારને ઘણું જ ગુમાવવું પડે છે.

## જૈન વિજ્ઞાન-૫૮

### પાપ સ્થાનક - મિથ્યાત્વશલ્ય:

જૈન દર્શનમાં ૧૮ મુખ્ય પાપ સ્થાનકમાં મિથ્યાત્વશલ્ય એટલે મિથ્યાત્વ એટલે ખોટું, અસત્ય, અજ્ઞાન વગેરે અને શલ્ય એટલે કાંટો, અસત્યરુપી કાંટો.

જે સત્ય છે તેને તે સ્વરુપે ન સ્વીકારવું તે મિથ્યાત્વ કહેવાય. જે વાસ્તવિક સ્વરુપ છે તેને નકારવું તેને મિથ્યાત્વ કહેવાય. સમ્યકજ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યકચારિત્રની વિપરીત જે જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે તે મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્ર.

તારક તીર્થંકર શ્રી મહાવીર સ્વામી જન્મથી શ્રુતજ્ઞાની, મતિજ્ઞાની અને અવધિજ્ઞાની હતાં તેમજ દીક્ષા લેતાં જ મનઃપર્યવજ્ઞાન પ્રગટ થયું તો પણ સાડા બાર વર્ષ મૌન રહ્યા એટલે કે આટલું બધું દિવ્યજ્ઞાન હોવા છતાંય પ્રવચન કે દેશના ન આપી. લક્ષ્ય હતું જ્યાં સુધી સંપૂર્ણ જ્ઞાન પ્રગટ ન થાય ત્યાં સુધી મૌન રહેવું.

જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થયું ત્યારે જ પ્રથમ દેશના (પ્રવચન) આપ્યું. એટલું તેમનું જ્ઞાન અણિશુદ્ધ હોય છે. તેમની વાણીમાં ઉચ્ચારમાં કાના, માત્રાનો દોષ ન હોય ! જે જેવી પરિસ્થિતિ કે વાસ્તવમાં છે તેને તેવા સ્વરુપે જ દર્શાવવું. ક્યારેય તેમની વાણીમાં બે અર્થ ન થાય એટલી પૂર્ણ ભાષા બોલે.

તેમણે તત્વજ્ઞાનના એકેક તત્વની માહિતી વિસ્તારથી ઉદાહરણ સાથે સમજાવી. તેમણે ૮૪ લાખ જીવાયોનીની માહિતી આપી. એકેન્દ્રિય જીવ પૃથ્વી, પાણી, હવા, અગ્નિ અને વનસ્પતિ પોતે જીવ છે તેમજ તેમની મનોદશા જણાવી. જ્યારે આટલું અણિશુદ્ધ જ્ઞાનને મિથ્યાજ્ઞાની લોકો તેને સ્વીકાર ન કરે તે જ આશ્ચર્ય છે !

## જૈન વિજ્ઞાન-૫૯

### મનુષ્યનું ભોજન:

જૈન દર્શનમાં ભોજન એ હિંસાનું કારણ છે. એકેન્દ્રિય જીવ વનસ્પતિ, ધાન્ય, ફળ, અગ્નિ, વાયુ, પાણી અને પૃથ્વીકાય જીવની હિંસા અચૂક હોય છે તેમજ એકેન્દ્રિય જીવને આશરે જીવનારા સુક્ષ્મ જીવો પણ આપણા ભોજનના કારણે મરણ પામે છે.

ભોજન વગર જીવન શક્ય નથી. શરીરની વૃદ્ધિ અને શરીરનો ઘસારો, શરીરનો થાક વગેરે શારીરિક રીતે નબળાઇ નિત્ય થતી રહે છે. ભોજન કરવાથી જ શારીરિક ક્ષમતા વધે છે. વિશેષ જૈન દર્શનમાં રસોઇ બનાવતી વખતે જયણાનું વિધાન છે. જયણા એટલે સુક્ષ્મ જીવોની હિંસા ન થાય તેનું વિશેષ ધ્યાન રાખવું.

સુક્ષ્મ જીવો ફળ, શાકભાજી, અનાજ, કઠોળ, મસાલા, મુખવાસ, સુકામેવા, સાકર, ગોળ વગેરેમાં સહજતાથી ઉપજે છે. તેથી રસોઇ કરતી બહેનો દ્વારા બેધ્યાન થતાં હિંસા સહજતાથી સંભવ બને છે. મનુષ્ય જીવન પરાવલંબી જીવ કહેવાય છે. પોતાની શારીરિક ક્ષમતાથી જીવી ન શકે તેથી પ્રતિ ક્ષણ હિંસા વગર જીવન અશક્ય છે.

ભોજન વખતે હંમેશા ખેદનો ભાવ હોવો જોઇએ. ઘણાં જણાની આદત હોય કે રસોઇ ખૂબજ સરસ બની છે કે સરસ નથી બની તેનો ઉલ્લેખ ભોજન વખતે અચૂક કરે ! જે યોગ્ય નથી, કોઇ જીવની હિંસા એ જ ભોજન હોય તો ભોજન સારું કે ખરાબ કેમ હોઇ શકે ?

ભોજન વખતે ઉદાસીનતા અને ખેદથી હળુકર્મી બની શકાય પરંતુ હિંસા મુકતતો નહીં જ ! સાધુ ભગવંતોને નિર્દોષ ગોચરીની જિનાજ્ઞા હોય છે. નિર્દોષ એટલે તેમના નિમિત્તે ભોજન ન બન્યું હોય તેવી ગોચરી વાપરવી. આપણાં ભોજન એટલે ઘરના દરેક સદસ્યોના નિમિત્તે બનતી હોવાથી દરેક જણ હિંસામાં નિમિત્ત બને છે.

## જૈન વિજ્ઞાન-૬૦

## ભોજન લેતી વખતે સાવધાની:

આર્ય સંસ્કૃતિમાં ભોજન લેવાની પણ કળા છે. જૈન દર્શનમાં ભોજન માત્ર શરીરને ટકાવવા પુરતું જરુરી છે પણ ઉદાસીન ભાવથી. આર્ય સંસ્કૃતિમાં ભોજન લેતાં પહેલાં શારીરીક શુદ્ધિ સ્વરુપે સ્નાન કે હાથ, પગ અને મોંનુ શુદ્ધિકરણ અનિવાર્ય છે. મન અને ચિત્ત પ્રફુલ્લિત હોવું જોઇએ. આસન ગ્રહણ કરી પાટલા ઉપર થાળી ગોઠવી તાંબા, કાંસા કે બન્ને મિશ્રણ ધાતુથી બનેલ થાળી, વાટકા, ગ્લાસ અને લોટાનો ઉપયોગ હોય છે. આરાધ્ય દેવોના સ્મરણ બાદ ભોજન લેવાનું હોય છે.

ભોજન એટલી સંવેદનશીલ ક્રિયા છે કે જમતી વખતે જેવા વિચારો આવે તેવા ભાવ અને પરિણામોની સંભવના રહે છે. જમતાં પહેલાં નવકાર મંત્રના સ્મરણ કરવાથી મન અને ચિત્ત શાંત અને સ્થિર બને છે. ખરાબ કે ચિંતાજનક વિચારો નથી આવતાં.

ભોજન લેતી વખતે માત્ર ભોજનના ભાવ આવવાથી ભોજનના સ્વાદ, રસ એકચિત્ત હોવાથી ભોજન શરળતાથી પચે છે અને શરીરની વૃદ્ધિ શાથે કબજીયાત જેવા રોગો ઉત્પન્ન થતાં નથી. ઘણાંને કુટેવ હોય વાતો કરવાની, સંગીત સાંભળવાની, ટી. વી. જોવાની, મનોરંજન, સમાચાર, રમતગમત અને મોબાઇલ ફોન ઉપર વાત કરવાની સાથે છાપા (સમાચાર પત્ર) વાંચવાની. આ બધી જ પ્રક્રિયા દ્વારા થતું ભોજન તેવું પરિણામ લાવે છે. જ્ઞાનાવરણીય કર્મોનો જબરદસ્ત ઉદય થાય છે. ભોજન સાથે જેવા સમાચાર, જેવા મનોરંજન તેવા ભાવ નિર્માણ થાય છે.

ખાવાની માત્રાનો ખ્યાલ નથી આવતો ક્યારેક વધુ ખવાઇ જાય, ક્યારેક ઓછું ખવાય ! ભોજનના સ્વાદની ખબર ન હોય, ખાવામાં સુક્ષ્મ જીવો આવી જાય તો ખબર ન પડે. ભોજનમાં ધ્યાન ન હોવાથી લાળ ઉત્પન્ન ન થતાં ભોજન પચતું નથી પરિણામે બીમારી સંભવે છે. શરીરનો વિકાસ થતો નથી.

## જૈન વિજ્ઞાન-૬૧

### ભોજન વખતે જરુરી ઉપયોગ:

ભોજન શરીરને ટકાવવા માટે અનિવાર્ય ઉપાય છે. ભોજન હંમેશાં સૂર્યોદય બાદ ૪૮ મિનિટ થયા પછી લેવાય જેને નવકારશી સમય કહેવાય. સાંજના ભોજનની પૂર્ણાહુતિ સૂર્યાસ્તની ૪૮ મિનિટ પહેલાં પૂર્ણ કરવાનું હોય છે જેને ચૌવિહાર સમય કહેવાય. વર્તમાનમાં સૂર્યાસ્ત સુધી ભોજન લેવાની વિચારણા હોય છે. સૂર્યાસ્ત પછી હોજરી સંકોચાઈ જાય છે.

ભોજન લેતાં હાથ, પગ અને મોઢું શુદ્ધ કરી પછી ભોજન લેવાય. જેથી શરીરનો થાક ઉતરી જાય. આસન પાથરી બેસવું. પાટલા ઉપર થાળી, વાટકા, ગ્લાસ અને લોટો શક્ય હોય તો તાંબા, કાંસા કે બન્ને મિશ્ર ધાતુના લેવા.

નવકાર મંત્રના સ્મરણ બાદ ભોજન લેવું. ટી. વી., મોબાઇલ ફોન, સમાચાર પત્રનો ઉપયોગ ન કરવો. આપણી સાથે બેસેલા કોઇની સાથે વાતો ન કરવી. શક્ય હોય તો ભોજનની વાનગી ઇશારા પૂર્વક લેવી.

ભોજન કરતી વખતે મન પ્રફુલ્લિત બનાવી, શાંત ચિત્તે ભોજન આરોગવું. સાકરના બદલે ભોજનમાં ગોળનો ઉપયોગ કરવો. ઉકાળેલું પાણીનો ઉપયોગ કરવો. કાંસાના વાસણમાં છાસ ન લેવી. વિરુદ્ધ આહાર ન લેવો. શક્ય હોય તો આખા દિવસમાં એક, બે કે ત્રણ વખત ભોજન લેવું આખો દિવસ ખા-ખા ન કરવું. આજકાલ ડોકટરો સલાહ આપે છે કલાક બે કલાકે ખાતા રહેવું. આ માન્યતાથી પાચનશકિત નબળી બને છે, હોજરીને આરામ નથી મળતું. શારીરિક ક્ષમતા ઘટે છે.

કંદમૂળનો ત્યાગ કરવો. કંદમૂળ તામસી ખોરાક કહેવાય. શરીરમાંથી દુર્ગંધ તેના કારણે ઉત્પન્ન થાય છે. મહાવિગઇનો સંપૂર્ણ ત્યાગ કરવો. શકિત અને તંદુરસ્તીની ખોટી ભ્રમણા લોકોમાં જાગૃત છે. વાસી ખોરાક ન લેવો. આ ભોજન અનંતજીવોની હિંસાના કારણરુપ છે.

## જૈન વિજ્ઞાન-૬૨

### શક્રસ્તવ:

પૃથ્વીથી ઉપરની દિશાએ પ્રથમ વૈમાનિક દેવલોક સૌધર્મ છે. તેના આધિપતિ, નેતૃત્વ અને સંચાલક ઇન્દ્ર સૌધર્મેન્દ્ર છે. સૌધર્મેન્દ્રના સિંહાસનનું નામ શક્ર છે તેથી સૌધર્મેન્દ્રને શક્રેન્દ્ર પણ કહેવાય છે. સ્તવ એટલે સ્તવના, સ્તુતિ. શક્રસ્તવ એટલે શક્રેન્દ્ર દ્વારા તારક તીર્થંકરને થતી સ્તવનાને શક્રસ્તવ કહેવાય છે જેને આપણે નમોત્થુણં સ્તોત્ર કહીએ.

વર્તમાનમાં ચૈત્યવંદન કરતી વખતે નમોત્થુણં સ્તોત્ર અવશ્ય બોલાય છે જે નાના સ્તોત્રના સ્વરુપે બોલીએ છીએ. નમોત્થુણં સ્તોત્રના દરેક શબ્દો પ્રભુના દિવ્ય ગુણો, વિશેષ ઉપમાં, અતૂલ્ય વિશેષણો હોય છે. જે ૧૪ રાજલોકમાં એક માત્ર તીર્થંકર પરમાત્માને ઉદ્દેશીને જ બોલાય છે !

વીતરાગ પરમાત્માને જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે સહુ પ્રથમ કેવળજ્ઞાનની જાણ સૌધર્મેન્દ્રને થાય છે. એક માત્ર સૌધર્મેન્દ્ર છે જે પ્રભુના દિવ્ય ગુણોને જાણે છે, બાકી તો મનુષ્યોમાં અજ્ઞાનતા છે જે પ્રભુની શકિત અને દિવ્ય ગુણોથી અજાણ છે.

સમવસરણની રચના પણ સૌધર્મેન્દ્રની આજ્ઞાથી તેમના સેવક દેવતાઓ દ્વારા નિર્માણ થાય છે. પ્રભુ સમવસરણમાં બિરાજમાન થાય છે ત્યારે સહુ પ્રથમ સૌધર્મેન્દ્ર ૨૫૦ વિશેષણોથી પ્રભુના ગુણગાન ગાય છે. જે સ્તવનાને બૃહદ્ (મોટું) શક્રસ્તવ સ્તોત્ર કહેવાય છે. આપણે ચૈત્યવંદનમાં જે બોલીએ છીએ તે લઘુ (નાનું) શક્રસ્તવ સ્તોત્ર હોય છે. તેમાં થોડાંક વિશેષણો (ઉપમા)નો સમાવેશ હોય છે.

## જૈન વિજ્ઞાન-૬૩

### કાળચક્ર-૧ :

જૈન દર્શનમાં પ્રલયને કોઇ જ માન્યતા નથી. ક્ષેત્રમાં પરિવર્તન સંભવ છે. અન્ય દર્શનના લોકો પ્રલયની માન્યતાઓ ધરાવે છે જે મિથ્યા છે અને હાસ્યાસ્પદ પણ છે. અનંતસમયથી કાળચક્ર ચાલતું આવ્યું છે અને ચાલતું જ રહેશે. કાળને કોઇ આદિ નથી અને અંત નથી. અનંત ચોવીસીઓ થઇ ગઇ અને થશે !

સમયની ગણતરી હોય છે. વ્યવહારિક સમયમાં સેકન્ડ, મિનિટ, કલાક, દિવસ, રાત, પખવાડિયો, મહીનો, ચાર મહિનાની ઋતુ, વર્ષ, સદી, હજાર વર્ષ વગેરે ગણતરીમાં લેવાય છે. અંગ્રેજી કેલેન્ડર સૂર્યની ગણતરી ઉપર ચાલે છે. જ્યારે હિન્દુ તિથિ ચંદ્રની ગણતરીએ ચાલે છે. જૈન દર્શનમાં ચંદ્રની ગણતરી ઉપર જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ લેખમાં આપણે કાળચક્રની ગણતરી સમજીએ...

૧) અવિભાજિત કાળનું પ્રમાણ = ૧ સમય
૨) ૯ સમય = ૧ જઘન્ય (નાનું) અંતમુહૂર્ત
૩) ચોથા જઘન્યયુકત અસંખ્યાતાની સંખ્યા પ્રમાણ સમય = ૧ આવલિકા
૪) ૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લક ભવ
૫) ૨૨૨૩-૧૨૨૯/૩૭૭૩ આવલિકા = ૧ ઉચ્છવાસ (શ્વાસ લઇએ તેટલો સમય) અથવા ૧ નિઃશ્વાસ (શ્વાસ છોડીએ તેટલો સમય)
૬) ૧ શ્વાસ + ૧ નિઃશ્વાસ = ૧ પ્રાણ
૭) ૭ પ્રાણ = ૧ સ્તોક
૮) ૭ સ્તોક = ૧ લવ
૯) ૩૮.૫ લવ (૨૪ મિનિટ) = ૧ ઘડી
૧૦) ૨ ઘડી (૪૮ મિનિટ) = ૧ મુહૂર્ત (સામાઇક વ્રત કાળ)
૧૧) ૩૦ મુહૂર્ત = ૧ દિવસ-રાત (અહોરાત્ર)
૧૨) ૧૫ દિવસ = ૧ પક્ષ (પખવાડિયું)
૧૩) ૨ પક્ષ = ૧ માસ (મહીનો)

વધુ... **જૈન વિજ્ઞાન-૬૪**

## જૈન વિજ્ઞાન-૬૪

### કાળચક્ર-૨ :

૧૪) ૨ માસ = ૧ ઋતુ (એક વર્ષમાં ૬ ઋતુ હોય છે)
૧૫) ૩ ઋતુ = ૧ અયન
૧૬) ૨ અયન = ૧ વર્ષ
૧૭) ૫ વર્ષ = ૧ યુગ
૧૮) ૨૦ યુગ = ૧ સદી (૧૦૦ વર્ષ)
૧૯) ૧૦ સદી = ૧ સહસ્ત્ર વર્ષ (૧૦૦૦ વર્ષ)
૨૦) ૧૦૦ સહસ્ત્ર વર્ષ = ૧ લક્ષ વર્ષ (૧,૦૦,૦૦૦ વર્ષ)
૨૧) ૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ
૨૨) ૮૪ લાખ પૂર્વાંગ = ૧ પૂર્વ (૭૦,૫૬,૦૦,૦૦,૦૦,૦૦, ૦૦૦ વર્ષ)
૨૩) ૮૪ લાખ પૂર્વ = ૧ ત્રુટિતાંગ (શ્રી આદિનાથ ભગવાનનું આયુષ્ય)
૨૪) ૮૪ લાખ ત્રુટિતાંગ = ૧ ત્રુટિત
૨૫) ૮૪ લાખ ત્રુટિત = ૧ અડડાંગ
૨૬) ૮૪ લાખ અડડાંગ = ૧ અડડ
૨૭) ૮૪ લાખ અડડ = ૧ અવવાંગ
૨૮) ૮૪ લાખ અવવાંગ = ૧ અવવ
૨૯) ૮૪ લાખ અવવ = ૧ હુહુકાંગ
૩૦) ૮૪ લાખ હુહુકાંગ = ૧ હુહુક
૩૧) ૮૪ લાખ હુહુક = ૧ ઉત્પલાંગ
૩૨) ૮૪ લાખ ઉત્પલાંગ = ૧ ઉત્પલ
૩૩) ૮૪ લાખ ઉત્પલ = ૧ પદ્માંગ
૩૪) ૮૪ લાખ પદ્માંગ = ૧ પદ્મ
૩૫) ૮૪ લાખ પદ્મ = ૧ નલિનાંગ

વધુ... **જૈન વિજ્ઞાન-૬૫**

## જૈન વિજ્ઞાન-૬૫

### કાળચક્ર-૩:

૩૬) ૮૪ લાખ નલિનાંગ = ૧ નલિન
૩૭) ૮૪ લાખ નલિન = ૧ અર્થનિપૂરાંગ
૩૮) ૮૪ લાખ અર્થનિપૂરાંગ = ૧ અર્થનિપૂર
૩૯) ૮૪ લાખ અર્થનિપૂર = ૧ અયુતાંગ
૪૦) ૮૪ લાખ આયુતાંગ = ૧ અયુત
૪૧) ૮૪ લાખ અયુત = ૧ પ્રયુતાંગ
૪૨) ૮૪ લાખ પ્રયુતાંગ = ૧ પ્રયુત
૪૩) ૮૪ લાખ પ્રયુત = ૧ નયુતાંગ
૪૪) ૮૪ લાખ નયુતાંગ = ૧ નયુત
૪૫) ૮૪ લાખ નયુત = ૧ ચૂલિકાંગ
૪૬) ૮૪ લાખ ચૂલિકાંગ = ૧ ચૂલિકા
૪૭) ૮૪ લાખ ચૂલિકા = ૧ શીર્ષપ્રહેલિકાંગ
૪૮) ૮૪ લાખ શીર્ષપ્રહેલિકાંગ = ૧ શીર્ષ-પ્રહેલિકા (સંખ્યાતા વર્ષ)
૪૯) અસંખ્યાતાવર્ષ = ૧ પલ્યોપમ
૫૦) ૧૦,૦૦,૦૦,૦૦૦ x ૧,૦૦,૦૦,૦૦૦ (દસ કોડાકોડી) પલ્યોપમ = ૧ સાગરોપમ
૫૧) ૧૦,૦૦,૦૦,૦૦૦ x ૧,૦૦,૦૦,૦૦૦ (દસ કોડાકોડી) સાગરોપમ = ૧ ઉત્સર્પિણી કાળ અથવા ૧ અવસર્પિણી કાળ
૫૨) ૧ ઉત્સર્પિણી કાળ + ૧ અવસર્પિણી કાળ = ૧ કાળચક્ર

કુલ ત્રણ ભાગમાં સંપૂર્ણ કાળચક્રની ગણતરી આવી જાય છે. આ ગણતરીમાં વર્તમાન કોમ્પ્યુટર પણ કામ ન કરી શકે ! જૈન દર્શનમાં વિસ્તૃત સમયની ગણતરી આપેલ છે. એક માત્ર પલ્યોપમ અને સાગરોપમ જેને ઉપમાકાળ કહેવાય છે. પલ્યોપમ અને સાગરોપમને સમજવા પલ્યોપમની ગણતરી સમજવી જરુરી છે.

## જૈન વિજ્ઞાન-૬૬

## આરાનો પ્રભાવ:

કાળચક્રમાં એક અવસર્પિણી કાળ અને એક ઉત્સર્પિણી કાળ હોય છે. ૧૦ કોડાકોડી સાગરોપમ (દસ કરોડ x એક કરોડ સાગરોપમ) અવસર્પિણી અને તેટલા જ સમયનો ઉત્સર્પિણી કાળ અવશ્ય હોય છે. આજ પરંપરા કાયમસ્વરુપે હતું, છે અને રહેશે.

એક અવસર્પિણી કાળમાં છ આરા (ભાગ) તેના નામ પ્રમાણે પ્રભાવ હોય છે. આરા પ્રમાણે અને પ્રભાવે જન્મ, મરણ, શરીર પ્રમાણ, માનવની નીતિ-ધર્મ-સ્વભાવ, મનુષ્ય જીવન અને તેમનો વ્યવહાર અને તેમની ગતિ (મરણ પછી બીજા ભવે જન્મ લેવો) અને આગતિ (ક્યાંથી મરણ થયું અને અહીં જન્મ લે) થાય છે.

જીવ બાંધેલા કર્મને ભોગવવાના કારણે તે તે આરામાં જન્મ લે છે. કુલ ચાર ગતિ હોય છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ હોય છે. જેમાં આરાનો પ્રભાવ માત્ર તિર્યંચ અને મનુષ્યને જ લાગુ પડે છે. નરકમાં માત્ર અસહ્ય દુ:ખ ભોગવવાનું હોય છે ત્યાં સુખની એક ક્ષણ પણ નથી. દેવલોકમાં માત્ર ને માત્ર સુખ જ ભોગવવાનું હોય છે.

તિર્યંચ જીવ જેને દુ:ખ ભોગવવાનું હોય છે પરંતું નરક જેવું નહીં! જ્યારે મનુષ્યને આરા પ્રમાણે સુખ અને દુ:ખ હોય છે. અવસર્પિણી કાળમાં ૧) સુષમ-સુષમ આરો ૨) સુષમ આરો ૩) સુષમ-દુ:ષમ આરો ૪) દુ:ષમ-સુષમ આરો ૫) દુ:ષમ આરો ૬) દુ:ષમ-દુ:ષમ આરો આમ કુલ છ વિભાગ બને છે. સુષમ એટલે સુખ અને દુ:ષમ એટલે દુ:ખ.

ઉત્સર્પિણી કાળમાં ૧) દુ:ષમ-દુ:ષમ આરો ૨) દુ:ષમ આરો ૩) દુ:ષમ-સુષમ આરો ૪) સુષમ-દુ:ષમ આરો ૫) સુષમ આરો અને ૬) સુષમ-સુષમ આરો હોય છે.

## જૈન વિજ્ઞાન-૬૭

### કાળચક્ર - સુષમ-સુષમ આરો:

જૈન દર્શનમાં પૃથ્વીના પ્રલય જેવી કોઇ લોકવાયકાને માન્યતા નથી આપતું. જૈન દર્શનમાં **ઉપ્પનેઇવા-વિગમેઇવા-ધુવેઇવા** આ ત્રિપદી શ્રી મહાવીરસ્વામી ભગવાને શ્રી ગણધર ભગવંતોને આપી. આ ત્રણ પદોને કારણે ગણધર ભગવંતોએ ગણધર નામ કર્મ ઉદયના કારણે દ્વાદશાંગ (૧૨ આગમ)ની સૂત્ર રચના કરી. **ઉત્પત્તિ - વિગ્રહ - ધ્રુવીકરણ** આ જ સંસારના જીવોનો અને પુદગલો (પરમાણું)નો સિદ્ધાંત છે. સુષમ-સુષમ આરો એટલે સુખ-સુખનો જ આરો. સુષમ-સુષમ આરો ચાર કોડાકોડી (ચાર કરોડ X એક કરોડ) સાગરોપમનો હોય છે. સાગરોપમ સમય પ્રમાણ જૈન વિજ્ઞાન-૩૧, ૬૩, ૬૪ અને ૬૫માં જણાવ્યું છે.

આ આરામાં જન્મનાર મનુષ્ય જીવને માત્ર સુખ જ વર્તાય છે. આ આરામાં લેશમાત્ર દુઃખ નથી. મનુષ્યનું આયુષ્ય ૩ પલ્યોપમનું હોય છે. દેહ પ્રમાણ ૩ ગાઉ (૬૦૦૦ ધનુષ્ય)નું હોય છે. છાતીમાં ૨૫૬ પાંસડીઓ હોય છે. દરેક ત્રણ દિવસે ભૂખ લાગે છે અને તુવેરના દાણા જેટલું કલ્પવૃક્ષના પાંદડાં અને ફળ વગેરેનો સત્ત્વ ભર્યા આહાર માત્રથી ભૂખ શાંત થઇ જાય છે અને ફરી ત્રણ દિવસ સુધી ભૂખ નથી લાગતી. અસિ-મસિ-કૃષિનો કોઇ જ વ્યવહાર નથી એટલે કોઇ ઉત્પાદન, વ્યાપાર અને પરિગ્રહના કાર્ય કરવાના હોતા નથી. બધી જ માંગણીઓ ઇચ્છામાત્રથી દશ પ્રકારના કલ્પવૃક્ષો પરિપૂર્ણ કરી આપે છે.

ધર્મ નથી, કેવળજ્ઞાન નથી પરંતું દરેક મનુષ્ય નીતિમય, ભોળા અને સંતુષ્ટ હોય છે. ૧૮ પાપ સ્થાનકજન્ય પ્રવૃત્તિઓ જ નથી. માત્ર સુખમય જીવન જીવે છે. યુગલિક પણે જન્મે છે અને દેવગતિ પામે છે. યુગલિક એટલે પતિ-પત્ની પણે જન્મ લે છે. પતિ-પત્ની તરીકેનો સંબંધ પ્રેમ વિવાહ વગર પણ ટકી રહે છે તેથી યુગલિકધર્મી કહેવાય છે. બે ભાઇ કે બે બહેન તરીકે જન્મ નથી થતાં. શરીરમાં કોઇ જ રોગ હોતા નથી. સંતાનોનોને યુગલિક પણે જન્મ આપે છે અને ૪૯ દિવસ પર્યંત તેમનો નિર્વાહ કરે છે પછી તેમને પરિપાલનની આવશ્યકતા રહેતી નથી.

## જૈન વિજ્ઞાન-૬૮

### કાળચક્ર - સુષમ આરો:

જૈન દર્શનમાં અવસર્પિણી કાળનો પ્રથમ આરો સુષમ-સુષમ આરો છે. જેમાં વધુને વધુ સુખ હોય છે. તેમાં ૧૮ પાપસ્થાનક સ્વરુપે કોઇ જ કર્મ થતાં નથી. એક માત્ર સુખ ભોગવવાનો આરો છે. ફરક માત્ર દેવ અને મનુષ્યના તફાવત અને વિશિષ્ટતાનો જ છે. મૃત્યુ પણ સુખરુપ હોય છે. જીવનમાં કોઇજાતની પીડા નથી.

બીજો સુષમ આરો એટલે સુખનો જ આરો. સુષમ આરો ત્રણ કોડાકોડી (ત્રણ કરોડ X એક કરોડ) સાગરોપમનો હોય છે. સાગરોપમ સમય પ્રમાણ **જૈન વિજ્ઞાન-૩૧, ૬૩, ૬૪ અને ૬૫**માં જણાવ્યું છે.

આ આરામાં જન્મનાર મનુષ્ય જીવને માત્ર સુખ જ વર્તાય છે. આ આરામાં લેશમાત્ર દુઃખ નથી. મનુષ્યનું આયુષ્ય ૨ પલ્યોપમનું હોય છે. દેહ પ્રમાણ ૨ ગાઉ (૪૦૦૦ ધનુષ્ય)નું હોય છે. છાતીમાં ૧૨૮ પાંસડીઓ હોય છે. દરેક બે દિવસે ભૂખ લાગે છે અને બોરના ફળ જેટલું કલ્પવૃક્ષના પાંદડાં અને ફળ વગેરેનો સત્ત્વ ભર્યા આહાર માત્રથી ભૂખ શાંત થઇ જાય છે અને ફરી બે દિવસ સુધી ભૂખ નથી લાગતી. અસિ-મસિ-કૃષિનો કોઇ જ વ્યવહાર નથી એટલે કોઇ ઉત્પાદન, વ્યાપાર અને પરિગ્રહના કાર્ય કરવાના હોતા નથી. બધી જ માંગણીઓ ઇચ્છામાત્રથી દશ પ્રકારના કલ્પવૃક્ષો પરિપૂર્ણ કરી આપે છે.

ધર્મ નથી, કેવળજ્ઞાન નથી પરંતું દરેક મનુષ્ય નીતિમય, ભોળા અને સંતુષ્ટ હોય છે. ૧૮ પાપ સ્થાનકજન્ય પ્રવૃત્તિઓ જ નથી. માત્ર સુખમય જીવન જીવે છે. યુગલિક પણે જન્મે છે અને દેવગતિ પામે છે. યુગલિક એટલે પતિ-પત્ની પણે જન્મ લે છે. પતિ-પત્ની તરીકેનો સંબંધ પ્રેમ વિવાહ વગર પણ ટકી રહે છે તેથી યુગલિકધર્મી કહેવાય છે. બે ભાઇ કે બે બહેન તરીકે જન્મ નથી થતાં. શરીરમાં કોઇ જ રોગ હોતા નથી. સંતાનોનોને યુગલિક પણે જન્મ આપે છે અને ૬૪ દિવસ પર્યંત તેમનો નિર્વાહ કરે છે પછી તેમને પરિપાલનની આવશ્યકતા રહેતી નથી.

## જૈન વિજ્ઞાન-૬૯

### કાળચક્ર - સુષમ-દુ:ષમ આરો:

જૈન દર્શનમાં અવસર્પિણી કાળનો ત્રીજો આરો સુષમ-દુ:ષમ આરો છે. જેમાં વધુ સુખ અને થોડા પ્રમાણમાં દુ:ખ હોય છે. સુષમ-દુ:ષમ આરો બે કોડાકોડી (બે કરોડ X એક કરોડ) સાગરોપમનો હોય છે.

આ આરામાં જન્મનાર મનુષ્યનું આયુષ્ય ૧ પલ્યોપમનું હોય છે. દેહ પ્રમાણ ૧ ગાઉ ( ૨૦૦૦ ધનુષ્ય)નું હોય છે. છાતીમાં ૬૪ પાંસડીઓ હોય છે. એકેક દિવસે ભૂખ લાગે છે અને આમળા ફળ જેટલું કલ્પવૃક્ષના પાંદડાં અને ફળ વગેરેનો સત્ત્વ ભર્યા આહાર માત્રથી ભૂખ શાંત થઇ જાય છે અને આખા દિવસ સુધી ભૂખ નથી લાગતી. બધી જ માંગણીઓ ઇચ્છામાત્રથી દશ પ્રકારના કલ્પવૃક્ષો પરિપૂર્ણ કરી આપે છે (કલ્પવૃક્ષ ત્રીજા આરાના અંતે ઇચ્છિત ફળ આપવાનું બંધ કરે છે. પુરુષની ૭૨ કળા, સ્ત્રીની ૬૪ કળા, અનેક કલા-કારીગીરી પ્રભુએ ગૃહસ્થ અવસ્થામાં પ્રવર્તાવી)

યુગલિક પણે જન્મે છે અને દેવગતિ પામે છે. યુગલિક એટલે પતિ-પત્ની પણે જન્મ લે છે. પતિ-પત્ની તરીકેનો સંબંધ પ્રેમ વિવાહ વગર પણ ટકી રહે છે તેથી યુગલિકધર્મી કહેવાય છે. બે ભાઇ કે બે બહેન તરીકે જન્મ નથી થતાં. શરીરમાં કોઇ જ રોગ હોતા નથી. સંતાનોનોને યુગલિક પણે જન્મ આપે છે અને ૭૯ દિવસ પર્યંત તેમનો નિર્વાહ કરે છે પછી તેમને પરિપાલનની આવશ્યકતા રહેતી નથી. (ત્રીજા આરાના અંતે શ્રી ઋષભદેવ ભગવાન ગૃહસ્થ અવસ્થામાં યુગલિક ધર્મનું નિવારણ કરે છે.)

ત્રીજા આરાના અંતે કાળક્રમે યુગલિકોમાં મમત્વ વગેરે દોષો વિશેષ રીતે વધે છે. કુળની મર્યાદાને કરનારા વિશિષ્ટ પુરુષો ઉત્પન્ન થાય છે તેને કુળકર કહેવાય છે. કુળકરો પરિભાષણ (હકાર, મકાર, ધિક્કાર અને પછી શબ્દતાડન) વગેરે ચાર પ્રકારની દંડનીતિ પ્રવર્તાવે છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવનો જન્મ થાય છે. ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી ત્રીજા આરાના ૮૯ પખવાડિયા (૧ પખવાડિયા = ૧૫ દિવસ) બાકી હતાં તે વખતે મોક્ષે ગયા. અવસર્પિણી કાળમાં ત્રીજા આરાના અંત

સમયે દેશવિરતિ (અમુક અંશે ત્યાગના પચ્ચકખાણ લેનાર શ્રાવક - શ્રાવિકા) સર્વવિરતિ (સાધુ-સાધ્વી ભગવંતો), અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન વગેરે કાળક્રમે વિચ્છેદ થયેલા તે ફરીથી શરુ થયા.

# જૈન વિજ્ઞાન-૭૦

## કાળચક્ર - દુ:ષમ-સુષમ આરો:

અવસર્પિણી કાળનો ચોથો આરો દુ:ષમ-સુષમ આરો છે. ચોથા આરામાં દુ:ખ વધુ અને સુખ ઓછું છે. આ આરો ૧ કોડાકોડી સાગરોપમમાં ૪૨,૦૦૦ વર્ષ ઓછા (૧,૦૦,૦૦,૦૦૦ x ૧,૦૦,૦૦,૦૦૦ સાગરોપમ - ૪૨,૦૦૦ વર્ષ ઓછા) જેટલા સમયનો હોય છે. આ આરામાં વધુમાં વધુ આયુષ્ય ૧ પૂર્વક્રોડનું હોય છે. દેહ પ્રમાણ વધુમાં વધુ ૫૦૦ ધનુષ્યથી ઘટતાં ઘટતાં ૭ હાથ સુધીનું થાય છે.

આ આરામાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનને છોડીને ૨૩-તીર્થંકર ભગવાન, ૧૨-ચક્રવર્તી (છ ખંડના રાજા), ૯-બળદેવ, ૯-વાસુદેવ (અર્ધચક્રી, ત્રણ ખંડનો રાજા) , ૯-પ્રતિવાસુદેવ, ૯-નારદ અને ૧૧-રુદ્ર વગેરે મહામાનવના જન્મ થાય છે. (ત્રિષષ્ઠી (૬૩) શલાકા પુરુષમાં ૯ નારદ અને ૧૧ રુદ્રનો સમાવેશ થતો નથી.) શલાકા પુરુષ અવશ્ય કર્મક્ષય કરી મોક્ષગામિ જીવ હોય છે. આ ૬૩ શલાકા પુરુષો આ પૃથ્વી પર જન્મ લેનારા મહાત્મા અને વિશિષ્ટ હોય છે. દરેકને તે તે ગુણ નામકર્મનો ઉદય હોય છે.

દરેક અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળમાં ૬૩ શલાકા પુરુષનો જન્મ અવશ્ય થાય જ! આ આરાના અંતે અંતિમ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામી ભગવાન ૮૯ પખવાડિયા (પક્ષ) બાકી હોય ત્યારે નિર્વાણ પામે છે. શ્રી આદિનાથ ભગવાન અને શ્રી મહાવીરસ્વામી ભગવાનના નિર્વાણ વચ્ચે ૧ કોડાકોડી સાગરોપમનું અંતર હોય છે.

આ આરામાં કેવળજ્ઞાની, મન:પર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ગણધર ભગવંતો, ૧૪ પૂર્વધરો, ૧૦ પૂર્વધરો, શ્રુતજ્ઞાની, વાદીઓ, વૈક્રિયલબ્ધિધારીઓ અને મોક્ષમાં જનારા મહાત્માઓનો આરો કહેવાય છે. આ આરાના અંત પછી કોઇ પણ જીવ મોક્ષમાં જઇ શકતો નથી. આ વિધાન ૫-ભરત ક્ષેત્ર અને ૫-ઐરાવત ક્ષેત્ર માટે જ ગણવું. ૫-મહાવિદેહ ક્ષેત્રમાં સદાય ચોથો આરા સમાન જ કાળ પ્રવર્તતો હોય છે.

## જૈન વિજ્ઞાન-૭૧

### કાળચક્ર - દુઃષમ આરો:

અવસર્પિણી કાળમાં પાંચમો આરો દુઃષમ આરો છે. દુઃષમ એટલે દુઃખ. આ આરામાં માત્ર દુઃખ જ ભોગવવાના હોય છે. સુખની અપેક્ષા જ નથી હોતી. આ આરો ૨૧,૦૦૦ વર્ષનો હોય છે. આયુષ્ય વધુમાં વધુ આરાના શરુઆતમાં અંદાજે ૧૩૦ વર્ષ અને આરાના અંતે વધુમાં વધુ ૨૦ વર્ષની હોય છે. વર્તમાનમાં પાંચમો આરો ચાલે છે. શરીરમાં નબળાઇ અને રોગોત્પત્તિ જનક ખોરાકનો ઉપયોગ. ધર્મની હાનિ થાય છે. વક્રબુદ્ધિ વાળા લોકો આ આરામાં જન્મે છે. વિનય અને વિવેકનું ધીમે ધીમે પતન થાય છે. વડીલો પ્રત્યે આદર, માનનું પતન થાય છે.

પાંચમાં આરામાં ધર્મની જ કસોટી થાય છે. ધીમે ધીમે ધર્મના નામે પાખંડ વધે છે. માનવ, સુખ મેળવવા માટે ૧૮ મુખ્ય પાપસ્થાનક જન્ય ક્રિયા કરી સુખ મેળવવાનો મૃગજળ પ્રયાસ કરે છે. સુખ મેળવવા જતાં દુઃખ વધુ ને વધુ મેળવે છે. પાંચમા આરામાં અવધિજ્ઞાન, કેવળજ્ઞાન સંભવ નથી. હા ! પાંચમા આરામાં કરેલા ધર્મ, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની આરાધનાથી કર્મક્ષય કરવામાં સહાયક બને છે તેમજ બહુજ ઓછા ભવ કરી મોક્ષગામિ જરુર બની શકાય છે.

આ આરામાં કર્મોદયે જન્મ થાય છે. આરાના શરુઆતથી અંત સુધીમાં દુઃખનું પ્રમાણ ધીમે ધીમે વધતું જાય છે. ધર્મમાં રુચિ રહેતી નથી. પાંચમા આરાના અત્યાર સુધીમાં ૨૫૦૦થી અધિક વર્ષો વીતી ગયા છે. આ આરાના અંતે ક્ષાર, અગ્નિ, ઝેર વગેરે મુખ્ય પાંચ જાતની કુવૃષ્ટિ (લોહી, માછલી, પથ્થર તથા ચિત્ર વિચિત્ર પાંચ રંગની માછલીઓનો વરસાદ ઘણે ઠેકાણે) સાત-સાત દિવસ સુધી પડશે. આ આરાના અંતે ચતુર્વિધ સંઘ સ્વરુપે શ્રી દુપ્પસહસૂરિ, ફલ્ગુશ્રી સાધ્વી, નાગિલનામ શ્રાવક અને સત્યશ્રી શ્રાવિકા વિદ્યમાન હશે. પાંચમાં આરામાં અંતિમ દિવસે સવારે પ્રથમ પ્રહર પૂર્ણ થતાં ચતુર્વિધ સંઘનું વિચ્છેદ થશે. મધ્યાહને વિમલવાહન રાજા, સુધર્મ મંત્રી અને તેનો રાજ્યધર્મ વિચ્છેદ થશે અને સંધ્યાકાળે અગ્નિ વિચ્છેદ થશે.

## જૈન વિજ્ઞાન-૭૨

### કાળચક્ર - દુઃષમ-દુઃષમ આરોઃ

કાળચક્રમાં અવસર્પિણી કાળમાં છઠ્ઠો અને અંતિમ આરો દુઃષમ-દુઃષમ છે. દુઃખમય અને પીડાકારી સમય હોય છે. સુખનો એક માત્ર અંશ નથી. આ આરાનો સમય ૨૧,૦૦૦ વર્ષનો હોય છે. (ગચ્છ અને સમાચારી પ્રમાણે થોડો ફેર આવે છે.)

મનુષ્યનું ઉત્કૃષ્ટ દેહ પ્રમાણ બે હાથનું હોય છે. આયુષ્ય પ્રમાણ પુરુષનું ૨૦ વર્ષનું હોય છે. સ્ત્રીનું ૧૬ વર્ષનું હોય છે. પતિ-પત્ની જેવા સંસ્કારબદ્ધ વ્યવહાર નથી હોતા. સ્ત્રી ૬ વર્ષની નાની ઉંમરે મહા પીડાકારી પ્રસવથી ઘણાં બાળકોને જન્મ આપશે. ધર્મનો વિચ્છેદ છે (શ્રી મહાવીરસ્વામીનું શાસન પાંચમા આરાના અંતિમ દિવસે જ સમાપ્ત થઇ જાય છે).

કુદરતી વાતાવરણમાં પ્રતિકૂળ (વિપરીત) અસર વર્તાય છે. ચંદ્રના પ્રકાશમાં ખૂબજ ઠંડી અને સૂર્યના પ્રકાશમાં અસહ્ય ગરમી હોય છે. લોકો અસહ્ય તાપથી ગુફામાં રહે છે. દિવસના કોઇ આવન-જાવન, વ્યાપાર, ખેતી, ઉત્પાદનના કોઇ જ વ્યવહાર હોતા નથી. ગંગા અને સિંધુ સિવાયની અન્ય નદીના પાણી સુકાઇ જશે. અનાજ-શાક-ફળ વગેરે પાકશે નહીં.

શાશ્વતા નદી ગંગા અને સિંધુ નદીના કાંઠાની આસપાસના વિસ્તારોમાં ગુફામાં નગ્નપણે (સ્ત્રી - પુરુષ વસ્ત્ર વગર) કાયમી વસવાટ હશે. અસહ્ય ગરમીના કારણે રાત્રે ગુફાની બહાર નીકળી ગંગા નદીમાં રહેલી માછલીને પકડી, નદીના પટની રેતીમાં દબાવી સૂર્યના તાપમાં શેકાવા રાખશે. રાત્રે તેનું ભોજન કરશે. મનુષ્યનો વર્ણ શ્યામ, પસીનાની અસહ્ય દુર્ગંધ, કદરુપા દેખાવ વાળા સ્ત્રી - પુરુષો હશે.

ગંગા નદીનું પાણી પગની એડી (તળીયું) ડુબે તેટલું અને પહોળી બળદ ગાડું જઇ શકે તેટલા પ્રમાણમાં વહેશે. આમ મનુષ્યો બિચારા પુણ્ય વગરના મહાદુઃખ અને મહાકષ્ટથી આયુષ્ય પૂર્ણ કરશે.

## જૈન વિજ્ઞાન-૭૩

### કાળચક્ર - ઉત્સર્પિણી કાળ-૧ :

જૈન દર્શનમાં અવસર્પિણી કાળના છ આરાના પ્રભાવ જાણ્યા. પ્રથમ આરો સુષમ-સુષમ આરાથી ઉતરતા ક્રમે આગળ વધતાં દુઃષમ-દુઃષમ આરો સંપન્ન થતાં કુલ ૧૦ કોડાકોડી સાગરોપમનો સમય વીતે છે.

ઉત્સર્પિણી કાળમાં સમય ચડતા ક્રમે હોય છે. (૧) દુઃષમ-દુઃષમ આરો (૨) દુઃષમ આરો (૩) દુઃષમ-સુષમ આરો (૪) સુષમ-દુઃષમ આરો (૫) સુષમ આરો (૬) સુષમ-સુષમ આરો. કાળ પ્રમાણ અનુક્રમે (૧) ૨૧,૦૦૦ વર્ષ (૨) ૨૧,૦૦૦ વર્ષ (૩) ૧ કોડાકોડી સાગરોપમમાં ૪૨,૦૦૦ વર્ષ ઓછા (૪) ૨ કોડાકોડી સાગરોપમ (૫) ૩ કોડાકોડી સાગરોપમ (૬) ૪ કોડાકોડી સાગરોપમ. આમ કુલ મળી ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્સર્પિણી કાળ હોય છે.

આ આરામાં મહા દુઃખથી મહા સુખ તરફ વધતો કાળ છે. મનુષ્યનું દેહ પ્રમાણ વધુમાં વધુ ૨ હાથથી વધતાં વધતાં છઠ્ઠા આરે ઉત્કૃષ્ટ ૩ ગાઉ પ્રમાણ વધે છે. આયુષ્ય પ્રમાણ પ્રથમ આરે વધુમાં વધુ ૨૦ વર્ષથી વધતાં વધતાં છઠ્ઠા આરે વધુમાં વધું ૩ પલ્યોપમનું આયુષ્ય હોય છે.

વિશેષતા બીજા આરામાં પુષ્કરાવર્તમહામેઘ મુશળધાર વરસાદ સાત દિવસ સુધી સળંગ વરસે છે. તેની શીતલતાથી પૃથ્વી ઉપર સર્વ જીવોને અત્યંત શાંતિ પેદા થાય છે. ત્યારબાદ ક્ષીરમહામેઘ (ક્ષીર-દૂધ, મેઘ-વરસાદ) સાત દિવસ સતત પડે છે. જમીનમાં શુભ રંગ-ગંધ-રસ-સ્પર્શ વગેરે પેદા થાય છે. ત્યાર પછી ઘૃતમેઘ (ઘૃત-ઘી, મેઘ-વરસાદ) સતત વરસાદ પડતાં પૃથ્વીમાં સ્નિગ્ધતા (ચિકાસ) પેદા થાય છે. ત્યારબાદ અમૃતમેઘ સાત દિવસ સતત પડતાં ઔષધીઓ (જડીબુટ્ટીઓ), વૃક્ષો, વેલડીના અંકુરો ઉત્પન્ન કરે છે. ત્યારપછી રસમેઘ સુંદર રસવાળા પાણીનો સાત દિવસ સતત વરસાદ પડે છે. તેના કારણે પાંચ જાતના રસ (તીખો, મીઠો, ખાટો, તુરો, કડવો) ઉત્પન્ન થાય છે.

વધુ... **જૈન વિજ્ઞાન-૭૪**

## જૈન વિજ્ઞાન-૭૪

### કાળચક્ર - ઉત્સર્પિણી કાળ-૨ :

આ પ્રમાણે સર્વ પ્રકારની વનસ્પતિ અવસર્પિણી કાળમાં નાશ પામેલી હતી, તે હવે ઉત્સર્પિણી કાળમાં બીજા આરામાં પાંચ પ્રકારના વરસાદથી ફરી ઉગી નીકળે છે. ઉત્સર્પિણી કાળના ત્રીજા આરામાં ત્રિષષ્ઠી (૬૩) શલાકા પુરુષોમાંના (૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ)ના જન્મ થાય છે તેમજ ૯ નારદ અને ૧૧ રુદ્રના જન્મ થાય છે. ૧ તીર્થંકર અને ૧ ચક્રવર્તીનો જન્મ ચોથા આરામાં થાય છે.

ત્રીજા આરામાં મોક્ષમાર્ગ ખુલે છે. શિક્ષણ, નીતિ, શિલ્પકળા વગેરે જ્ઞાન તીર્થંકર પરમાત્મા નથી આપતાં. પરંતુ તે પ્રકારના બુદ્ધિશાળી મનુષ્યો પૂર્વના આદરેલા જ્ઞાનથી તેમજ ક્ષેત્રના અધિષ્ઠાયક દેવો દ્વારા વ્યવહાર પ્રવર્તાય છે.

ચોથા આરાના ત્રણ વિભાગમાંથી પહેલા વિભાગે રાજધર્મ, ચારિત્ર, અન્ય દર્શનીયોના ધર્મ તથા અગ્નિ વિચ્છેદ પામશે. આ આરાના પ્રારંભના ૮૯ પખવાડિયા વીત્યા પછી ૨૪માં તીર્થંકર અને ૧૨માં ચક્રવર્તીનો જન્મ થાય છે. યુગલિકોનો જન્મ થાય છે આજ અવસ્થા છઠ્ઠા આરા સુધી રહે છે.

એકંદરે અવસર્પિણી કાળમાં સુખથી દુઃખ તરફનો કાળ, આયુષ્ય ઘટતું, દેહ પ્રમાણ ઘટતું, ધર્મ ઘટતું આ પ્રમાણેનો ક્રમ હોય છે. ઉત્સર્પિણી કાળમાં દુઃખથી સુખ તરફનો કાળ, આયુષ્ય વધતું, દેહ પ્રમાણ વધતું, ધર્મ વધતું આ પ્રમાણેનો ક્રમ હોય છે. આ જ પ્રમાણેની કાળ પરંપરા સતત ચાલુ રહે છે. એક કાળચક્રમાં ૪૮ તીર્થંકર, ૨૪ ચક્રવર્તી, ૧૮ બળદેવ, ૧૮ વાસુદેવ, ૧૮ પ્રતિવાસુદેવ, ૧૮ નારદ અને ૨૨ રુદ્ર મહાત્માના જન્મ થયા હતાં, થાય છે અને થશે. આમ જૈન દર્શનમાં પ્રલયને માન્યતા નથી માત્ર પરિવર્તનનો જ સ્વીકાર છે. કાળચક્રનો આદિ નથી અને અંત નથી.

## જૈન વિજ્ઞાન-૭૫

### મનુષ્ય જીવ - ૧:


મોક્ષ ગતિ મેળવવી હોય તો એકમાત્ર ભવ છે, **'મનુષ્ય ભવ'**. નરકભવ માત્ર મહાદુ:ખો ભોગવવાનું એકમાત્ર ક્ષેત્ર છે, ત્યાં માત્ર મહાદુ:ખોની જ અપેક્ષા રખાય. તિર્યંચ ભવમાં માત્ર દુ:ખની જ અપેક્ષા રખાય, ત્યાં માત્ર દુ:ખ જ ભોગવાય છે તેમજ લાચારી ભર્યું જીવન હોય છે. દેવ ભવમાં માત્ર સુખની જ અપેક્ષા રખાય, તે પણ મર્યાદિત ! દેવોનું આયુષ્ય ઓછામાં ઓછું ૧૦,૦૦૦ વર્ષ અને વધુમાં વધુ ૩૩ સાગરોપમ (જૈન વિજ્ઞાન - કાળચક્રમાં તેની વ્યાખ્યા જણાવેલ છે). તો પછી શાશ્વત (કાયમી અને અતૂટ) સુખ ક્યાં ? એકમાત્ર મોક્ષમાં જ મળે, પરંતું ત્યાં પહોંચવાનો એકમાત્ર માર્ગ અને સંધિ મનુષ્ય ભવની છે.

મનુષ્ય ભવમાં સુખની અનુભૂતિ, દુ:ખની અનુભૂતિ અને મિશ્ર (સુખ-દુ:ખ) અનુભૂતિ થઇ શકે. પરંતું કાયમી (આયુષ્ય પર્યંત) સુખ અને કાયમી (આયુષ્ય પર્યંત) દુ:ખની અવસ્થા અનુક્રમે યુગલિક મનુષ્ય (સુખ) અને છટ્ઠા આરામાં જન્મ લેનારા મનુષ્યને (દુ:ખ) હોય છે. બાકીની રહેતી અવસ્થા સતત મિશ્ર (સુખ-દુ:ખ) પરિણામ વાળી હોય છે.

મનુષ્ય જીવ પાંચ ઇન્દ્રિય (સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન) થી પરિપૂર્ણ હોય છે, અને છટ્ઠી ગુપ્ત ઇન્દ્રિય મન હોય છે. મનુષ્ય ભવમાં અપવાદ (કર્મના ઉદયના કારણે) સ્વરુપે કોઇ જીવને ઇન્દ્રિય ઓછી હોઇ શકે ! પરંતું બધાને આવી જ અવસ્થા હોય તેવું શક્ય નથી.

મોક્ષ પ્રાપ્તિ માટે સર્વવિરતિ આવશ્યક છે. મનુષ્યને સ્વૈચ્છિક કર્મો અને જીવન જીવવાની યોગ્યતા હોય છે. સર્વ એટલે બધા અને વિરતિ એટલે વ્રત, પચ્ચકખાણ. દેશવિરતિ એટલે અમુક અંશે વ્રત, પચ્ચકખાણ અને અવિરતિ એટલે વ્રત, પચ્ચકખાણ વગરનું જીવન.

## અઢીદ્વીપ ક્ષેત્ર - મનુષ્ય જન્મ ક્ષેત્ર
## ૪૫ લાખ યોજન પ્રમાણ



## જૈન વિજ્ઞાન-૭૬

**મનુષ્ય જીવ - ૨ :**

મનુષ્ય જન્મક્ષેત્ર જંબુદ્વીપ, ઘાતકીખંડ, અર્ધ (અડધું) પુષ્કરદ્વીપ, ૫૬ અંતરદ્વીપજ. એકંદરે ૪૫ લાખ યોજન ક્ષેત્રમાં જ જન્મ થાય છે, પછીના અસંખ્ય દ્વીપોમાં મનુષ્યના જન્મ થતાં જ નથી.

જંબુદ્વીપમાં એક ભરત ક્ષેત્ર, એક ઐરાવત ક્ષેત્ર, એક મહાવિદેહ ક્ષેત્ર (પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર અને પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર) હોય છે તેમજ એક મેરુપર્વત હોય છે. જંબુદ્વીપ ૧,૦૦,૦૦૦ યોજન ક્ષેત્ર પ્રમાણ લંબાઇ અને પહોળાઇમાં છે.

ઘાતકીખંડ વલય આકારનો દ્વીપ છે. વલય એટલે બંગડી આકાર. જેમાં વલયના એક છેડે લવણ સમુદ્ર અને બીજે છેડે કાલોદધિ સમુદ્રથી ઘેરાયેલો છે. ઘાતકીખંડમાં બે ભરતક્ષેત્ર, બે ઐરાવતક્ષેત્ર, બે મહાવિદેહક્ષેત્ર હોય છે તેમજ બે મેરુપર્વત હોય છે. ઘાતકીખંડ વલય આકારમાં દરેક ભાગ ૪,૦૦,૦૦૦ યોજન પ્રમાણ પહોળાઇમાં છે.

પુષ્કરદ્વીપ વલય આકારનો દ્વીપ છે. વલય એટલે બંગડી આકાર. જેમાં વલયના એક છેડે કાલોદધિ સમુદ્ર અને બીજે છેડે પુષ્કર સમુદ્રથી ઘેરાયેલો છે. પુષ્કરદ્વીપમાં બે ભરતક્ષેત્ર, બે ઐરાવતક્ષેત્ર, બે મહાવિદેહક્ષેત્ર હોય છે તેમજ બે મેરુપર્વત હોય છે.

પુષ્કરદ્વીપ વલય આકારમાં દરેક દિશાથી પહોળાઇમાં ૧૬,૦૦,૦૦૦ યોજન પ્રમાણમાં છે. જેમાં દરેક દિશામાં સોળ લાખ યોજન પહોળાઇના વચ્ચે માનુષોત્તર પર્વત સમગ્ર પુષ્કરદ્વીપમાં વલય આકારે ઘેરાયેલા હોવાથી તેના બે ભાગ પડે છે.

## જૈન વિજ્ઞાન-૭૭

### મનુષ્ય જીવ - ૩:

આપને જૈન ભૂગોળ સમજાવવાનું કારણ એજ છે કે મનુષ્યનો જન્મ ક્યા ક્ષેત્રમાં થાય છે! સામાઇક, પ્રતિક્રમણમાં આવા શબ્દો સાંભળ્યા જ હશે! ગઇકાલના લેખથી આગળ...

માનુષોત્તર પર્વતથી પુષ્કરદ્વીપ અંદરનો વિભાગ જંબુદ્વીપ તરફનો ૮,૦૦,૦૦૦ યોજન દરેક દિશાએ અને બહારનો વિભાગ પુષ્કર સમુદ્ર તરફનો ૮,૦૦,૦૦૦ યોજન પ્રમાણમાં હોય છે, પુષ્કરદ્વીપના બહારના વિભાગ જ્યાં મનુષ્યનો જન્મ થતો જ નથી.

એકંદરે જંબુદ્વીપ પૂર્વ દિશાથી ક્ષેત્ર ગણતાં (૨ લાખ લવણ સમુદ્ર અ ૪ લાખ ઘાતકીખંડ અ ૮ લાખ કાલોદધિ સમુદ્ર અ ૮ લાખ અડધો પુષ્કરદ્વીપ કુલ ૨ ૨ લાખ ક્ષેત્ર થાય.

તે જ પ્રમાણે જંબુદ્વીપ પશ્ચિમ દિશાથી ક્ષેત્ર ગણતાં (૨ લાખ લવણ સમુદ્ર અ ૪ લાખ ઘાતકીખંડ અ ૮ લાખ કાલોદધિ સમુદ્ર અ ૮ લાખ અડધો પુષ્કરદ્વીપ કુલ ૨ ૨ લાખ ક્ષેત્ર થાય.

જંબુદ્વીપ ૧ લાખ + જંબુદ્વીપથી પૂર્વ દિશાએ માપતાં અર્ધ પુષ્કરદ્વીપ સુધી ૨ ૨ લાખ યોજન + જંબુદ્વીપથી પશ્ચિમ દિશાએ માપતાં અર્ધ પુષ્કરદ્વીપ સુધી ૨ ૨ લાખ યોજન થાય. આમ કુલ ૪૫ લાખ યોજન (૧ + ૨ ૨ + ૨ ૨ = ૪૫ લાખ યોજન) લંબાઇ અને પહોળાઇ વિસ્તારમાં જ મનુષ્યનો જન્મ થાય છે તેમજ ૪૫ લાખ યોજન ક્ષેત્રની બહારના અન્ય કોઇ ક્ષેત્રમાં મનુષ્યનો જન્મ થતો જ નથી!

ચિત્રમાં ૪૫ લાખ યોજન પ્રમાણ જણાવવાનો શરળ પ્રયાસ છે. આપને શરળતાથી સમજાઇ જશે. ભૌગોલિક રચના ચિત્ર મુજબ વ્યવસ્થિત રીતે સમજી શકો તો આગળ આપને ઘણો જ ઉપયોગી થઇ જશે.

## જૈન વિજ્ઞાન-૭૮

### મનુષ્ય જીવ - ૪:

મનુષ્ય પંચેન્દ્રિય જીવ કહેવાય તેમજ મહાન પુણ્યોદયે મનુષ્ય જન્મ મળે! મનુષ્ય ભવ એકમાત્ર મોક્ષ પ્રાપ્તિ માટે સહાયક બને છે. જેમાં કર્મ કરવાની સ્વતંત્રતાને કારણે પાપ, પુણ્ય અને કર્મ નિર્જરા કરી શકવાની શકિત અને સામર્થ્ય ધરાવે છે.

જંબુદ્વીપ, ઘાતકીખંડ અને અર્ધ પુષ્કરદ્વીપના ભરતક્ષેત્ર અને ઐરાવતક્ષેત્રમાં સદાય ૬ આરા પ્રવર્તાય છે, જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં સદાય ચોથો આરો વર્તાય છે. ૬ આરામાં અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળ પ્રમાણે તેનો પ્રભાવ અને મનુષ્ય દ્વારા કર્મ થતાં જ રહે છે. મોક્ષમાં જવા માટે ત્રીજો અને ચોથો આરો જ મહત્વનો છે, બાકીના આરામાં શુભ અને અશુભ કર્મ બંધ થતાં રહે છે તેમજ શુભ અને અશુભ કર્મ ઉદયમાં આવતાં તેને ભોગવતા રહેવું પડે છે.

અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળનું વર્ણન **જૈન વિજ્ઞાન ૬૬ થી ૭૪** સુધીમાં વર્ણન થયેલ છે. દેવોથી પણ કોઇ શકિતમાન હોય તો તે અરિહંત પરમાત્મા છે. અરિહંત પરમાત્મા એટલા શકિતશાળી હોય છે કે ૧૪ રાજલોકનો નાશ કરવો હોય તો પણ તેમના માટે શક્ય છે તેમજ ૧૪ રાજલોકમાં દરેક જીવને મોક્ષમાં લઇ જવાની શકિત અને સામર્થ્ય પણ તેમનામાં છે, પરંતું તેઓ કુદરતથી વિરુદ્ધ કોઇ કાર્ય કરતાં જ નથી તેમજ તેમનો સ્વભાવ પણ નથી!

દરેક અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળમાં મહામાનવ અને દિવ્ય મનુષ્યોમાં માત્ર ૬૩ શલાકા પુરુષોનો જ સમાવેશ થાય છે. જેઓ વિશિષ્ટ પુણ્યના પ્રભાવે, તે તે નામકર્મના ઉદયે, વિશિષ્ટ યોગે જ જન્મ થાય છે.

## જૈન વિજ્ઞાન-૭૯

### મનુષ્ય જીવ - ૫:

૬૩ શલાકા પુરુષોમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવનો જન્મ અચૂક થાય છે તેમજ ૧૧ રુદ્ર અને ૯ નારદનો પણ જન્મ થાય છે પણ તેમનો ૬૩ શલાકા પુરુષમાં ગણતરી થતી નથી.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ૬ ખંડ હોય છે અને ઐરાવત ક્ષેત્રમાં ૬ ખંડ હોય છે. મહાવિદેહ ક્ષેત્રની વચ્ચે મેરુપર્વત આવવાથી તે બે ભાગમાં વિભાજિત થાય છે. પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર અને પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર. પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં ૧૬ વિજય (નગર) હોય છે અને પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં ૧૬ વિજય (નગર) હોય છે. મહાવિદેહ ક્ષેત્રમાં કુલ (૧૬ અ ૧૬) ૩૨ વિજય હોય છે.


ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં ત્રીજા આરાના અંતે ૧ (પ્રથમ) તીર્થંકર તેમજ ચોથા આરામાં ૨૩ તીર્થંકરના જન્મ થાય છે. ઉત્સર્પિણી કાળમાં ત્રીજા આરામાં ૨૩ તીર્થંકર અને ચોથા આરામાં શરુઆતના કાળમાં ૧ (અંતિમ) તીર્થંકર જન્મ થાય છે.

ઐરાવતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં ત્રીજા આરાના અંતે ૧ (પ્રથમ) તીર્થંકર તેમજ ચોથા આરામાં ૨૩ તીર્થંકરના જન્મ થાય છે. ઉત્સર્પિણી કાળમાં ત્રીજા આરામાં ૨૩ તીર્થંકર અને ચોથા આરામાં શરુઆતના કાળમાં ૧ (અંતિમ) તીર્થંકર જન્મ થાય છે.

ભરતક્ષેત્ર અને ઐરાવતક્ષેત્રમાં કાળ (આરા) સમાન હોય છે. મેરુપર્વતથી દક્ષિણ દિશા તરફ ભરતક્ષેત્ર અને ઉત્તર દિશા તરફ ઐરાવતક્ષેત્ર આવેલ છે.

# જંબુદ્વીપ :

ઐરાવત ક્ષેત્ર (૬ ખંડ)
મહાવિદેહ ક્ષેત્ર (૩૨ વિજય)
ભરત ક્ષેત્ર (૬ ખંડ)



## જૈન વિજ્ઞાન-૮૦

### મનુષ્ય જીવ - ૬ :

પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં ઓછામાં ઓછા ૨ તીર્થંકર કુલ બે વિજય મળીને (૧ વિજયમાં એક તીર્થંકર) અને વધુમાં વધુ ૧૬ તીર્થંકર (દરેક વિજયમાં ૧ તીર્થંકર, કુલ ૧૬ વિજય ક્ષેત્ર) તે જ પ્રમાણે પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં ઓછામાં ઓછા ૨ તીર્થંકર કુલ બે વિજય મળીને (૧ વિજયમાં એક તીર્થંકર) અને વધુમાં વધુ ૧૬ તીર્થંકર (દરેક વિજયમાં ૧ તીર્થંકર, કુલ ૧૬ વિજય ક્ષેત્ર) એકંદરે મહાવિદેહ ક્ષેત્રમાં ઓછામાં ઓછા ૪ તીર્થંકર અને વધુમાં વધુ ૩૨ તીર્થંકર પરમાત્મા વિચરે છે.

ઘાતકીખંડમાં બે (૨) મેરુપર્વત આવેલ છે. જંબુદ્વીપથી પૂર્વ તરફના ઘાતકીખંડમાં વચ્ચે ૧ મેરુપર્વત છે. ત્યાં ભૌગોલિક રચના જંબુદ્વીપ સમાન છે. તેમાં ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્ર (મેરુપર્વતના કારણે વિભાજીત છે). ત્યાં ભરતક્ષેત્રમાં ૧ તીર્થંકર, ઐરાવતક્ષેત્રમાં ૧ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રમાં ઓછામાં ઓછા (૨ + ૨) ૪ તીર્થંકર અને વધુમાં વધુ (૧૬ + ૧૬) ૩૨ તીર્થંકરના જન્મ થાય છે.

જંબુદ્વીપથી પશ્ચિમ તરફના ઘાતકીખંડમાં વચ્ચે ૧ મેરુપર્વત છે. ત્યાં ભૌગોલિક રચના જંબુદ્વીપ સમાન છે. તેમાં ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્ર (મેરુપર્વતના કારણે વિભાજીત છે). ત્યાં ભરતક્ષેત્રમાં ૧ તીર્થંકર, ઐરાવતક્ષેત્રમાં ૧ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રમાં ઓછામાં ઓછા (૨ + ૨) ૪ તીર્થંકર અને વધુમાં વધુ (૧૬ + ૧૬) ૩૨ તીર્થંકરના જન્મ થાય છે.

## જૈન વિજ્ઞાન-૮૧

### મનુષ્ય જીવ - ૭:

પુષ્કરદ્વીપમાં બે (૨) મેરુપર્વત આવેલ છે. જંબુદ્વીપથી પૂર્વ તરફના પુષ્કરદ્વીપમાં વચ્ચે ૧ મેરુપર્વત છે. ત્યાં ભૌગોલિક રચના જંબુદ્વીપ સમાન છે. તેમાં ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્ર (મેરુપર્વતના કારણે વિભાજીત છે). ત્યાં ભરતક્ષેત્રમાં ૧ તીર્થંકર, ઐરાવતક્ષેત્રમાં ૧ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રમાં ઓછામાં ઓછા (૨ + ૨) ૪ તીર્થંકર અને વધુમાં વધુ (૧૬ + ૧૬) ૩૨ તીર્થંકરના જન્મ થાય છે.

જંબુદ્વીપથી પશ્ચિમ તરફના પુષ્કરદ્વીપમાં વચ્ચે ૧ મેરુપર્વત છે. ત્યાં ભૌગોલિક રચના જંબુદ્વીપ સમાન છે. તેમાં ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્ર (મેરુપર્વતના કારણે વિભાજીત છે). ત્યાં ભરતક્ષેત્રમાં ૧ તીર્થંકર, ઐરાવતક્ષેત્રમાં ૧ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રમાં ઓછામાં ઓછા (૨ + ૨) ૪ તીર્થંકર અને વધુમાં વધુ (૧૬ + ૧૬) ૩૨ તીર્થંકરના જન્મ થાય છે.

એકંદરે અઢીદ્વીપ (જંબુદ્વીપ પૂર્ણ અ ઘાતકીખંડ પૂર્ણ અ પુષ્કરદ્વીપ અડધો)માં કુલ મળી ૫ - ભરતક્ષેત્ર, ૫ - ઐરાવતક્ષેત્ર અને ૫ - મહાવિદેહ ક્ષેત્ર થાય છે.

વર્તમાનમાં અઢીદ્વીપ (મનુષ્ય જન્મક્ષેત્ર) ૫ - મહાવિદેહ ક્ષેત્ર મળી કુલ ૨૦ તીર્થંકર પરમાત્મા વિચરે છે. (પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં ૨ તીર્થંકર અને પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં ૨ તીર્થંકર) એટલે ૪ તીર્થંકર X ૫ મહાવિદેહ ક્ષેત્ર = ૨૦ તીર્થંકર પરમાત્મા.

## જૈન વિજ્ઞાન-૮૨

### મનુષ્ય જીવ - ૮ :

જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં તીર્થંકર પરમાત્મા વિચરતા હોય તે સમયે બીજા તીર્થંકર પરમાત્માનો જન્મ ક્યારેય થાય નહીં. તે જ પ્રમાણે જંબુદ્વીપમાં ઐરાવતક્ષેત્રમાં એક તીર્થંકર પરમાત્મા વિચરે.

જંબુદ્વીપમાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં એક વિજયમાં માત્ર એક તીર્થંકર પરમાત્મા વિચરે ત્યાં સુધી બીજા તીર્થંકર પરમાત્માનો જન્મ ન થાય. તે જ પ્રમાણે જંબુદ્વીપમાં પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં એક વિજયમાં માત્ર એક તીર્થંકર પરમાત્મા વિચરે ત્યાં સુધી બીજા તીર્થંકર પરમાત્માનો જન્મ ન થાય.

અજિતનાથ ભગવાનના સમયમાં ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકર પરમાત્મા વિચરતા હતાં. જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં ૧ તીર્થંકર, ઐરાવતક્ષેત્રમાં ૧ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રના ૩૨ વિજય (નગર)ના દરેક વિજયમાં ૧ તીર્થંકર મળી ૩૨ તીર્થંકર કુલ મળી ૩૪ તીર્થંકર જંબુદ્વીપમાં વિચરતાં હતાં.

જંબુદ્વીપથી પૂર્વ તરફના ઘાતકીખંડના મેરુપર્વતના ભરતક્ષેત્રમાં ૧ તીર્થંકર, ઐરાવતક્ષેત્રમાં ૧ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રના ૩૨ વિજય (નગર)ના દરેક વિજયમાં ૧ તીર્થંકર મળી ૩૨ તીર્થંકર કુલ મળી ૩૪ તીર્થંકર વિચરતાં હતાં.

જંબુદ્વીપથી પશ્ચિમ તરફના ઘાતકીખંડના મેરુપર્વતના ભરતક્ષેત્રમાં ૧ તીર્થંકર, ઐરાવતક્ષેત્રમાં ૧ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રના ૩૨ વિજય (નગર)ના દરેક વિજયમાં ૧ તીર્થંકર મળી ૩૨ તીર્થંકર કુલ મળી ૩૪ તીર્થંકર વિચરતાં હતાં.

## જૈન વિજ્ઞાન-૮૩

### મનુષ્ય જીવ - ૯:

જંબુદ્વીપથી પૂર્વ તરફના પુષ્કરદ્વીપના મેરુપર્વતના ભરતક્ષેત્રમાં ૧ તીર્થંકર, ઐરાવતક્ષેત્રમાં ૧ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રના ૩૨ વિજય (નગર)ના દરેક વિજયમાં ૧ તીર્થંકર મળી ૩૨ તીર્થંકર કુલ મળી ૩૪ તીર્થંકર વિચરતાં હતાં.

જંબુદ્વીપથી પશ્ચિમ તરફના પુષ્કરદ્વીપમાં મેરુપર્વતના ભરતક્ષેત્રમાં ૧ તીર્થંકર, ઐરાવતક્ષેત્રમાં ૧ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રના ૩૨ વિજય (નગર)ના દરેક વિજયમાં ૧ તીર્થંકર મળી ૩૨ તીર્થંકર કુલ મળી ૩૪ તીર્થંકર વિચરતાં હતાં. આમ કુલ મળી ૧૭૦ તીર્થંકર (૩૪ તીર્થંકર X ૫ ક્ષેત્ર = ૧૭૦ તીર્થંકર) પરમાત્મા ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) પણે હોય છે.

એવું ક્યારેય નથી બનતું કે એક તીર્થંકર પરમાત્મા, બીજા ક્ષેત્રના તીર્થંકરને સામેથી મળી શકે ! અઢીદ્વીપમાં અચૂક તીર્થંકર પરમાત્માની હાજરી હોય જ ! એટલે કોઇ એમ ન કહી શકે કે, આ તિરછાલોક (પૃથ્વીલોક) ઉપર ભગવાન નથી !

ચાર ઘાતિકર્મોનો ક્ષય થતાં જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે અને ચાર અઘાતિ કર્મોનો ક્ષય થતાં જ નિર્વાણ થઇ કેવળજ્ઞાની મહાત્મા સિદ્ધશીલાએ બિરાજમાન થાય છે. હવે પછી તેમને સંસારમાં જન્મ-મરણ થતાં નથી. ધર્મની ધૂરા, પ્રભાવના તીર્થંકર પરમાત્મા કરે છે. તીર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં આચાર્ય ભગવંતો શાસનની ધૂરા સંભાળે છે. અઢીદ્વીપમાં અવસર્પિણી કાળમાં છઠ્ઠો આરો અને ઉત્સર્પિણી કાળમાં પ્રથમ આરામાં ૫ - ભરતક્ષેત્રમાં અને ૫ - ઐરાવતક્ષેત્રમાં ધર્મ વિચ્છેદ થાય છે.

## જૈન વિજ્ઞાન-૮૪

### મનુષ્ય જીવ - ૧૦:

અઢીદ્વીપ (૫-ભરતક્ષેત્ર, ૫-ઐરાવતક્ષેત્ર અને ૫-મહાવિદેહ ક્ષેત્ર)માં ઓછામાં ઓછા ૨૦ તીર્થંકર પરમાત્મા વિચરતા હોય છે અને વધુમાં વધુ એક સમયે ૧૭૦ તીર્થંકર પરમાત્મા વિચરતા હોય છે, આપણે વિસ્તારથી જાણ્યું.

તીર્થંકર પરમાત્મા અનંત પુણ્યના સ્વામી હોય છે. ચાર ઘાતિકર્મનો ક્ષય થતાં જ તેમને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. હવે તેઓ અરિહંત કહેવાય છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં જ સૌધર્મેન્દ્રના આદેશથી સેવક દેવતાઓ દ્વારા સહુ પ્રથમ સમવસરણની રચના થાય છે. સમવસરણમાં દેવો, મનુષ્યો અને તિર્યંચ જીવો પ્રભુની દેશના સાંભળવા સહર્ષ પધારે છે. અરિહંત પરમાત્મા સમવસરણની વચ્ચે આવેલ બેઠક સ્થાને પોતાના દેહપ્રમાણથી ૧૨ ઘણાં ઊંચા ચૈત્યવૃક્ષ (અશોકવૃક્ષ)ની ફરતે **'ણમો તિત્થસ્સ'** એટલે તીર્થને મારા નમસ્કાર હોજો કહી, ત્રણ પ્રદક્ષિણા આપી સ્થાન ગ્રહણ કરે છે. આગળ જતાં સમવસરણ વિશે પણ વિસ્તારથી જાણીશું.

મનુષ્ય જીવમાં સૌથી ઉત્કૃષ્ટ કોટીના કોઇ જીવ હોય તો તેઓ તીર્થંકર પરમાત્મા હોય છે. દરેક જીવનું અવતરણ નિગોદથી જ થાય છે. સમગ્ર સંસાર (નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ) અને અસંસારી, સિદ્ધશીલાએ બિરાજમાન સિદ્ધ ભગવંતો અચૂક નિગોદથી જ વ્યવહાર રાશીમાં પ્રવેશ કરે છે.

નિગોદથી એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરેન્દ્રિય અને પંચેન્દ્રિયમાં જીવને જન્મ-મરણના ફેરા અચૂકપણે થાય જ ! એવું ક્યારેય નથી થયું અને થશે કે, નિગોદથી આવેલો જીવ તરત જ મનુષ્ય બને અને તે જ ભવે મોક્ષમાં જાય !

## જૈન વિજ્ઞાન-૮૫

## મનુષ્ય જીવ-૧૧ : ૩૪ અતિશય-૧

અતિશય એટલે અલૌકિક શકિત, ચડિયાતાપણું, શ્રેષ્ઠતા, વિશિષ્ટતા વગેરે થાય છે. અતિશય તીર્થંકર નામકર્મના ઉદય વાળા કેવળજ્ઞાની ભગવંતોને જ હોય છે. તીર્થંકર પરમાત્મા કેટલાં મહાન પુણ્યના સ્વામી હશે ? કે, અલૌકિક શકિત માત્ર તેમને જ પ્રગટ થાય અન્ય કોઇ કેવળી ભગવંતોને નહીં! જેમની સેવા અને દર્શન કરવાને ઝંખતા ૬૪ ઇન્દ્રો સહપરિવાર સતત દેવલોકથી પ્રભુની વિહારયાત્રા અને સમવસરણમાં થતી દેશના સાંભળવા ઉત્સુક હોય છે. અદ્ભૂત !

૩૪ અતિશયમાંથી ૫ અતિશય તીર્થંકર પરમાત્માને જન્મથી જ હોય છે. ૧૫ અતિશય કેવળજ્ઞાન પ્રગટ થતાં જ શરુ થાય છે અને ૧૪ અતિશય દેવો દ્વારા પ્રભુની સેવા અને પ્રભાવના સ્વરુપે હોય છે.

૧) વાળ, દાઢી, મૂછ, રોમ અને હાથ-પગના નખ પ્રમાણસર રહે અર્થાત્ તેના પ્રમાણથી અધિક વૃદ્ધિ ક્યારેય ન થાય.

૨) સદાય શરીર નિરોગી રહે એટલે રોગ વગેરે ક્યારેય ઉત્પન્ન ન થાય, મળ ઉત્પન્ન ન થાય અને સદાય નિર્મળ શરીર હોય છે.

૩) શરીરમાં લોહી અને માંસનો રંગ ગાયના દૂધ સમાન સફેદ રંગનું હોય છે.

૪) ઉચ્છવાસ પદ્મકમળ સમાન સુગંધિત હોય. તીર્થંકર પરમાત્મા શ્વાસમાં પ્રાણવાયુ લીધા પછી ઉચ્છવાસ સ્વરુપે નીકળતી હવામાં કમળના ફુલની મંદ સુગંધ અચૂક હોય છે.

૫) આહાર અને નિહાર નરી આંખે ન દેખાય એટલે આપણે ભોજન લઇએ છીએ તેવું તેમનું ભોજન ન હોય.

વધુ... **જૈન વિજ્ઞાન-૮૬**

## જૈન વિજ્ઞાન-૮૬

## મનુષ્ય જીવ-૧૨ : ૩૪ અતિશય-૨

૬) તીર્થંકર પરમાત્મા જ્યાં પણ વિચરે (વિહાર) ત્યારે આકાશમાં સદાય ધર્મચક્ર સાથે જ ફરે.

૭) તીર્થંકર પરમાત્મા જ્યાં પણ વિચરે ત્યાં આકાશમાં તેમના મસ્તક ઉપર સદાય છત્ર હોય.

૮) આકાશમાં સદાય ઉત્તમ કોટીના સફેદ ચામરો દેવો દ્વારા વીંજાતા હોય છે.

૯) આકાશ સમાન નિર્મળ સ્ફટિકરત્નના પાદપીઠયુકત સિંહાસન હોય.

૧૦) આકાશમા હજાર નાની ધ્વજાઓથી યુકત ઇન્દ્રધ્વજ તીર્થંકર પરમાત્માની સદાય આગળ ચાલે.

૧૧) જ્યાં જ્યાં તીર્થંકર પરમાત્મા સ્થિરતા (રોકાય) કરે, સ્થાન ગ્રહણ કરે (બેસવું) ત્યાં ભવનપતિ દેવલોકના યક્ષ દેવો દ્વારા પાંદડાં, ફુલ, વેલડીઓથી વ્યાપ્ત, છત્ર, ધ્વજા, ઘંટ અને પતાકાથી યુકત શ્રેષ્ઠ અશોકવૃક્ષ બનાવે છે.

૧૨) મસ્તકની કંઇક પાછળ મુગટના સ્થાને પ્રકાશ મંડળ (આભા મંડળ) હોય છે, જે અંધકારમાં પણ (રાત્રીના સમયે) દસે દિશાઓને પ્રકાશિત કરે છે.

૧૩) તીર્થંકર પરમાત્મા જ્યાં વિહાર (વિચરણ) કરે, ત્યાંનો ભૂમિભાગ એકસરખો (બહુસમ) અને નયનરમ્ય (રમણીય) બની જાય છે.

૧૪) વિહાર ભૂમિમાં કાંટા હોય તો, તે પોતાની મેળે ઊંધા થઇ જાય (કાંટાનો ભાગ જમીનની દિશામાં થઇ જાય).

૧૫) શરીરને અનુકૂળ સુખદ સ્પર્શવાળું વાતાવરણ થઇ જાય.

૧૬) તીર્થંકર પરમાત્મા જ્યાં વિચરે છે ત્યાંની ૧ યોજન ભૂમિ ઠંડી અને સુખકારી સ્પર્શનાવાળું અને સુગંધિત પવન બધી દિશાઓમાં ફેલાઇ જાય છે.

વધુ... **જૈન વિજ્ઞાન-૮૭**

## જૈન વિજ્ઞાન-૮૭

## મનુષ્ય જીવ-૧૩ : ૩૪ અતિશય-૩

૧૭) દેવો દ્વારા મંદ, સુગંધિત પાણીના વરસાદથી આકાશમાં ઉડતા રજકણો અને ભૂમિ ઉપર રહેલી ધૂળ શાંત (સ્થિર) થઇ જાય એટલે વાતાવરણ ધૂળ વગરનું નિર્મળ થઇ જાય છે.

૧૮) પાંચ વર્ણના સુગંધિત ફુલોથી ભૂમિથી ગોઠણ સુધીનો ભાગ દેવો દ્વારા ફુલોથી ઢંકાઇ જાય છે.

૧૯) અપ્રિય શબ્દો, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો અભાવ થઇ જાય.

૨૦) પ્રિય શબ્દો, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો પ્રાદુર્ભાવ થઇ જાય છે.

૨૧) ધર્મમય દેશના આપતી વખતે પ્રભુની વાણી એક યોજન સુધી સંભળાય અને સાંભળનાર દરેક જીવને હૃદયમાં ઉતરી જાય તેવો સ્વર (અવાજ) હોય છે.

૨૨) તીર્થંકર પરમાત્મા દ્વારા ધર્મનો ઉપદેશ અર્ધમાગધી (મગધ દેશની માગધી (પ્રાકૃત) ભાષા અને દેવોની સંસ્કૃત ભાષાનું મિશ્રણ) ભાષામાં હોય છે.

૨૩) અર્ધમાગધી ભાષા દરેક આર્ય અને અનાર્ય મનુષ્યો, બે પગવાળા પક્ષીઓ, ચાર પગવાળા પશુઓ, પેટથી ચાલનારા સાપ વગેરે જીવો માટે હિતકારી, કલ્યાણકારી, સુખદ તેમજ દરેક જીવની ઇચ્છીત ભાષામાં પોતાની મેળે પરિવર્તિત થઇ જાય છે.

૨૪) પરસ્પર જીવો સાથે અગાઉ બંધાયેલા વેર, વેરયુકત મનુષ્યો, દેવો, અસુર, નાગ, સુપર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ અને મહોરગ દેવો પણ તીર્થંકર પરમાત્માના ચરણમાં પરસ્પર થયેલા વેરને ભૂલી શાંતચિત્તથી, આનંદથી તેમજ શુભભાવથી પ્રભુની વાણી સાંભળે છે.

વધુ... **જૈન વિજ્ઞાન-૮૮**

## જૈન વિજ્ઞાન-૮૮

### મનુષ્ય જીવ-૧૪ : ૩૪ અતિશય-૪

૨૫) પ્રભુની દેશના સાંભળવા અન્ય ધર્મના ગુરુઓ, વકતાઓ પણ પ્રભુને સાંભળી ભાવથી વંદના કરે છે.

૨૬) ભગવાન પાસે આવેલા અન્ય ધર્મના લોકો પ્રભુની વાણી (દેશના) સાંભળીને શંકારહિત બની નિરુત્તર બની જાય છે.

૨૭) જ્યાં જ્યાં તીર્થંકર પરમાત્મા વિહાર કરતાં હોય ત્યાં ત્યાં ૨૫ યોજન સુધી કોઇપણ જાતનો ભય ન હોય.

૨૮) મનુષ્યને મારનાર મહામારી (પ્લેગ, કોરોના વગેરે) ભયંકર બીમારી ન હોય.

૨૯) સ્વચક્ર - પોતાના રાજ્યની સેનાનો ભય ન હોય.

૩૦) પરચક્ર - શત્રુ સેનાનો ભય ન હોય.

૩૧) અતિવૃષ્ટિ - ભારે વરસાદ ન હોય.

૩૨) અનાવૃષ્ટિ ન હોય - ઓછો વરસાદ ન પડે (પ્રમાણસર વરસાદ પડે).

૩૩) દુર્ભિક્ષ - દુષ્કાળ ન પડે.

૩૪) તીર્થંકર પરમાત્માના વિહાર શરુ થાય તે પહેલાં થયેલી વ્યાધિ વગેરે ઉપદ્રવો પણ જલદી શાંત થઇ જાય છે.

તીર્થંકર નામ કર્મનો ઉદય કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે હોય છે માટે અતિશયનો સંબંધ કેવળજ્ઞાન પ્રગટ થાય પછી વધારે હોય છે. ૩૪ અતિશયમાંથી ૫ અતિશય તીર્થંકર પરમાત્માને જન્મથી જ હોય છે. ૧૫ અતિશય કેવળજ્ઞાન પ્રગટ થતાં જ શરુ થાય છે અને ૧૪ અતિશય દેવો દ્વારા તીર્થંકર પરમાત્માના સેવાના ભાવથી તેમજ પ્રભાવને વિસ્તારવા હર્ષોલ્લાસથી પ્રભાવના સ્વરુપે હોય છે.

## જૈન વિજ્ઞાન-૮૯

# મનુષ્ય જીવ - ૧૫ : તીર્થંકર પરમાત્માની વચન (વાણી)ના ગુણ - ૩૫

તીર્થંકર પરમાત્માની વાણી રાગ-દ્વેષ રહિત સત્ય વચનયુકત હોય છે. મુખ્યત્વે આપણી વાણીમાં સ્વાર્થના કારણે પોતાના જ હિતલક્ષી કાર્યોનો ઉદ્દેશ્ય હોવાથી વાણીનો દુરુપયોગ વધુ થાય, સંબંધોમાં કડવાશ ઉત્પન્ન થાય તેમજ જીવ પ્રતિ જીવ વેરની ભાવના વધે છે. નીત નવા કર્મ બંધ થતાં રહે છે. વાણીમાં મીઠાશ હોય, સર્વ જીવોના કલ્યાણની ભાવના હોય તો વાણીનો સદ્દુપયોગ શુભ કર્મ બાંધવામાં સહાયરુપ બને છે. અનંતપુણ્યના સ્વામી, તારક તીર્થંકર પ્રભુની વાણીમાં કેવા દિવ્ય ગુણો (૩૫-વચન અતિશય) અને વિશેષતા હોય છે તે જાણીએ...

૧) **સંસ્કારોપેતત્વ:** વચનોનું વ્યાકરણ સંસ્કાર યુકત હોય છે.

૨) **ઉદાત્તત્વ:** ઉચ્ચ સ્વરથી પરિપૂર્ણ હોય છે.

૩) **ઉપચારોપેતત્વ:** ગ્રામીણતાથી રહિત હોય, ગામઠી શબ્દ ન હોય.

૪) **ગંભીર શબ્દત્વ:** મેઘ સમાન ગંભીર શબ્દોથી યુકત હોય છે.

૫) **અનુનાદિત્વ:** પ્રતિધ્વનિ ઉપજાવનારાં વચન હોય છે.

૬) **દક્ષિણત્વ:** સરળતા યુકત વચન હોય છે.

૭) **ઉપનીત રાગત્વ:** યથા ઉચિત રાગ-માલકોશ વગેરે રાગ-રાગિણીથી યુકત હોય છે.

ઉપરોકત ક્રમ નં. ૧ થી ૭ વચન અતિશય શબ્દ સૌંદર્યની અપેક્ષાથી જાણવા જોઇએ.

૮) **મહાર્થત્વ:** મહાન અર્થવાળા વચન હોય છે.

૯) **અવ્યાહત પૂર્વાપરત્વ:** પૂર્વાપર અવિરોધી અર્થવાળા હોય છે.

વધુ... **જૈન વિજ્ઞાન-૯૦**

## જૈન વિજ્ઞાન-૯૦

## મનુષ્ય જીવ - ૧૬ : તીર્થંકર પરમાત્માની વચન (વાણી)ના ગુણ - ૩૫

૧૦) **શિષ્ટત્વ:** વકતાની શિષ્ટતાના સૂચક હોય છે.

૧૧) **અસંદિગ્ધત્વ:** સંદેહ રહિત નિશ્ચિત અર્થના પ્રતિપાદક હોય છે.

૧૨) **અપહ્યતાન્યોત્તરત્વ:** પરદત્ત દૂષિત આક્ષેપોના નિવારક વચન હોય છે.

૧૩) **હૃદયગ્રાહિત્વ:** શ્રોતા (સાંભળનાર)ના હૃદયગ્રાહી (મનોહર) વચન હોય છે.

૧૪) **દેશ કાલોચિતત્વ:** દેશ કાલને અનુકૂળ અવસર ઉચિત વચન હોય છે.

૧૫) **તત્ત્વાનુરુપત્વ:** વિવક્ષિત વસ્તુ સ્વરુપનાં અનુરૂપ વચન હોય છે.

૧૬) **અપ્રકીર્ણ પ્રસૃતત્વ:** નિરર્થક વિસ્તારથી રહિત સુસંબંધ વચન હોય છે.

૧૭) **અન્યોન્ય પ્રગૃહિત:** પરસ્પર અપેક્ષા રાખનાર પદો અને વાક્યોથી યુકત હોય છે.

૧૮) **અભિજાતત્વ:** વકતાની કુલીનતા અને શાલીનતાના સૂચક હોય છે.

૧૯) **અતિસ્નિગ્ધ મધુરત્વ:** અત્યંત સ્નેહથી ભરેલા મધુરતા (મીઠાશ) યુકત હોય છે.

૨૦) **અપરમર્મ વેધિત્વ:** બીજાના મર્મ ઉઘાડનાર વચન ન હોય.

૨૧) **અર્થધર્માભ્યાસોપેતત્વ:** અર્થ અને ધર્મના અભ્યાસથી યુકત હોય છે.

૨૨) **ઉદારત્વ:** તુચ્છતા રહિત અને ઉદારતા યુકત હોય છે.

૨૩) **પરનિન્દાત્મોત્કર્ષ વિપ્રમુકતત્વ:** બીજાની નિંદા અને પોતાની પ્રશંસા રહિત હોય છે.

વધુ... **જૈન વિજ્ઞાન-૯૧**

## જૈન વિજ્ઞાન-૯૧

## મનુષ્ય જીવ - ૧૭ : તીર્થંકર પરમાત્માની વચન (વાણી)ના ગુણ - ૩૫

૨૪) **ઉપગત શ્લાઘ્યત્વ:** જેને સાંભળીને લોકો પ્રશંસા કરે એવા વચન હોય છે.

૨૫) **અનપનીતત્વ:** કાલ, કારક, લિંગ, પ્રત્યય આદિ વ્યાકરણના દોષ રહિત હોય છે.

૨૬) **ઉત્પાદિતાછિન્ન કૌતુહલત્વ:** ઉપદેશના વિષયમાં શ્રોતાજનોને નિરંતર કુતૂહલ, જિજ્ઞાસા ઉત્પન્ન કરાવનાર હોય છે.

૨૭) **અદ્ભૂતત્વ:** આશ્ચર્યકારક અદ્ભૂત નવા નવા વચન પ્રયોગ હોય છે.

૨૮) **અનતિ વિલમ્બિતત્વ:** અતિ વિલંબ રહિત ધારા પ્રવાહથી બોલતા હોય છે.

૨૯) **વિભ્રમાદિ વિમુકત:** મનની ભ્રાંતિ, વિક્ષેપ-ચિત્તની ચંચળતા અને રોષ, ભય, અભિલાષા આદિ માનસિક દોષો રહિત હોય છે.

૩૦) **અનેક જાતિ સંશ્રયાદ્વિચિત્રત્વ:** અનેક પ્રકારે વર્ણનીય વસ્તુ સ્વરૂપનું વર્ણન કરનાર વિચિત્ર વચન હોય છે.

૩૧) **આહિત વિશેષત્વ:** સામાન્ય વચનોથી કંઇક વિશેષતા યુકત વચન હોય છે.

૩૨) **સાકારત્વ:** પૃથક્ પૃથક્ વર્ણ, પદ, વાક્ય વડે આકાર પ્રાપ્ત વચન હોય છે.

૩૩) **સત્ત્વ પરિગૃહિતત્વ:** સાહસથી પરિપૂર્ણ વચન હોય છે.

૩૪) **અપરિખેદિત્વ:** ખિન્નતાથી રહિત વચન હોય છે.

૩૫) **અવ્યુચ્છેદિત્વ:** વિવક્ષિત અર્થની સમ્યક્ સિદ્ધિ થવા સુધી અવિચ્છિન્ન પ્રવાહવાળા વચન હોય છે.

તીર્થંકર પરમાત્માના વચન અતિશય ક્રમ નં. ૮ થી ૩૫ ગૌરવની અપેક્ષા રાખે છે. આવા ગુણયુકત વચન સાંભળનારમાં પણ ગુણો જ ઉત્પન્ન કરનાર હોય છે તેમજ સાંભળનારનું હિત કરાવનાર હોય છે.

## જૈન વિજ્ઞાન-૯૨

# મનુષ્ય જીવ - ૧૮ : તીર્થંકર પરમાત્માના દેહની વિશેષતા-૧

તીર્થંકર પરમાત્મા સામાન્ય મનુષ્યથી અલગ વિશેષ ગુણધર્મથી મહામાનવ હોય છે. સ્વાભાવિક છે કે, પરમાત્માનું દેહ (શરીર) કેવું હશે ? પ્રભુના ૩૪ અતિશય (અલૌકિક શકિત) અને પ્રભુના ૩૫ વચન અતિશય (વાણીના ૩૫ ગુણ) વિશે વિસ્તૃત માહિતી મેળવી. હવે પરમાત્માની દેહ રચના વિશે જાણીએ...

૧) **દેહ પ્રમાણ :** તીર્થંકર પરમાત્માનું દેહ પ્રમાણ ઓછામાં ઓછું ૭ હાથ અને વધુમાં વધુ ૫૦૦ ધનુષ્યનું હોય છે. આ ગણતરી અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળ પ્રમાણે જ ગણવી. અવસર્પિણી કાળમાં જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસીમાં પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાનની ૫૦૦ ધનુષ્યની કાયા અને અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની કાયા ૭ હાથની હતી.

૨) **દેહનું બંધારણ:** સમચતુરસ્ર સંસ્થાન એટલે પદ્માસન મુદ્રામાં બેઠેલા પરમાત્માને જમણા ઘૂંટણથી ડાબા ખભાનો માપ, ડાબા ઘૂંટણથી જમણા ખભાનો માપ અને પદ્માસને બિરાજમાન પરમાત્માની પગની ચોકડીથી માથાની શિખા સુધીનો માપ એક સરખો જ આવે છે.

૩) **વજ્રઋષભનારાચ સંઘયણ:** હાડકાંનું બંધારણ કુલ ૬ પ્રકારના હોય છે (આગળ આ વિષયે વિસ્તૃત જાણકારી આવશે) . તેમાં પ્રથમ ક્રમાંકે, સૌથી ઉચ્ચ કોટિનું હાડકાનું બંધારણ હોય છે. હાથ-પગને ખેંચવાથી હાડકાનું બંધારણ સરકે નહીં (વ્યવહારિક ભાષામાં આપણે કહીએ હાથ ઉતરી ગયો છે !). મનુષ્ય ઉપરથી નીચે પડે તો પણ હાડકું તુટે નહીં (હાથમાં ફ્રેકચર ન થાય). વજ્રઋષભનારાચ સંસ્થાન વાળા જીવ જ મોક્ષમાં જવાની યોગ્યતા ધરાવે છે અન્ય કોઇ સંસ્થાન વાળા નહીં !

વધુ... **જૈન વિજ્ઞાન-૯૩**

## જૈન વિજ્ઞાન-૯૩

## મનુષ્ય જીવ - ૧૯ : તીર્થંકર પરમાત્માના દેહની વિશેષતા-૨

૪) **વાયુઃ** શરીરના અંદરનો વાયુ અનુકૂળ હોય છે. તેમના શરીરમાં ક્યારેય વાયુપ્રકોપ થતો જ નથી.

૫) **ગુદાશયઃ** કંકપક્ષી જેવું નિર્લેપ હોય છે. ગુદાશય એટલે મળદ્વાર. કંકપક્ષીની વિશેષતા હોય છે, મળ વિસર્જન કર્યા પછી તેના શરીર ઉપર કોઇ જાતના મળના ડાઘ રહેતા નથી.

૬) **જઠરાગ્નિઃ** કબૂતર જેવી આંત-પ્રાંત આહારને પચાવી શકે તેવી હોય છે. મનુષ્યનું જઠર નબળું હોય છે, તે દરેક આહારને ન પચાવી શકે, પરંતું તીર્થંકર પરમાત્માનું જઠર (પેટ ભાગે પાચનનું અવયવ) પેટમાં ગયેલા દરેક આહારને સરળતાથી પચાવી શકે છે.

૭) **પોષ-પૃષ્ટંત અને જાંઘઃ** પક્ષીની જેમ નિર્લેપ (લેપ વગરના) રહેતા હોય છે.

૮) **મુખઃ** મુખ એટલે મોઢું, પદ્મકમળ અને પદ્મનાભ નામના સુગંધિત દ્રવ્ય જેવા ઉચ્છવાસ વાયુથી સુગંધિત હોય છે.

૯) **ત્વચાઃ** ત્વચા એટલે ચામડી, કાંતિયુકત હોય છે. નવયુવાન કિશોરની જેવી ત્વચા હોય તેમજ તેમની ત્વચા આજીવન (સદાય કરચલી, લબડેલી અને ઢીલાશ વગરની) હોય છે.

૧૦) **માંસઃ** શરીરમાં માંસ રોગમુકત, શરીરગત, સર્વોત્તમ ગુણયુકત, અત્યંત સફેદ અને અનુપમ હોય છે.

૧૧) **શરીરઃ** પરસેવો, શરીર ઉપર જામેલા સુકો કે ભીનો મેલ, મસા, તલ વગેરે કલંક, રજ, ધૂળ વગેરે દોષથી રહિત હોય છે.

વધુ... **જૈન વિજ્ઞાન-૯૪**

## જૈન વિજ્ઞાન-૯૪

## મનુષ્ય જીવ - ૨૦ : તીર્થંકર પરમાત્માના દેહની વિશેષતા-૩

૧૨) **અંગોપાંગ :** અંગ ઉપાંગ નયનરમ્ય, કાંતિયુકત હોય છે.

૧૩) **મસ્તક:** મસ્તક અતિ નિબિડ એટલે તોલદાર, પ્રગટ શુભ લક્ષણ સંપન્ન, પર્વતના શિખરની જેમ ઉન્નત અને નિર્માણ નામ કર્મના ઉદયથી સુરચિત અને સુંદર હોય છે.

૧૪) **વાળ:** સેમર વૃક્ષના ફૂલની અંદરના રૂ (કપાસ) જેવા કોમળ, નિર્મળ, પ્રશસ્ત, અત્યંત પાતળા, સુલક્ષણા, સુગંધી, સુંદર, ભુજમોચક નામના રત્નવિશેષની જેમ, ભ્રમર, નીલગુલિકા અને કાજળ જેવા કાળા, ભ્રમર પંકિત જેવા કાંતિયુકત, પરસ્પર સંશ્લિષ્ટ, સઘન, વાંકા કાનના કુંડલ જેવા ગોળાકારે વળેલા, દક્ષિણ આવર્ત ઘુઘરાળા હોય છે.

૧૫) **માથા (મસ્તક)ની ત્વચા:** દાડમના ફુલ જેવી લાલ, અગ્નિથી તપાવેલા સોના જેવી નિર્મળ અને સ્નિગ્ધ હતી.

૧૬) **મસ્તક:** છત્ર જેવું ગોળાકાર હોય છે.

૧૭) **લલાટ (કપાળ):** વ્રણ (ઘાવ)ના ચિન્હ વગરનું, સમાંતર, સુંદર, આઠમના ચંદ્ર (અડધો ગોળાકાર) જેવું હોય છે.

૧૮) **મુખ (મોઢું):** પૂર્ણ ચંદ્ર જેવું સૌમ્ય હોય છે.

૧૯) **કાન:** સમુચિત (બરાબર) પ્રમાણોપેત (સપ્રમાણ) હોય છે.

૨૦) **ગાલ:** માંસલ અને ભરાવદાર હોય છે.

૨૧) **ભ્રમરો:** નમાવેલા ધનુષ્યની જેમ મનોહર, કાળા વાદળ જેવી કાળી, પાતળી અને સ્નિગ્ધ (સુંવાળી) હોય છે.

૨૨) **આંખો:** ખીલેલા સફેદ કમળની જેમ વિકસિત - વિશાળ હોય છે.

વધુ... **જૈન વિજ્ઞાન-૯૫**

## જૈન વિજ્ઞાન-૯૫

## મનુષ્ય જીવ - ૨૧ : તીર્થંકર પરમાત્માના દેહની વિશેષતા-૪

૨૩) **પાંપણો:** વિકસિત, સ્વચ્છ તેમજ સુંદર હોય છે.

૨૪) **નાક:** ગરુડ પક્ષીની ચાંચ જેવું લાંબુ, સરળ અને ઉન્નત હોય છે.

૨૫) **અધરોષ્ઠ:** અધરોષ્ઠ એટલે ઉપરના હોઠ. સંસ્કાર સંપન્ન પરવાળા તથા ચણોઠી જેવા લાલ હોય છે.

૨૬) **દાંતની શ્રેણી:** સફેદ ચંદ્ર જેવી વિમલ, શંખ, ગાયનું દૂધ, ફીણ, કુંદપુષ્પ, જલકણ, કમલતંતુ જેવી સફેદ, અખંડિત, તૂટ્યા વિનાની, પોલાણ વગરના, સ્નિગ્ધ, સુંદર, જુદા-જુદા દાંત હોવા છતાં પરસ્પર સંબંધિત હોવાથી એક હરોળ જેવા દેખાય છે.

૨૭) **તાળવું અને જીભ:** અગ્નિમાં તપાવેલા અને પાણીમાં ધોયેલા સુવર્ણ જેવા અત્યંત લાલ હોય છે.

૨૮) **દાઢી અને મૂછના વાળ:** વધે નહીં તેવા, સુવિભકત (સારી રીતે છૂટા પડેલા) અને અતિરમ્ય હોય છે.

૨૯) **દાઢી:** માંસલ, સુંદર, પ્રશસ્ત (ઉત્તમ) સિંહ જેવી સુંદર હોય છે.

૩૦) **ગરદન (ડોક):** ચાર અંગુલ પ્રમાણ (માપ) અને શ્રેષ્ઠ શંખની જેમ ત્રિવલીયુકત (ત્રણ રેખાયુકત) હોય છે.

૩૧) **સ્કંધ:** સ્કંધ એટલે ખભો, કાંધ. શ્રેષ્ઠ ભેંસ (મહિષ), વરાહ, સિંહ, વાઘ, બળદ અને શ્રેષ્ઠ હાથીના સ્કંધની જેમ વિશાળ હોય છે.

૩૨) **ભુજાઓ:** ભુજાઓ એટલે સંપૂર્ણ હાથ. ગાડાના ધૂંસર જેવી પુષ્ટ, મનોહર, સ્થૂલ, પુષ્ટ કાંડાયુકત, સુંદર આકૃતિવાળી, વિશિષ્ટ, ભરાવદાર, મજબૂત સ્નાયુઓથી સુસંબદ્ધ સંધિઓવાળી તથા નગરના ભોગળ જેવી ગોળાકાર હોય છે. વધુ... **જૈન વિજ્ઞાન-૯૬**

## જૈન વિજ્ઞાન-૯૬

## મનુષ્ય જીવ - ૨૨ : તીર્થંકર પરમાત્માના દેહની વિશેષતા-૫

૩૩) **બાહુ:** બાહુ એટલે હાથ. ઈચ્છિત વસ્તુ લેવા માટે ફેલાવેલા સર્પરાજના શરીર જેવા દીર્ઘ (લાંબા) હોય છે.

૩૪) **હથેળી:** લાલ હાથેળીવાળા, પાછળના ભાગમાં ઉન્નત, કોમળ, માંસલ, શુભ અને પ્રશસ્ત લક્ષણયુકત, છિદ્ર વગરના હોય છે. ચંદ્રરેખા, સૂર્યરેખા, શંખરેખા, ચક્રરેખા, દક્ષિણાવર્ત સ્વસ્તિક રેખા આ રીતે સૂર્ય, ચંદ્ર, શંખ, ચક્ર અને સ્વસ્તિકની રેખાઓથી ચિન્હિત તથા સુશોભિત હોય છે.

૩૫) **આંગળીઓ:** પુષ્ટ, કોમળ અને સુંદર હોય છે.

૩૬) **નખો:** કંઇક લાલ, પાતળા, શુદ્ધ, સુંદર અને સ્નિગ્ધ હોય છે.

૩૭) **વક્ષ:સ્થળ:** કનક શિલા સમાન દેદિપ્યમાન, શુભ લક્ષણયુકત, સમ, પુષ્ટ, અત્યંત વિશાળ તેમજ પહોળું, શ્રીવત્સના ચિન્હયુકત હોય છે.

૩૮) **શરીર:** અદ્રશ્યમાન એટલે કરોડરજ્જુના મણકાઓ ન દેખાય તેવું, સુવર્ણ જેવું નિર્મળ, રોગ આદિના પીડા રહિત હોય છે. ભગવાન ઉત્તમ પુરુષોને યોગ્ય પરિપૂર્ણ ૧૦૦૮ ઉત્તમ લક્ષણોના ધારક હોય છે.

૩૯) **પડખાનો ભાગ:** ક્રમથી નમેલા, સુંદર, શોભનીય, મર્યાદિત, પુષ્ટ, રમ્ય હોય છે.

૪૦) **રોમરાજી:** એક સમાન, પરસ્પર મળેલી, ઉત્તમ, પાતળી, કાળી, સ્નિગ્ધ, મનભાવની, સુંવાળી અને રમણીય હોય છે.

વધુ... **જૈન વિજ્ઞાન-૯૭**

## જૈન વિજ્ઞાન-૯૭

## મનુષ્ય જીવ - ૨૩ : તીર્થંકર પરમાત્માના દેહની વિશેષતા-૬

૪૧) **કુક્ષી:** મત્સ્ય (માછલી) તથા પક્ષી જેવી સુંદર હોય છે.

૪૨) **પેટ:** પુષ્ટ અને મત્સ્યના જેવું હોય છે.

૪૩) **ઇન્દ્રિયો:** નિર્લેપ અને પવિત્ર હોય છે. (સામાન્ય રીતે નાક, કાન, આંખ વગેરે ઇન્દ્રિયોમાંથી ગંદા પદાર્થો નીકળતા હોય છે. પરંતુ ભગવાનના અતિશયના પ્રભાવે નિર્લેપ અને પવિત્ર હોય છે.)

૪૪) **નાભિ:** પદ્મકોશ જેવી ગંભીર, ગંગાવર્તના દક્ષિણાવર્ત તરંગની જેમ ચક્રાકાર, ગોળ, પ્રાતઃકાળ (વહેલી પરોઢ)ના સૂર્ય કિરણોથી વિકસિત કમળની જેમ ગંભીર અને વિશાળ હોય છે.

૪૫) **કટિપ્રદેશ:** ત્રિપાઇના મધ્યભાગ, મૂશળનો મધ્યભાગ, દર્પણદંડના મધ્યભાગ જેવો તથા ચળકતા સોનાના ખડગ, મુઠ્ઠીના મધ્યભાગ અને વજ્રના મધ્યભાગ જેવો પાતળો હોય છે. રોગ વગરનો હોવાથી પ્રશસ્ત, શ્રેષ્ઠ ઘોડા અને સિંહ જેવો ગોળ હોય છે.

૪૬) **ગુપ્તપ્રદેશ:** જાતિવાન ઘોડાની જેમ નિરૂપલેપ હોય છે.

૪૭) **પરાક્રમ:** ઉત્તમ હાથી જેવું હોય છે.

૪૮) **ગતિ:** હાથી જેવી મનોહર હોય છે.

૪૯) **સાથળ:** હાથીના સૂંઢ જેવી હોય છે.

૫૦) **ઘૂંટણ:** ગુપ્ત ઢાકણાંવાળા ડબ્બા જેવા તથા ગૂઢ-અંતર રહિત સુંદર હોય છે.

વધુ... **જૈન વિજ્ઞાન-૯૮**

## જૈન વિજ્ઞાન-૯૮

## મનુષ્ય જીવ - ૨૪ : તીર્થંકર પરમાત્માના દેહની વિશેષતા-૭

૫૧) **બન્ને જંઘાઓ:** હરણીની જંઘા, કુરુવિંદ નામનું તૃણ (ઘાસ) વિશેષ, દોરીના વળ સમાન ગોળ, પાતળી, ઉપરથી જાડી અને નીચેથી ક્રમશઃ પાતળી હોય છે.

૫૨) **ઘૂંટીઓ:** શોભાયમાન, માંસલ, પુષ્ટ અને ગૂઢ હોય છે.

૫૩) **ચરણો:** સંકોચાઇને બેઠેલા કાચબા જેવા સુંદર હોય છે.

૫૪) **પગની આંગળીઓ:** અનુક્રમથી નાની મોટી, ઉચિત આકારની, જુદી-જુદી હોવા છતાં પરસ્પર જોડાયેલી હોય છે.

૫૫) **પગની આંગળીના નખ:** ઉન્નત, પાતળા, લાલ અને સ્નિગ્ધ હોય છે.

૫૬) **ચરણોના તળીયા:** રકત કમળના પાન જેવા અત્યંત કોમળ અને સુંદર હોય છે. બન્ને ચરણો પર્વત, નગર, સાગર, ચક્ર વગેરે શુભ ચિન્હો, સ્વસ્તિક વગેરે મંગલ ચિન્હોથી સુશોભિત હોય છે.

૫૭) **તેજ:** તીર્થંકર પરમાત્માનું તેજ વિશિષ્ટ હોય છે.

૫૮) **રૂપ:** અસાધારણ હોય છે તેમજ નિર્ધૂમ પ્રગટેલી અગ્નિ, વારંવાર ચમકતી વીજળી તથા મધ્યાન સમયના સૂર્યના કિરણોની જેમ તેજસ્વી હોય છે.

## જૈન વિજ્ઞાન-૯૯

# મનુષ્ય જીવ-૨૫ : તીર્થંકર પરમાત્મા (નામ)

દરેક કાળચક્રના ઉત્સર્પિણી કાળ અને  અવસર્પિણી કાળે જંબુદ્વીપ માં એક ભરતક્ષેત્ર (૧ X ૨૪ તીર્થંકર) અને એક ઐરાવતક્ષેત્ર (૧ X ૨૪ તીર્થંકર), ઘાતકીખંડ માં બે ભરતક્ષેત્ર (૨ X ૨૪ તીર્થંકર) અને બે ઐરાવતક્ષેત્ર (૨ X ૨૪ તીર્થંકર) અને અર્ધ પુષ્કરદ્વીપ માં બે ભરતક્ષેત્ર (૨ X ૨૪ તીર્થંકર) અને બે ઐરાવતક્ષેત્ર (૨ X ૨૪ તીર્થંકર) એકંદરે અઢીદ્વીપમાં અવસર્પિણી કાળમાં ૫-ભરતક્ષેત્રના કુલ ૧૨૦ તીર્થંકર પરમાત્મા અને ૫-ઐરાવતક્ષેત્રના કુલ ૧૨૦ તીર્થંકર તે જ પ્રમાણે ઉત્સર્પિણી કાળમાં આજ સંખ્યામાં તીર્થંકર પરમાત્મા નિશ્ચિત હોય છે.

આપણે જે ક્ષેત્રમાં રહીએ છીએ તે ક્ષેત્ર જંબુદ્વીપના ભરતક્ષેત્ર માં અવસર્પિણી કાળમાં એટલે વર્તમાન સમયે થયેલા ૨૪ તીર્થંકર પરમાત્માના નામ, માતા-પિતા, પૂર્વભવનું નામ, દિક્ષા શિબિકા (પાલખી), સાથે દીક્ષિત થનાર, પ્રથમ ભિક્ષા દાતા, ભિક્ષામાં પ્રાપ્ત ગોચરી, વસુધારા (સોનૈયા) ની વૃષ્ટિ, દીક્ષા વખતે તપ, ચૈત્યવૃક્ષ, ચૈત્યવૃક્ષની ઉંચાઇ, પ્રથમ શિષ્ય અને શિષ્યા વિશે વિસ્તારથી જાણીએ.

૧) શ્રી ઋષભદેવ (આદિનાથ દાદા)

૨) શ્રી અજિતનાથ

૩) શ્રી સંભવનાથ

૪) શ્રી અભિનંદન સ્વામી

૫) શ્રી સુમતિનાથ

૬) શ્રી પદ્મપ્રભ સ્વામી

૭) શ્રી સુપાર્શ્વનાથ

૮) શ્રી ચંદ્રપ્રભ સ્વામી

૯) શ્રી સુવિધિનાથ (પુષ્પદંત)

૧૦) શ્રી શીતલનાથ

૧૧) શ્રી શ્રેયાંસનાથ

૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી

૧૩) શ્રી વિમલનાથ

૧૪) શ્રી અનંતનાથ

૧૫) શ્રી ધર્મનાથ

૧૬) શ્રી શાંતિનાથ

૧૭) શ્રી કુંથુનાથ

૧૮) શ્રી અરનાથ

૧૯) શ્રી મલ્લીનાથ

૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી

૨૧) શ્રી નમિનાથ

૨૨) શ્રી નેમિનાથ (નેમનાથ)

૨૩) શ્રી પાર્શ્વનાથ

૨૪) શ્રી મહાવીરસ્વામી (વર્ધમાન)

## જૈન વિજ્ઞાન-૧૦૦

## મનુષ્ય જીવ-૨૬ : તીર્થંકર પરમાત્માના માતા-પિતા

તીર્થંકર પરમાત્માના માતા-પિતા પણ અનંત પુણ્યના સ્વામી હોય છે. મહાન ઐશ્વર્યના સ્વામી હોય છે. પિતાશ્રી ઉચ્ચકુળ, ઉચ્ચ વિશુદ્ધ વંશવાળા અને ઉત્તમ ગુણોથી યુકત હોય છે. માતા ઉચ્ચ જાતિ ધરાવે છે. અતિ સંસ્કારી, અતિ ગુણવાળી હોય છે. પિતાજી નરેન્દ્ર (મહાન રાજાઓમાં પણ શ્રેષ્ઠ અને સર્વોપરી રાજા અને પ્રજાઓમાં અતિ પ્રિય, નરોમાં ઇન્દ્ર સમાન) હોય છે. લોકમાં શ્રેષ્ઠ માતા અને શ્રેષ્ઠ પિતાની ગણના પામે છે. તીર્થંકરના માતા-પિતા લગભગ આયુષ્ય પૂર્ણ કરી મોક્ષે જાય છે પરંતુ જો ભોગાવલી કર્મ બાકી હોય તો દેવગતિ તો અચૂક જ પામે છે.

**તીર્થંકર પરમાત્માનું નામ : પિતા - માતાનું નામ**

| | | |
|---|---|---|
| ૧) | શ્રી ઋષભદેવ (આદિનાથ દાદા) | : નાભિરાય - મરુદેવી |
| ૨) | શ્રી અજિતનાથ | : જિતશત્રુ - વિજયાદેવી |
| ૩) | શ્રી સંભવનાથ | : જિતારિ - સેનાદેવી |
| ૪) | શ્રી અભિનંદન સ્વામી | : સંવર - સિદ્ધાર્થાદેવી |
| ૫) | શ્રી સુમતિનાથ | : મેઘ - મંગલાદેવી |
| ૬) | શ્રી પદ્મપ્રભ સ્વામી | : ધર - સુસીમાદેવી |
| ૭) | શ્રી સુપાર્શ્વનાથ | : પ્રતિષ્ઠ - પૃથ્વીદેવી |
| ૮) | શ્રી ચંદ્રપ્રભ સ્વામી | : મહાસેન - લક્ષ્મણાદેવી |
| ૯) | શ્રી સુવિધિનાથ (પુષ્પદંત) | : સુગ્રીવ - રામાદેવી |
| ૧૦) | શ્રી શીતલનાથ | : દ્રઢરથ - નંદાદેવી |
| ૧૧) | શ્રી શ્રેયાંસનાથ | : વિષ્ણુ - વિષ્ણુદેવી |
| ૧૨) | શ્રી વાસુપૂજ્ય સ્વામી | : વસુપૂજ્ય - જયાદેવી |

| | | |
|---|---|---|
| ૧૩) | શ્રી વિમલનાથ | : કૃતવર્મા - શ્યામાદેવી |
| ૧૪) | શ્રી અનંતનાથ | : સિંહસેન - સુયશાદેવી |
| ૧૫) | શ્રી ધર્મનાથ | : ભાનુ - સુવ્રતાદેવી |
| ૧૬) | શ્રી શાંતિનાથ | : વિશ્વસેન - અચિરાદેવી |
| ૧૭) | શ્રી કુંથુનાથ | : સૂરસેન - શ્રીદેવી |
| ૧૮) | શ્રી અરનાથ | : સુદર્શન - દેવી |
| ૧૯) | શ્રી મલ્લીનાથ | : કુંભરાજ - પ્રભાવતીદેવી |
| ૨૦) | શ્રી મુનિસુવ્રતસ્વામી | : સુમિત્ર - પદ્માદેવી |
| ૨૧) | શ્રી નમિનાથ | : વિજય - વપ્રાદેવી |
| ૨૨) | શ્રી નેમિનાથ (નેમનાથ) | : સમુદ્રવિજય - શિવાદેવી |
| ૨૩) | શ્રી પાર્શ્વનાથ | : અશ્વસેન - વામાદેવી |
| ૨૪) | શ્રી મહાવીરસ્વામી (વર્ધમાન) | : સિદ્ધાર્થ - ત્રિશલાદેવી |

**જૈન વિજ્ઞાન, 'જૈનમ્ જયતિ શાસનમ્' વોટસએપ ગ્રુપ** મારફતે દૈનિક પ્રસિદ્ધ થાય છે. આ પુસ્તકમાં જૈન વિજ્ઞાન ક્રમાંક ૧ થી ૧૦૦ સુધીના લેખો **ભાગ-૧**માં રજૂ કરવામાં આવેલ છે. લેખ ક્રમાંક ૧૦૧થી આગળના લેખો **ભાગ-૨**માં રજૂ કરવામાં આવશે તેની નોંધ લેવા નમ્ર વિનંતિ.







જે દેવનિર્મિત સમવસરણે બેસી દેતા દેશના,
વાણી અમીય સમાણી સુણતા, તૃપ્તિ કદીએ થાય ના,
ચોત્રીશ અતિશય શોભતા, પાંત્રીસ ગુણ વાણીતણા,
અરિહંતના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...
જે રજત સોનાને અનુપમ, રત્નના ત્રણ ગઢ મહીં, સુવર્ણના નવપદ્મમાં,
પદકમળને સ્થાપન કરી;
ચારે દિશા મુખ ચાર ચાર, સિંહાસન જે શોભતા, અરિહંતના શુભ ચરણમાં,

**કરું ભાવથી હું વંદના...**